દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 15 ■ વિક્રમ સંવત ૨૦૮૨
પૌષ વદ- ૧૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 17 January 2026, Saturday ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
શનિવાર, ૧૭ જાન્યુઆરી ૨૦૨૬, (૧૧ પાનાં ) કિંમત ₹ ૧૦.૦૦ વીકએન્ડ પૂર્તિ LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# બીએમસી પર ત્રણ દાયકાના ઠાકરે-સામ્રાજ્યનો અંતઃ ભાજપ એકલે હાથે બહુમતી મેળવી ન શક્યોઃ ઉદ્ધવ-સેનાની જબરજસ્ત લડત




## ૨૯માંથી ૨૪ પાલિકામાં મહાયુતિ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ એશિયાની સૌથી શ્રીમંત મહાનગરપાલિકા મુંબઈ ઉપરાંત પુણે, નાગપુર, પિંપરી-ચિંચવડ, જળગાંવ, નાશિક સહિત રાજ્યની ૨૯માંથી ૨૪માં ભાજપના નેતૃત્વ હેઠળની મહાયુતિએ વિજય હાંસલ કર્યો હોવા છતાં વિદર્ભના ચંદ્રપુર, લાતુર અને મરાઠવાડાના પરભણી, પશ્ચિમ મહારાષ્ટ્રના કોલ્હાપુર અને એમએમઆરના વસઈ-વિરાર મહાનગરપાલિકામાં ભાજપ પૂરા પ્રયાસો છતાં સત્તા હાંસલ કરવામાં નિષ્ફળ ગઈ હતી. વસઈ-વિરારમાં (જુઓ પાનું ૨) ▶▶

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ એશિયાની સૌથી શ્રીમંત કહેવાતી મુંબઈ મહાનગરપાલિકાની તિજોરીની ચાવી આખરે ભાજપના હાથમાં આવી ગઈ છે. ૨૦૧૭ બાદ યોજાયેલી મુંબઈ મહાનગરપાલિકાની ૨૨૭ બેઠકો માટે થયેલી ચૂંટણીના શુક્રવારે જાહેર થયેલા પરિણામમાં ભવ્ય વિજય મેળવ્યો હતો. મોડે સુધી ચાલેલી મતગણતરીમાં ભાજપ એકમાત્ર સૌથી મોટા પક્ષ તરીકે ઊભરી આવ્યો હતો . મુંબઈ મહાનગરપાલિકામાં સતત ૨૫ વર્ષ સુધી શાસન કરનારા કરનારા ઠાકરે પરિવારના હાથમાંથી પાલિકાની સત્તા ઝૂંટવી લેવામાં ભાજપને સફળતા મળી છે. મુંબઈમાં ભાજપ-શિંદે સેનાને બહુમતી મળતા પાલિકામાં મહાયુતિનો મેયર બેસે એવી શક્યતા છે.

રાજ્યના ચૂંટણી પંચે મોડી રાત સુધીમાં કુલ ૨૨૭માંથી ૨૦૪ બેઠકનાં પરિણામો સત્તાવાર રીતે જાહેર કર્યા હતાં, જેમાં (જુઓ પાનું ૨) ▶▶

## “ થેન્ક યુ મહારાષ્ટ્ર

રાજ્યની ડાયનેમિક પ્રજાએ જનતાલક્ષી સુશાસનના એનડીએના એજન્ડાને આશીર્વાદ આપ્યો છે. વિવિધ પાલિકાની ચૂંટણીનાં પરિણામો એનડીએના મહારાષ્ટ્રની જનતા સાથેના બંધનનો પુરાવો છે. અમારા ટ્રેક રેકોર્ડ અને વિકાસ માટેના વિઝને અમને પ્રજા સાથે એકતાંતણે બાંધ્યા છે. આ ચૂંટણી વિકાસને વધુ વેગ આપશે. રાજ્યની ભવ્ય સંસ્કૃતિની ઉજવણી કરો. રાજ્યભરમાં લોકોમાં અથાક કામ કરનાર એનડીએના પ્રત્યેક કાર્યકર્તા પર મને ગર્વ છે.

**– વડા પ્રધાન નરેન્દ્ર મોદી**

| | | |
|---|---|---|
| **૨,૮૬૯** | **૨,૭૮૪** | **૧,૩૭૨** |
| મહારાષ્ટ્રમાં ૨૯ પાલિકામાં કુલ આટલી બેઠક પર ચૂંટણી થયેલી | ગઈ કાલે મોડી રાત સુધી આટલી બેઠકનાં પરિણામ જાહેર થયાં | આટલી બેઠક ભાજપ જીત્યું |

## ટ્રમ્પને મળી ગયો શાંતિનો નોબેલ પુરસ્કાર

### હા, સાચું વાંચ્યું તમે : વેનેઝુએલાનાં વિપક્ષી નેતા મચાડાએ પોતાનું પ્રાઈઝ ટ્રમ્પને ભેટ કર્યું

વોશિંગ્ટનઃ વેનેઝુએલાનાં વિપક્ષી નેતા મારિયા કોરિના મચાડોએ જણાવ્યું હતું કે તેમણે ગુરુવારે વાઇટ હાઉસ ખાતે પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પને પોતાનો નોબેલ શાંતિ પુરસ્કાર મેડલ અર્પણ કર્યો હતો. નોબેલ સંસ્થાએ કહ્યું છે કે મચાડો ટ્રમ્પને પોતાનો પુરસ્કાર આપી ન શકે, જે એક સન્માન છે જેની ટ્રમ્પ ઈચ્છા રાખતા હતા. ભલે આ સંકેત સંપૂર્ણપણે પ્રતીકાત્મક સાબિત થાય, તે અસાધારણ હતું કારણ કે ટ્રમ્પે અસરકારક રીતે માચાડોને બાજુ પર રાખ્યા છે, જે લાંબા સમયથી વેનેઝુએલામાં પ્રતિકારનો ચહેરો રહ્યા છે. ટ્રમ્પે કાર્યકારી રાષ્ટ્રપતિ ડેલ્સી રોડ્રિગ્ઝ સાથે કામ કરવાની તેમની ઇચ્છાનો સંકેત આપ્યો છે, જે માદુરોના બીજા ક્રમના નેતા હતા.

મચાડોએ વાઇટ હાઉસ છોડ્યા પછી અને કેપિટલ હિલ તરફ પ્રયાણ કરતી વખતે પત્રકારોને જણાવ્યું હતું કે “મેં યુનાઇટેડ સ્ટેટ્સના પ્રમુખને, નોબેલ શાંતિ પુરસ્કારનો મેડલ અર્પણ કર્યો.”

તેમણે કહ્યું કે મેં “અમારી સ્વતંત્રતા પ્રત્યેની તેમની અનોખી પ્રતિબદ્ધતા તરીકે” આમ કર્યું છે. ■

## કરિશ્મા પાસે છૂટાછેડાના દસ્તાવેજો મગાયા

નવી દિલ્હીઃ ઉદ્યોગપતિ સંજય કપૂરનું અવસાન થયું હતું અને સંજય કપૂરના અવસાન બાદ તેની સંપત્તિની વહેંચણીને લઈને વિવાદ ઊભો થયો છે. કરિશ્મા કપૂરે પોતાના સંતાનો સમાયરા અને ક્રિયાન વતી દિલ્હી હાઈ કોર્ટમાં અરજી દાખલ કરીને સંજય કપૂરની વિધવા પત્ની પ્રિયા સચદેવ પર વસિયત છૂપાવી રાખવાના આક્ષેપો કર્યા હતા. આ કેસમાં હવે એક મોટો વળાંક આવ્યો છે, સુપ્રીમ કોર્ટે કરિશ્મા કપૂર પાસે તેના સંજય કપૂર સાથેના છૂટાછેડાના દસ્તાવેજોની માગણી કરી છે.

સંપત્તિના વિતરણના કેસને લઈને સંજય કપૂરની વિધવા પત્ની પ્રિયા સચદેવા (કપૂર) હવે સુપ્રીમ કોર્ટના દ્વારા ખખડાવ્યા છે. પ્રિયા સચદેવાએ કરિશ્મા કપૂર અને સંજય કપૂરના થયેલા છૂટાછેડાની કાર્યવાહીના ગુપ્ત દસ્તાવેજોની માગણી કરી છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ પ્રિયા કપૂરે સુપ્રીમ કોર્ટમાં અરજી કરીને ૨૦૧૬માં થયેલા કરિશ્મા કપૂર અને સંજય કપૂરના છૂટાછેડાની કાર્યવાહીના તમામ દસ્તાવેજોની સર્ટિફાઈડ કોપી માગી છે. પ્રિયા સચદેવા (કપૂર)ની આ અરજી પર જસ્ટિસ એ.એસ. ચંદુરકરની અધ્યક્ષતાવાળી ખંડપીઠ સુનાવણી કરશે. ■

## શિકારીનો શિકારઃ રાંચીમાં ઈડીની ઑફિસ પર પોલીસના દરોડા

રાંચીઃ ઝારખંડમાં દરોડા પાડનાર ઇડી(એન્ફોર્સમેન્ટ ડિરક્ટરેટ)ના કાર્યાલય પર પોલીસનો દરોડો પડ્યો હતો. ઝારખંડ પોલીસે રાંચીમાં કેન્દ્રીય તપાસ એજન્સીની ઝોનલ ઓફિસ પર દરોડા પાડતા ખળભળાટ મચી ગયો હતો.

સમાચાર એજન્સીના અહેવાલ અનુસાર પોલીસે કથિત હુમલાની તપાસના સંદર્ભમાં ઇડી કાર્યાલયમાંથી સીસીટીવી ફૂટેજ એકત્રિત કર્યા હતા. તપાસ એજન્સીએ દરોડાની કાર્યવાહી સામે ઝારખંડ હાઇકોર્ટમાં અરજી કરી હતી. કોર્ટે ઝારખંડ સરકારના કર્મચારી દ્વારા દાખલ કરાયેલા આ કેસમાં ઇડીની તપાસ પર સ્ટે મૂકી દીધો છે.

એજન્સીના અહેવાલ મુજબ પીવાના પાણી અને સ્વચ્છતા વિભાગના ભૂતપૂર્વ કર્મચારી સંતોષ કુમારે ૧૨ જાન્યુઆરીના રોજ પોલીસ ફરિયાદ નોંધાવ્યા બાદ પોલીસ સવારે ઇડી કાર્યાલયે પહોંચી હતી. સંતોષ કુમારે આરોપ લગાવ્યો હતો કે કથિત પાણી પુરવઠા કૌભાંડના સંદર્ભમાં પૂછપરછ દરમિયાન ઇડી અધિકારીઓએ તેમના પર હુમલો કર્યો હતો.

સૂત્રો અનુસાર આ ટીમમાં એક ડીએસપી રેન્કના અધિકારી અને એરપોર્ટ પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જનો સમાવેશ થતો હતો. રાંચી પોલીસના એક અધિકારીએ જણાવ્યું કે હુમલાના આરોપોને પગલે તેઓ ઇડી ઓફિસના સીસીટીવી ફૂટેજની તપાસ કરી રહ્યા છે. ઝારખંડની આ ઘટના પશ્ચિમ બંગાળ પોલીસ અને ઇડી અધિકારીઓ વચ્ચે થયેલી અથડામણ પછી વધુ રસપ્રદ બની છે.

તપાસ એજન્સીએ બળજબરીપૂર્વક પ્રવેશવા અને દસ્તાવેજોની ચોરીના આરોપો વચ્ચે રાજકીય સલાહકાર પેઢી આઇ-પૅકના કાર્યાલય અને તેના વડા પ્રતીક જૈનના ઘરની તપાસ હાથ ધરી હતી.

ઝારખંડ હાઇકોર્ટે શુક્રવારે કથિત હુમલા કેસમાં ઇડી સામેની પોલીસ તપાસ પર સ્ટે મૂકી દીધો હતો. તેમજ કહ્યું કે ત્યાં કોઇપણ સુરક્ષા ખામી માટે રાંચીના વરિષ્ઠ પોલીસ અધિક્ષક(એસએસપી) રાકેશ રંજન જવાબદાર રહેશે. ન્યાયાધીશ સંજય કુમાર દ્વિવેદીએ ઇડી દ્વારા દાખલ કરાયેલી રિટ અરજીની સુનાવણી કરતી વખતે કેન્દ્રીય એજન્સીને આ કેસમાં કેન્દ્રીય ગૃહ સચિવને પક્ષ બનાવવાનો આદેશ આપ્યો હતો.

કોર્ટે કેન્દ્રીય ગૃહ સચિવને ઇડી કાર્યાલય અને તેના અધિકારીઓને સુરક્ષા પૂરી પાડવા માટે સીઆરપીએફ/બીએસએફ અથવા અન્ય કોઇપણ અર્ધલશ્કરી દળ તહેનાત કરવાનો આદેશ આપ્યો હતો. કેન્દ્રીય તપાસ એજન્સી સંતોષ દ્વારા આચરવામાં આવેલા ૨૩ કરોડ રૂપિયાના કથિત કૌભાંડની તપાસ કરી રહી હોવાનું ઇડીના વકીલે કોર્ટને જણાવ્યું હતું. ■

**ભાંગ્યું તોય ભરૂચ**

## આંગળીને વેઢે ગણાય એટલા જ ગુજરાતી નગરસેવકો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી માટે દરેક પક્ષોએ ગુજરાતીઓની અવગણના કરીને જૂજ ઉમેદવારોને ટિકિટ આપી હતી, જેમાં સૌથી વધુ તો ભાજપે ગુજરાતી-મારવાડી ઉમેદવારો ચૂંટણી મેદાનમાં ઉતાર્યા હતા. હવે ચૂંટણી પરિણામો જાહેર થયાં છે ત્યારે આંગણીને વેઢે ગણાય એટલા જ ગુજરાતી-મારવાડી નગરસેવક ચૂંટાયા હોવાથી ગુજરાતીઓના પ્રતિનિધિત્વ સામે સવાલ ઊભો થયો છે.

એશિયાની સૌથી શ્રીમંત મહાપાલિકા પર વર્ચસ જમાવવાની રણનીતિ રૂપે ભાજપે ગુજરાતીઓને હાંસિયામાં ધકેલી દીધા હતા. તેમ છતાં બધા રાજકીય પક્ષોમાં ભાજપે જ સૌથી વધુ ગુજરાતી-મારવાડીઓને ચૂંટણી માટે ટિકિટ આપી હતી. આમાંથી ભાજપના ૧૭ ઉમેદવાર ચૂંટાઈ આવ્યા હતા.

ભાજપના ચૂંટાયેલા નગરસેવકોમાં જિતેન્દ્ર અંબાલાલ પટેલ, હિમાંશુ સુનીલ પારેખ, ધવલ વોરા, ડૉ. હેતલ ગાલા-માર્વેકર, ડૉ. નીલ કિરીટ સોમૈયા, હર્ષ ભાર્ગવ પટેલ, કશિશ રાજેશ ફુલવારિયા, કલ્પેશા જેસલ કોઠારી, ગૌરાંગ ચેતન ઝવેરી, સંદીપ દિલીપ પટેલ, કેસરબેન મુરજી પટેલ, હેતલ ગાલા, ધર્મેશ ભૂપત ગિરિ, આકાશ પુરોહિત, રીટા ભરત મકવાણા, રોહન રાઠોડ અને (જુઓ પાનું ૨) ▶▶

## ભાજપના નવા પ્રમુખ ૨૦ નવેમ્બરેઃ નીતિન નબિન બિનહરીફ ચૂંટાઈ જાય એવી વકી

નવી દિલ્હીઃ ભારતીય જનતા પાર્ટીએ શુક્રવારે તેના પ્રમુખની ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કર્યો હતો. પક્ષના રાષ્ટ્રીય પ્રમુખ ચૂંટવા માટેના ઉમેદવારીપત્રો ૧૯ જાન્યુઆરીએ ભરાશે અને ૨૦ જાન્યુઆરીએ નવા પ્રમુખનું નામ જાહેર કરાશે, એવી જાહેરાત પક્ષે કરી હતી. પક્ષનાં સૂત્રોના જણાવ્યા પ્રમાણે ભાજપના રાષ્ટ્રીય કાર્યવાહક પ્રમુખ નીતિન નબિન રાષ્ટ્રીય પ્રમુખ તરીકે બિનહરીફ ચૂંટાશે, કારણ કે કોઈ પણ બીજો નેતા ઉમેદવારી ફોર્મ ભરે એવી સંભાવના નહિવત્ છે.

ભાજપના નેશનલ રિટર્નિંગ ઑફિસર કે. લક્ષ્મણે બહાર પાડેલા ચૂંટણી કાર્યક્રમ પ્રમાણે પક્ષપ્રમુખના ઉમેદવારીપત્ર ૧૯ જાન્યુઆરીના બપોરના બે વાગ્યાથી ચાર વાગ્યા સુધી ભરી શકાશે. એજ દિવસે સાંજના પાંચ વાગ્યાથી છ વાગ્યા સુધી ઉમેદવારી પત્ર બહાર પાડી શકાશે. ઉમેદવારીપત્રની ચકાસણી ૧૯ જાન્યુઆરીથી સાંજે ચાર વાગ્યાથી પાંચ વાગ્યા સુધી કરાશે.(એજન્સી)

**ભાજપની જીતનાં ત્રણ કારણ**

## વિભાજિત વિપક્ષ, બહુપાંખિયો જંગ અને મતોનું વિભાજન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બહુપક્ષી સ્પર્ધાઓ, વિપક્ષી એમવીએમાં ઊંડું વિભાજન, કૉંગ્રેસ અને શિવસેના (યુબીટી) દ્વારા અલગ અલગ રીતે કરવામાં આવેલી લડતમાં પરિણમી હતી અને હરીફો વચ્ચે મજબૂત યોજનાના અભાવે મુંબઈની ચૂંટણીમાં ભાજપને મદદ કરી અને તે પહેલી વાર ભારતની સૌથી શ્રીમંત પાલિકા પર શાસન કરવા માટે તૈયાર દેખાય છે.

શિવસેના (યુબીટી) અને કૉંગ્રેસના નબળા પ્રદર્શનથી એમવીએને મોટો ફટકો પડ્યો છે, જેનાથી ઊંડી સંગઠનાત્મક નબળાઈઓ છતી થઈ છે અને મહારાષ્ટ્રમાં ભાજપની આગેવાની હેઠળની શાસક સરકારને પડકારવાની વિપક્ષી જૂથની ક્ષમતા પર પ્રશ્નો ઊભા થયા છે.

રાજકીય નિરીક્ષકોએ એ બાબત પ્રત્યે ધ્યાન દોર્યું છે કે એમવીએની અંદર આંતરિક વિરોધાભાસ, કૉંગ્રેસ અને શિવસેના (યુબીટી) વચ્ચે વૈચારિક મતભેદો, વ્યક્તિત્વના સંઘર્ષો અને સંકલિત વ્યૂહરચનાનો અભાવ ચૂંટણીમાં ગઠબંધનની અસરકારકતાને નબળી પાડે છે.

મૂળ શિવસેના અને રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટી (એનસીપી)માં વિભાજન, કૉંગ્રેસના સ્વતંત્ર રીતે ચૂંટણી લડવાના નિર્ણય (જુઓ પાનું ૨) ▶▶

## મુંબઈ-દિલ્હી એક્સપ્રેસવેના કૉન્ટ્રેક્ટરને કાઢી મૂકવાના નિર્ણયને હાઇ કોર્ટની બહાલી

નવી દિલ્હીઃ મુંબઈ - દિલ્હી એક્સપ્રેસવેના કામમાં વિલંબનું કારણ આપીને તેના કૉન્ટ્રેક્ટરને કાઢી મૂકવાના નેશનલ હાઇવેઝ ઑથૉરિટી ઑફ ઇન્ડિયા (એનએચએઆઇ)ના નિર્ણય પરનો સ્ટે (સ્થગિત આદેશ) દિલ્હી વડી અદાલતની મોટી બૅન્ચે ઉઠાવી લેવાનો આદેશ આપ્યો હતો.

ગુજરાતના ૩૫ કિલોમીટરના ધોરીમાર્ગ માટે પક્ષકારો વચ્ચે ઊભા થયેલા વિવાદના સંબંધમાં આ કેસ કરાયો હતો. તેણે જણાવ્યું હતું કે નાગરિકોને સારા બનાવેલા ધોરીમાર્ગ પર મુક્ત અને સરળ રીતે પ્રવાસ કરતા અટકાવી ન શકાય. અગાઉ, દિલ્હી વડી અદાલતના એક ન્યાયાધીશે ૨૦૨૫ની ૨૩ ડિસેમ્બરે નેશનલ હાઇવેઝ ઑથૉરિટી ઑફ ઇન્ડિયાને રોડવે સોલ્યુશન્સ ઇન્ડિયા ઇન્ફ્રા લિમિટેડના કૉન્ટ્રેક્ટને રદ કરતા અટકાવતો આદેશ આપ્યો હતો, પરંતુ ૧૩ જાન્યુઆરીએ ન્યાયાધીશ દિનેશ મહેતા અને ન્યાયાધીશ વિનોદ કુમારની બૅન્ચે એક ન્યાયાધીશના સંબંધિત આદેશને રદ કર્યો હતો. (એજન્સી)■

## ‘પાકિસ્તાન હવે તો સંકુચિત માનસિકતાથી ઉપર ઊઠે’

### યુનોમાં ઈસ્લામાબાદે ફરી કાશ્મીરનો રાગ આલાપતા ભારતે ઝાટકણી કાઢી

નવી દિલ્હીઃ ભારતે ગુરુવારે સંયુક્ત રાષ્ટ્રસંઘમાં ઇસ્લામાબાદના રાજદૂત દ્વારા જમ્મુ અને કાશ્મીરનો મુદ્દો ઉઠાવવામાં આવતા પાકિસ્તાનને ઝાટકી કાઢ્યું હતું. ભારતે પાકિસ્તાન પર વિભાજનકારી એજન્ડાને આગળ ધપાવવા માટે વારંવાર યુનોના પ્લેટફોર્મનો દુરુપયોગ કરવાનો આરોપ લગાવ્યો હતો. સંયુક્ત રાષ્ટ્રમાં પાકિસ્તાનના કાયમી પ્રતિનિધિએ મહાસભામાં પોતાના ભાષણ દરમિયાન જમ્મુ અને કાશ્મીરનો ઉલ્લેખ કર્યો, ત્યારબાદ ભારતની આ પ્રતિક્રિયા આવી હતી. ભારતે કહ્યું કે આ ટિપ્પણીઓ બિનજરૂરી હતી અને વાસ્તવિકતાઓથી ક્યાંય દૂર હતી.

સમાચાર એજન્સીના અહેવાલ અનુસાર સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના પૂર્ણ સત્રમાં સંગઠનના કાર્ય પર મહાસચિવના અહેવાલ પર ભારતનું રાષ્ટ્રીય નિવેદન આપતા યુએનમાં ભારતના કાયમી મિશનના કાઉન્સેલર એલ્ડોસ મેથ્યુ પુન્નૂસે જણાવ્યું કે પાકિસ્તાને બહુપક્ષીય મંચોનું રાજકીયકરણ કરવાનું હજુ પણ યથાવત રાખ્યું છે. પુન્નૂસે કહ્યું કે એવા સમયે જ્યારે સભ્ય દેશોએ તેમની સંકુચિત માનસિકતાથી ઉપર ઉઠવું જોઇએ ત્યારે પાકિસ્તાન સંયુક્ત રાષ્ટ્રના તમામ મંચ અને પ્રક્રિયાઓનો દુરુપયોગ કરીને તેના વિભાજનકારી એજન્ડાને આગળ વધારી રહ્યું છે.

પાકિસ્તાન દ્વારા આ પ્રદેશના ઉલ્લેખનો વિરોધ કરતા પુન્નૂસે જમ્મુ અને કાશ્મીર પર ભારતના લાંબા સમયથી ચાલતા વલણ પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે આ ફોરમ કોઇ અપવાદ નથી અને પાકિસ્તાને બિનજરૂરી રીતે જમ્મુ અને કાશ્મીરના કેન્દ્રશાસિત પ્રદેશનો ઉલ્લેખ કર્યો છે. જે ભારતનું અભિન્ન અને અવિભાજ્ય અંગ છે.

ભારતનો આ પ્રતિભાવ પાકિસ્તાન દ્વારા વિવિધ સંયુક્ત રાષ્ટ્ર મંચો પર જમ્મુ અને કાશ્મીર મુદ્દાને ઉઠાવવાના વારંવાર પ્રયાસો બાદ આવ્યો છે. ■

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# બે ઠાકરે ભેગા થઈને પણ ભાજપનો વિજયરથ ના રોકી શક્યા

**મહારાષ્ટ્રમાં** મુંબઈ સહિતની ૨૯ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીનાં પરિણામ આવી ગયાં અને ભાજપનો જયજયકાર થઈ ગયો. આ ચૂંટણીમાં સૌથી મહત્ત્વની બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી)ની ચૂંટણી હતી. ૨૨૭ બેઠકો ધરાવતી બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી)ની ચૂંટણીમાં ભાજપ અને એકનાથ શિંદેની શિવસેનાએ સ્પષ્ટ બહુમતી મેળવીને શિવસેનાના વરસોના એકચક્રી શાસનનો અંત આણ્યો છે. ભાજપ-શિંદેને રોકવા માટે ઉદ્ધવ ઠાકરેએ પોતાના પિતરાઈ રાજ ઠાકરે સાથે જોડાણ કરેલું પણ બે ઠાકરે ભેગા થઈને પણ ભાજપના વિજયરથને રોકી શક્યા નથી.

ગુરૂવારે મતદાન પત્યું પછી એક્ઝિટ પોલના વરતારા બહાર પડેલા. તેમાં ભાજપ-શિંદેની શિવસેના ઉધ્ધવની શિવસેના અને રાજ ઠાકરેની મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)નાં સૂપડાં સાફ કરી નાખીને ૧૬૦થી વધારે બેઠકો જીતશે એવી આગાહી થઈ હતી. અંતિમ પરિણામ એવાં આવ્યાં નથી પણ એ બહુ મહત્ત્વનું નથી કેમ કે એક્ઝિટ પોલ ખોટા પડે તેમાં કશું નવું નથી. મૂળ મુદ્દો બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી)ની ચૂંટણીમાં ઠાકરે પરિવારના એકહથ્થુ શાસનનો અંત આવ્યો એ છે. ઉદ્ધવની શિવસેના અને રાજ ઠાકરેની મનસેએ ઓપિનિયન અને એક્ઝિટ પોલમાં આગાહીઓ થયેલી તેના કરતાં વધારે ફાઈટ આપીને લગભગ ૭૫ બેઠક જીતી છે પણ મુંબઈમાં વર્ચસ્વ જાળવી રાખવા માટે ખાલી સારી ફાઈટ આપવી પૂરતી નહોતી, જીતવું જરૂરી હતું ને ઠાકરે બંધુઓ જીતી શક્યા નથી એ હકીકત છે.

ભાજપે સારો દેખાવ કર્યો છે તેનો ઈનકાર ના કરી શકાય પણ આ દેખાવ એવો જબરદસ્ત પણ નથી કે ઓળઘોળ થઈ જવાય. વાસ્તવમાં ભાજપ ૧૧૫ બેઠક જીતીને એકલા હાથે સત્તા હાંસલ કરશે એવી અપેક્ષા રખાતી હતી પણ ભાજપ આ અપેક્ષા પૂરી કરવામાં ઊણો ઊતર્યો છે. અલબત્ત ભાજપ એ રીતે મોટા ફાયદામાં છે કે, હવે ભાજપ પાસે સત્તા આવશે અને શિવસેનાના પડછાયામાંથી બહાર આવીને ભાજપ પોતાનો મેયર બેસાડી શકશે. ભાજપે ૨૦૧૭ની સરખામણીમાં પણ બહુ જબરદસ્ત દેખાવ કર્યો નથી છતાં તેના હાથમાં સત્તા આવે એ મોટો ફાયદો કહેવાય જ.

ભાજપે ૨૦૧૭માં ૮૨ બેઠક જીતેલી જ્યારે આ વખતે ૯૦ બેઠક જીતી છે એ જોતાં ભાજપની બેઠકોમાં ૧૦નો પણ વધારો થયો નથી પણ એ વખતે જોડાણ ટકાવવાની મજબૂરીના કારણે શિવસેનાને મેયરપદ આપી દેવું પડેલું. એ વખતે શિવસેનાને ૭૫ બેઠક મળેલી તેથી ભાજપ કરતાં તેની બેઠકો ઓછી હતી પણ ઉદ્ધવ ઠાકરે જીદ પર અડી ગયેલા તેથી ભાજપે નમતું જોખવું પડેલું. આ વખતે શિંદેની શિવસેનાને ૩૦ બેઠક પણ મળી નથી તેથી શિંદે દાવો કરી શકે તેમ જ નથી એટલે એશિયાની સૌથી મોટી મહાનગરપાલિકાની ધૂરા હવે ભાજપના હાથમાં હશે.

ઠાકરે બંધુઓના જોડાણ છતાં મુંબઈ ના સચવાયું એ ઠાકરે પરિવાર માટે અંગત રીતે પણ મોટો ફટકો છે. તેમાં પણ રાજ ઠાકરેની મનસેનો દેખાવ તો બહુ વખાણવા જેવો નથી જ કેમ કે મનસેએ ગણીને ૭ બેઠક જ જીતી છે. અલબત્ત છેલ્લે ૨૦૧૭માં ચૂંટણી થઈ ત્યારે પણ મનસેએ ૭ બેઠક જ જીતી હતી તેથી મનસે માટે આ પરિણામો નહીં નફો નહીં નુકસાનનો સોદો સાબિત થયો છે. મનસે ઉદ્ધવની શિવસેનાની સાથે રહી તેમાં મતો ના વહેંચાયા તેનો ફાયદો ઉદ્ધવની પાર્ટીને મળ્યો એવું મનાય છે. શિવસેનામાં ભંગાણ છતાં ઉદ્ધવની પાર્ટીની બેઠકો દસેક જ ઘટી છે. બાકી રાજ અને ઉદ્ધવ સામસામે હોત તો ઉદ્ધવની શિવસેનાની આટલી બેઠકો ના આવી હોત. મનસે તો કદાચ ખાતું પણ ના ખોલાવી શકી હોત એ જોતાં રાજ ઠાકરેની પાર્ટી માટે તો વકરો એટલો નફો છે. આ દેખાવના કારણે ભવિષ્યની ચૂંટણીઓમાં રાજ અને ઉદ્ધવ બંનેને જોડાણ કરવાનું પ્રોત્સાહન મળશે તેથી ભવિષ્યની આશા ઊભી થઈ છે, બાકી અત્યારે તો બંનેનો વર્તમાન કાળ ધૂંધળો થઈ જ ગયો છે.

કૉંગ્રેસ માટે રાબેતા મુજબ સાવ નિરાશાજનક પરિણામ છે. કૉંગ્રેસે ઉદ્ધવ અને શરદ પવારને કોરાણે મૂકીને પ્રકાશ આંબેડકરની પાર્ટી વંચિત બહુજન અઘાડી અને મહાદેવ જણકરના રાષ્ટ્રીય પ્રજા પક્ષ સાથે જોડાણ કરેલું છતાં ૨૦૧૭માં ૩૧ બેઠક જીતનારી કૉંગ્રેસ ૧૨ બેઠક પર આવી ગઈ છે. કૉંગ્રેસનો દેખાવ એ રીતે શરમજનક કહેવાય પણ કૉંગ્રેસને તેની ક્યાં નવાઈ છે ?

મહારાષ્ટ્રમાં મુંબઈ સિવાય બીજી ૨૮ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં પણ ચૂંટણી હતી ને બધે ભાજપનું રોલર ફરી વળ્યું છે. પુણે, નાશિક, નાગપુર સહિતનાં મોટાં શહેરોથી માંડીને નાનાં નાનાં નગરોમાં પણ ભાજપ છવાઈ ગયો છે. ભાજપની આંધીમાં ઉદ્ધવ ઠાકરેની શિવસેના અને કૉંગ્રેસ તો ખોવાઈ ગયાં જ છે પણ ભાજપના સાથી અજિત પવાર અને એકનાથ શિંદેની પાર્ટીઓ પણ ઝાંખી પડી ગઈ છે. ભાજપના સાથી એકનાથ શિંદેની શિવસેનાએ શિંદેના ગઢ મનાતા ઠાણેમાં શિંદેની શિવસેનાનો દબદબો રહ્યો છે પણ એ સિવાય બીજે બધે ભાજપ છવાઈ ગયો છે. તેના કારણે વિપક્ષો તો ચિંતામાં પડ્યા જ હશે પણ સૌથી વધારે ચિંતા અજિત પવારને થઈ હશે. એકનાથ શિંદે પોતાનો ગઢ સાચવી શક્યા પણ અજિત પવાર તો પોતાના ગઢમાં જ ધબોનારાયણ થઈ ગયા છે તેથી તેમના દાડા ભરાઈ જાય તો નવાઈ નહીં.

ભાજપ અજિત પવારને અભરાઈ પર ચડાવી શકે એ માટે પૂરતાં કારણ પણ છે. ભાજપે વિધાનસભાની ચૂંટણી પછી અજિત પવારને બહુ ભાવ આપવાનું બંધ કરી જ દીધેલું તેથી અજિત પવાર ઊંચાનીચા થયા કરતા હતા. ભાજપને પાઠ ભણાવવા માટે અજિત પવારે પૂણે અને પિંપરી-ચિંચવડમાં કાકા શરદ પવારની એનસીપી સાથે હાથ મિલાવી લીધેલા અને ભાજપ-શિવસેનાની સામે લડેલા પણ ભાજપની આંધીમાં બંને ઠેકાણે ભૂંડી રીતે હારી ગયા છે. પુણે અને પિંપરી-ચિંચવડ પવાર પરિવારના ગઢ ગણાય છે પણ શરદ પવાર અને અજિત પવાર એક થઈને પણ પવાર પરિવારના ગઢ સાચવી શક્યા નથી.

પિંપરી-ચિંચવડ નગરપાલિકાની ૧૨૮ બેઠકમાંથી ભાજપે ૭૪ બેઠક જીતી છે જ્યારે સંયુક્ત એનસીપીને ૪૦ બેઠક મળી છે તેથી સાવ શરમજનક દેખાવ નથી પણ પુણેમાં તો પવાર પરિવાર સાવ ધોવાઈ ગયો છે. પુણે મહાનગરપાલિકાની ૧૬૫ બેઠકમાંથી એનસીપીને માંડ ૩૦ બેઠક મળી છે. આ દેખાવે પુણે પવાર પરિવારનો ગઢ હોવાનો ભ્રમ તો તોડી જ નાખ્યો છે પણ અજિત પવારની રાજકીય કારકિર્દી સામે પણ સવાલ ખડો કરી દીધો છે. અજિત પવાર અત્યારે ભાજપ સાથે છે અને દેવેન્દ્ર ફડણવીસ સરકારમાં નાયબ મુખ્ય પ્રધાન છે પણ ભવિષ્યમાં ભાજપ તેમને કોરાણે મૂકી શકે છે. અજિત પવાર પોતાના કહેવાતા ગઢને ના સાચવી શક્યા પછી ભાજપને તેમનો શો ખપ ? ટૂંકમાં ભાજપ અજિત પવારને ખંખેરી નાખે તો નવાઈ નહીં લાગે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર શિશિરઋતુ,
શનિવાર, તા. ૧૭-૧-૨૦૨૬

- ભારતીય દિનાંક ૨૭, માહે પૌષ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, પૌષ વદ-૧૪
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે પૌષ, તિથિ વદ-૧૪
- પારસી શહેનશાહી રોજ ૬ઠ્ઠો ખોરદાદ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૬ઠ્ઠો ખોરદાદ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૩જો અર્દીબહેશ્ત, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૭મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૯મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૭
- નક્ષત્ર મૂળ સવારે ક. ૦૮-૧૧ સુધી, પછી પૂર્વાષાઢા
- ચંદ્ર ધનુમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ ધનુ (ભ, ધ, ફ, ઢ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૬, અમદાવાદ ક. ૦૭ મિ. ૨૪, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૨૦, અમદાવાદ ક. ૧૮ મિ. ૧૫, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ • ㏈
- ભરતીઃ સવારે ક. ૧૦-૫૨, મધ્ય રાત્રે ક. ૦૦-૦૨
- ઓટઃ સાંજે ક. ૧૭-૦૫, મધ્યરાત્રિ પછી ક. ૦૬-૧૨ (તા. ૧૮)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, પૌષ કૃષ્ણ – ચતુર્દશી. બુધ મકરમાં સવારે ક. ૧૦-૨૪, ભદ્રા સમાપ્તિ સવારે ક. ૧૧-૧૫, શબ્બેમિરાજ (મુસ્લિમ)
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી સુક્ત-પુરુસુક્ત, શ્રીગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, તુલસીપૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, શનિદેવતાનું પૂજન, મહાબલિ હનુમાનજીનું પૂજન, હનુમાન ચાલીસા, સુંદરકાંડ, બજરંગ બાણ વાંચન, આમળાના ઔષધીય પ્રયોગો, માલ વેંચવો, ખેતીવાડી, ધાન્ય ઘરે લાવવું, નિત્ય થતાં પશુ લે-વેંચના કામકાજ.
- આચમનઃ સૂર્ય-હર્ષલ ત્રિકોણ સ્વતંત્ર પ્રકૃતિના
- ખગોળ જ્યોતિષઃ સૂર્ય-હર્ષલ ત્રિકોણ,
- ગ્રહગોચરઃ સૂર્ય-મકર, મંગળ-મકર માર્ગી બુધ-ધનુ/મકર (બુધ અસ્ત) વક્રી ગુરુ-મિથુન, શુક્ર-મકર (શુક્ર અસ્ત) માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

## રસ મલાઈનો ઑર્ડર આપ્યો છે... રાજ ઠાકરેની ટીખળ કરતી પોસ્ટ કરી સાઉથના ભાજપી નેતાઓએ

નવી દિલ્હીઃ ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ના સાંસદ પીસી મોહને આડકતરી રીતે મનસેના વડા રાજ ઠાકરે પર કટાક્ષ કર્યો હતો. ભાજપના સાંસદે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર 'રસમલાઈ' નો ફોટો પોસ્ટ કરીને તેમના પર નિશાન સાધ્યું હતું. મહારાષ્ટ્રમાં બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી) અને અન્ય મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીઓમાં ભાજપે પ્રચંડ જીત મેળવી છે. બીએમસી ચૂંટણીમાં રસમલાઈનો મુદ્દો છવાયેલો રહ્યો હતો.

બેંગલુરુ સેન્ટ્રલના લોકસભા સાંસદ પીસી મોહને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર 'રસમલાઈ' (ભારતીય મીઠાઈ) ના ફોટા શેર કરીને લખ્યું હતું કે , 'થોડી રસમલાઈનો ઓર્ડર આપ્યો.' આ ટ્વીટ રાજ ઠાકરે પર સીધો કટાક્ષ હતો જેમણે ગયા અઠવાડિયાની શરૂઆતમાં ભાજપના સાંસદ કે. અન્નામલાઈ સાથે શાબ્દિક યુદ્ધમાં ઉતર્યા હતા. બીએમસી ચૂંટણી માટે પ્રચાર કરતી વખતે અન્નામલાઈએ કહ્યું હતું કે આ શહેર ફક્ત મહારાષ્ટ્રનું નથી, પરંતુ એક આંતરરાષ્ટ્રીય શહેર છે.

બાદમાં રાજ ઠાકરેએ અન્નામલાઈને ''રસમલાઈ'' કહ્યા હતા. આ ટિપ્પણીઓએ મુંબઈમાં શિવસેના (યુબીટી) અને એમએનએસની સંયુક્ત રેલીમાં ભારે ચર્ચા જગાવી હતી. એમએનએસના વડા રાજ ઠાકરેએ અન્નામલાઈ પર નિશાન સાધ્યું હતું, તેમને ''રસમલાઈ'' કહીને મજાક ઉડાવી હતી અને મુંબઈ પર ટિપ્પણી કરવાના તેમના અધિકાર પર સવાલ ઉઠાવ્યા હતા. તેઓએ ''હટાઓ લુંગી, બજાઓ પુંગી'' ના નારા પણ લગાવ્યા હતા, જે શહેરમાં દક્ષિણ ભારતીયો સામે અપમાનજનક વાક્ય હતું.

જેનો અન્નામલાઈએ પડકારજનક સ્વરમાં જવાબ આપ્યો હતો અને કહ્યું કે કેટલાક લોકોએ જો તે મુંબઈ આવશે તો તેમના પગ કાપી નાખવાની ધમકી આપી હતી. તેમણે કહ્યું હતું કે, હું મુંબઈ આવીશ. મારા પગ કાપીને જુઓ, તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે તેમના નિવેદનને ખોટી રીતે રજૂ કરવામાં આવ્યું છે. પોતાના મુદ્દાને સ્પષ્ટ કરતા અન્નામલાઈએ કહ્યું હતું કે કે. કામરાજ જેવા નેતાઓની પ્રશંસા કરવાથી તેમની તમિળ ઓળખ ઓછી થતી નથી, જેમ મુંબઈને વિશ્વસ્તરીય શહેર કહેવાથી તેના વિકાસમાં મહારાષ્ટ્રીયનોની ભૂમિકા ભુંસાઈ જતી નથી.

તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે મુંબઈનો વિકાસ મરાઠી લોકોના યોગદાનથી અવિભાજ્ય છે. અન્નામલાઈએ શિવસેનાના નેતાઓ પર લુંગી અને ધોતી જેવા પરંપરાગત પોશાકની મજાક ઉડાવીને તમિલોનું અપમાન કરવાનો પણ આરોપ લગાવ્યો અને કહ્યું કે તે આશ્ચર્યજનક છે કે ડીએમકેએ આવી ટિપ્પણીઓ કરતી પાર્ટીઓ સાથે રાજકીય મંચ શેર કરવાનું પસંદ કર્યું હતું. ■

## દુર્લભ ખનીજો સંબંધે બજેટમાં મોટી જાહેરાત થવાની શક્યતા

નવી દિલ્હીઃ વિશ્વભરમાં જે મજબૂત દેશો અત્યારે દુર્લભ ખનીજોની સપ્લાય ચેઇનને સુરક્ષિત કરવા માટે અને ચીન પર નિર્ભરતા ઓછી કરવા માટે રણનીતિ બનાવી રહ્યાં છે. આવામાં ભારત હવે પહેલી ફેબ્રુઆરીએ જાહેર થનારા આ સંબંધી મોટી જાહેરાત કરે એવી શક્યતા છે. ભારતમાં પૃથ્વી પરના કુલ દુર્લભ ખનીજનો છ થી આઠ ટકા હિસ્સો ભારતમાં છે. ભારતના દુર્લભ ખનીજનો મુખ્ય જથ્થો મોનાઝાઇટ, કેરળ, તમિલનાડુ, ઓડિશા, આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર અને ગુજરાતના દરિયાકાંઠાના દરિયા કિનારાની રેતીમાં વ્યાપકપણે જોવા મળે છે. આ સાથે ઝારખંડ અને પશ્ચિમ બંગાળમાં તેના ભંડાર આવેલા છે. એક અંદાજ પ્રમાણે જે ૬૯ લાખ ટન જેટલો થાય છે. પરંતુ વૈશ્વિક ઉત્પાદનમાં ભારતનો ભાગ માત્ર ૧થી પણ ઓછો છે. એટલે કે ભારત પાસે દુર્લભ ખનીજનો વિશાળ ભંડાર તો છે, પરંતુ તેને શક્તિનું સ્વરૂપ આપવાની પ્રક્રિયાથી આપણે ઘણાં દૂર છીએ. હવે આશા એવી છે કે, ૨૦૨૬ના બજેટમાં દુર્લભ ખનીજના ખાણકામ, પ્રક્રિયા અને ડાઉનસ્ટ્રીમ ઉત્પાદન માટે ધ્યાન આપવામાં આવશે. જેથી આપણે ચીન પરની નિર્ભરતાને ઘટાડી શકીશું. પરંતુ મુદ્દાની વાત એ છે કે, આ વખતે કેન્દ્ર સરકાર દ્વારા ૨૦૨૬ના બજેટમાં કેવી જાહેરાત કરવામાં આવે છે. વેપારની વાત કરવામાં આવે તો, ૨૦મી સદીમાં તેલના કુવા વૈશ્વિક રાજનીતિની દિશા નક્કી કરતા હતાં. પરંતુ હવે સમય બદલાઈ ગયો છે. હવે વિશ્વ અદ્યતન ઇલેક્ટ્રોનિક્સ, ઇલેક્ટ્રિક વાહનો સંરક્ષણ પ્રણાલીઓ અને સેમિકન્ડક્ટર ઉદ્યોગો પર કેન્દ્રિત થવા લાગ્યું છે. જ્યારે આ ઉદ્યોગ સંપૂર્ણ રીતે દુર્લભ ખનીજ પર જ નિર્ભર છે. રેર અર્થમાં ૧૭ પ્રકારની વિવિધ ધાતુઓ જેમાં નિયોડિમિયનમ, ડિસ્પ્રોસિયમ અને લૈથેનમ સામેલ છે. આ ધાતુઓ વગર ના તો પનવ ચક્કીઓ ચાલે છે કે ના આધુનિક મિસાઈલો પોતાના લક્ષ્ય સુધી પહોંચી શકે છે. જેથી રેર અર્થ ખનીજોના ખનન અને ડાઉનસ્ટ્રીમ ઉત્પાદનો માટે વધારે ધ્યાન આપવાની જરૂર છે. વિશ્વની મોટી અર્થ વ્યવસ્થાઓ પણ આ દિશામાં જ કામ કરી રહી છે. ■

## ચૂંટણી પંચની નીતિ ભ્રષ્ટ છે અને નાગરિકોને ગેરમાર્ગે દોરે છેઃ રાહુલ

નવી દિલ્હીઃ કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ મહારાષ્ટ્રમાં નગરપાલિકાઓની ચૂંટણીમાં ભૂંસી ન શકાય એવી શાહીને બદલે માર્કર પૅનના ઉપયોગને મુદ્દે ઊભા થયેલા વિવાદના સંબંધમાં શુક્રવારે જણાવ્યું હતું કે ચૂંટણી પંચની નીતિ ભ્રષ્ટ છે અને તે નાગરિકોને ગેરમાર્ગે દોરે છે. 'વૉટ ચોરી' રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિ છે.

મહારાષ્ટ્રમાંની નગરપાલિકાઓની ચૂંટણીમાં મતદારોની આંગળી પર માર્કર પૅનથી કરાતી 'ભૂંસી ન શકાય એવી નિશાની' નીકળી જતી હોવાના આક્ષેપને પગલે વિપક્ષના નેતાઓએ ઊભા કરેલા વિવાદના સંબંધમાં મહારાષ્ટ્ર રાજ્ય ચૂંટણી પંચે તપાસ કરવાની બાંયધરી ગુરુવારે સાંજે આપી હતી.

બૃહન્મુંબઈ મહાનગરપાલિકા સહિત મહારાષ્ટ્રની ૨૯ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં મતદાન બાદ કેટલાક લોકોએ સોશ્યલ મીડિયા પર આક્ષેપ કર્યો હતો કે મતદારોની આંગળી પર કરાતી નિશાની એસિટોનથી સરળતાથી નીકળી જાય છે.

દરમિયાન, મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે વિપક્ષના સંબંધિત આક્ષેપને પાયાવિહોણો ગણાવ્યો હતો.

રાહુલ ગાંધીએ સોશ્યલ મીડિયા 'એક્સ' પર લખ્યું હતું કે ચૂંટણી પંચની ભ્રષ્ટ નીતિને કારણે લોકશાહીનું પતન થયું છે.

રાજ્યના ચૂંટણી કમિશનર દિનેશ વાઘમારે જણાવ્યું હતું કે માર્કર પૅનના ઉપયોગને લીધે ઊભા થયેલા વિવાદને કારણે જિલ્લા પરિષદની આગામી ચૂંટણીમાં તેનો ઉપયોગ નહિ કરાય અને તેને બદલે કર્ણાટક સરકારની કંપની મૈસુર પેન્ટ્સ ઍન્ડ વાર્નિશ લિમિટેડ દ્વારા બનાવાતી શાહીનો જ ઉપયોગ કરાશે. (એજન્સી) ■

## સુપ્રીમ કોર્ટે સંસદીય સમિતિની કાયદેસરતાને પડકારતી જસ્ટિસ વર્માની અરજી ફગાવી દીધી

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે શુક્રવારે જસ્ટિસ વર્મા સામેના ભ્રષ્ટાચારના આક્ષેપો તપાસવા માટે લોકસભાના સ્પીકરે સંસદીય સમિતિની રચના કરી એને પડકારતી વર્માની અરજી શુક્રવારે ફગાવી દીધી હતી. જસ્ટિસ દિપાંકર દત્ત અને એસ. સી. શર્માની બનેલી બેન્ચે વર્માની અરજી પરનો ચુકાદો આઠ જાન્યુઆરીએ મુલત્વી રાખ્યો હતો. શુક્રવારે બેન્ચે ચુકાદો જાહેર કર્યો હતો.

આઠ જાન્યુઆરીએ સર્વોચ્ચ અદાલતે કહ્યું હતું કે જો ઉપરાષ્ટ્રપતિ રાષ્ટ્રપતિની ગેરહાજરીમાં તેમના કાર્યો કરી શકે તો રાજ્યસભાના ચેરમનેની ગેરહાજરીમાં ડેપ્યુટી ચેરમેન તેમના કાર્યો કેમ ન કરી શકે. બેન્ચે આ જસ્ટિસ વર્માની રજૂઆત ન સ્વીકારીને આ ટિપ્પણી કરી હતી. જસ્ટિસ વર્મા એવી રજૂઆત કરી હતી કે રાજ્યસભાના ડેપ્યુટી ચેરમેન પાસે દરખાસ્તનો અસ્વીકાર કરવાનો કોઈ અધિકાર નથી અને ન્યાયમૂર્તિ (તપાસ) ધારા, ૧૯૬૮ પ્રમાણે ફક્ત સ્પીકર અને ચેરમેન પાસે જજ સામેની દરખાસ્તને સ્વીકારવાનો કે ઠુકરાવાનો અધિકાર છે.

જસ્ટિસ વર્માના સત્તાવાર નિવાસસ્થાનેથી બળેલી ચલણી નોટોના બંડલ મળતા તેમને દિલ્હી હાઈ કોર્ટથી અલ્લાહાબાદ હાઈ કોર્ટમાં મોકલવામાં આવ્યા હતા. (એજન્સી) ■

## ગેઈલની સિદ્ધિઃ સમૃદ્ધિ મહામાર્ગને સમાંતર બાંધી મુંબઈ-નાગપુર પાઈપલાઈન

નવી દિલ્હીઃ ગૅસ ઑથોરિટી ઑફ ઈન્ડિયા લિ. (ગેઈલ)એ પીએમ ગતિશક્તિ માળખા અંતર્ગત મહારાષ્ટ્રના સમૃદ્ધિ મહામાર્ગ એક્સપ્રેસવેની સમાંતર ત્રણ મીટર પહોળા યુટિલિટી કોરિડોરની અંદર ૬૯૪ કિ.મી. લાંબી મુંબઈ-નાગપુર નેચરલ ગૅસ પાઈપલાઈનનું નિમાર્ણ કર્યું છે. ભરચક ટ્રાફિક ધરાવતા કોરિડોરમાં આ મહત્ત્વની અને ઉચ્ચ ક્ષમતા ધરાવતી પાઈપલાઈનનું નિર્માણ કરવામાં આવ્યું છે.

આ પાઈપલાઈનના નિર્માણના કાર્યમાં સાજસરંજામ પૂરો પાડવા સહિત અનેક ટૅક્નિકલ પડકારોનો સામનો કરવો પડ્યો હતો. પરંપરાગત પાઈપલાઈનના નિર્માણ માટે ૨૦થી ૩૦ મીટર પહોળી જગ્યાની જરૂર પડે છે.

ગેઈલે સરેરાશ ફૂટપાથની પહોળાઈ જેટલી જગ્યામાં ૨૪ ઈંચની ઉચ્ચ ક્ષમતા ધરાવતી પાઈપલાઈનનું નિર્માણ કરવાનું હોવાની સાથે સાથે એક્સપ્રેસવેનું નિર્માણ કરી રહેલા મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કોર્પોરેશન (એમએસઆરડીસી) સાથે સહકાર સાધવાનો હતો.

અંદાજે ૬૭૫ કિ.મી. લાંબી આ પાઈપલાઈનનો ૯૬ ટકા હિસ્સો એક્સપ્રેસવે પાસેના ત્રણ મીટર પહોળા યુટિલિટી કોરિડોરમાંથી પસાર થઈ રહ્યો છે.

બંને દિશામાં દૈનિક ૧.૬૫ કરોડ સ્ટાન્ડર્ડ ક્યૂબિક મીટરની ક્ષમતા ધરાવતી આ પાઈપલાઈનને સંપૂર્ણપણે કાર્યરત કરવાનું કામ પૂર્ણતાને આરે છે. (એજન્સી) ■

## પહેલા પાનાનું ચાલુ

### મુંબઈમાં ભગવો

ભાજપને ૮૫, શિવસેના (શિંદે) ૨૫, કૉંગ્રેસને ૧૯, શિવસેના (યુબીટી) ૬૦ અને મનસેને પાંચ બેઠકો મળી હોવાનું જાહેર કરાયું હતું. મોડી રાત સુધી ૨૩ બેઠકના રિઝલ્ટ જાહેર થયા નહોતા પણ ટ્રેન્ડ્સને જોતા ભાજપ તથા શિંદે-સેના માટે બહુમતી મેળવવાનું મુશ્કેલ નહીં હોય અને મેયર હવે ભાજપનો જ ચૂંટાશે એવી પૂરેપૂરી શક્યતા છે.

લગભગ ૭૪,૦૦૦ હજાર કરોડનું બજેટ ધરાવતી મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી નવ વર્ષ બાદ યોજાઈ છે. ગુરુવારે થયેલી ચૂંટણીમાં ૫૪.૭૭ ટકા મતદાન થવાના એક દિવસ પછી શુક્રવારે મતગણતરી થઈ હતી. અપેક્ષા મુજબ લોકસભા, વિધાનસભા બાદ મુંબઈ મહાનગરપાલિકા પર કબજો કરવામાં ભાજપને પાલિકામાં સૌથી મોટા પક્ષ તરીકે ઊભરી આવવામાં સફળતા મળી છે. જોકે શિવસેના (ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે), મનસે, રાષ્ટ્રવાદી કૉંગ્રેસ (શરદ પવાર)ની મહાયુતિએ ભાજપને જોરદાર ટક્કર આપી હતી.

પાલિકાની ૨૦૧૭માં થયેલી ચૂંટણીમાં ભાજપે ૮૨ બેઠકો મેળવીને પોતાનો અગાઉનો રેકોર્ડ તોડયો હતો અને હવે ૨૦૨૬ની ચૂંટણી શિવસેના (શિંદે) સાથે મહાયુતિ કરીને પાલિકામાં મોટો પક્ષ તરીકે ઊભરી આવ્યો છે. પાલિકામાં મોટા પક્ષ તરીકે ઊભરી આવવા પાછળ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે જાતે કરેલી મહેનતને પણ માનવામાં આવે છે. ચૂંટણીમાં ફડણવીસે જાતે ધ્યાન આપ્યું છે,

છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકારે મુંબઈમાં ચૂંટણી થાય તે પહેલા મેટ્રો, ફલાયઓવર, કોસ્ટલ રોડથી લઈને ૫,૦૦૦ કરોડથી પણ વધુ કિંમતના સિમેન્ટ-કૉંક્રીટના રસ્તા બનાવવા જેવા અનેક પ્રોજેક્ટના કામ ફટાફટ હાથ ધર્યા હતા, તેનો ફાયદો તો ભાજપને મળ્યો હતો પણ સાથે સંયુક્ત શિવસેનાના વિભાજનને કારણે અનેક ભૂતપૂર્વ નગરસેવકો અને કાર્યકર્તા ઉદ્ધવ ઠાકરેનો સાથ છોડીને એકનાથ શિંદે સાથે જોડાઈ ગયા હતા.

શિવસેનાનું વિભાજન થવાનો ફાયદો ભાજપને થયો હતો, તો શિવસેનાનું વિભાજનથી ઉદ્ધવની સેનાને નુકસાન થયું હતું. મરાઠી માણુસ, મરાઠી અસ્મિતાને નામે ઉદ્ધવે જોકે કૉંગ્રેસની સાથે યુતિ નહીં કરીને મનસેની સાથે જવાના નિર્ણયથી પણ નુકસાન થયું હોવાનું માનવામાં આવે છે. કૉંગ્રેસના પરંપરાગત ગણાતા મુસ્લિમ, દલિત અને ઉત્તર ભારતીયોના મતોનું પણ નુકસાન થયું હતું. આવા અનેક પરિબળોને કારણે ઠાકરેને હાથમાં પાલિકાની ચૂંટણીમાં ફટકો પડયો હોવાનું માનવામાં આવે છે. ■

### આંગળીને વેઢે

જિજ્ઞાસા નિકુંજ શાહનો સમાવેશ થાય છે.

મહાપાલિકાની ચૂંટણી માટે ભાજપની ટિકિટ પરથી લડનારા કેટલાક ગુજરાતી-મારવાડીએ હાર ખમવી પડી હતી, જેમાં વૉર્ડ-૬૬ની આરતી પંડ્યા અને વૉર્ડ-૨૯ના નીતિન ચૌહાણનો સમાવેશ થાય છે. આરતી પંડ્યાને માત્ર ૭,૫૪૩ મત મળ્યા હતા, જ્યારે ૧૪,૨૫૪ મત સાથે કૉંગ્રેસના હૈદર મેહર મોહસીન જીતી ગયા હતા. બીજી તરફ, નીતિન ચૌહાણ અને યુબીટીના સચિન બાળકૃષ્ણ પાટીલ વચ્ચે ભારે રસાકસી જામી હતી. આખરે ૧૪,૦૩૮ મત સાથે પાટીલ વિજેતા બન્યા હતા.

કૉંગ્રેસ પક્ષ દ્વારા છ ગુજરાતીને ઉમેદવારી આપવામાં આવી હતી, પરંતુ છેએ છ જણે હાર ખમવી પડી હતી. આ ઉમેદવારોમાં પરાગ સુરેશચંદ્ર શાહ, પ્રદીપ ગુણવંતલાલ કોઠારી, ચેતન ભટ્ટ, સોનલ મહેશ પરમાર, પૃથ્વીરાજ જૈન અને સુદર્શન સોનીનો સમાવેશ થાય છે. આ સિવાય યુબીટીની ગુજરાતી ઉમેદવાર મુક્તા મહેશ પટેલ અને મનસેની એકમાત્ર ગુજરાતી ઉમેદવાર હેમાલી ભણસાલી પણ હારી ગઈ હતી. મુક્તા પટેલનો ભાજપની સ્વાતિ જયસ્વાલ સામે, જ્યારે હેમાલી ભણસાલીનો ભાજપની કલ્પેશા કોઠારી સામે પરાજય થયો હતો. ■

### ૨૯માંથી

હિતેન્દ્ર ઠાકુરની બહુજન વિકાસ આઘાડીએ સત્તા હાંસલ કરી હતી. વિદર્ભના લાતુર અને ચંદ્રપુરમાં કૉંગ્રેસે સત્તા હાંસલ કરી છે અને પરભણીમાં કૉંગ્રેસ -ઉદ્ધવ ઠાકરેની પાર્ટી સાથે મળીને સત્તા હાંસલ કરશે.

અહિલ્યાનગર મનપામાં ભાજપ અને એનસીપી સમાન બેઠકો પર વિજયી થયા હોવાથી કોનો મેયર બને છે તે જોવાનું રહેશે. ■

### વિભાજિત વિપક્ષ

સાથે, લગભગ ૨૦૦ વોર્ડમાં ભાજપ વિરોધી મતહિસ્સો અસરકારક રીતે ઘટાડી દીધો હતો.

વિશ્લેષકોએ જણાવ્યું હતું કે અંતિમ પરિણામો શિવસેનાના સ્થાપક બાળ ઠાકરેના વારસાના 'વાસ્તવિક' વારસદાર હોવાના શિંદેના દાવાને સમર્થન આપશે અને સૂચવે છે કે પરંપરાગત પક્ષના મતદારોનો એક મહત્ત્વપૂર્ણ ભાગ શાસક ગઠબંધનના ઘટક તરફ વફાદારી બદલી ગયો હોવાનું દર્શાવે છે.

આ પરાજય ઉદ્ધવ ઠાકરેને વિપક્ષી જૂથમાં હાંસિયામાં ધકેલી શકે છે. જો એમવીએ ફરી એકઠું થાય છે, તો ઉદ્ધવ ઠાકરે અને શરદ પવાર, જેમની પાર્ટી એનસીપી (એસપી) પણ ગઠબંધનમાં ભાગીદાર છે, તેમને બાજુ પર ધકેલી શકાય છે કારણ કે કૉંગ્રેસે વીબીએ અને આરએસપી સાથે હાથ મિલાવ્યા છે, એમ તેમણે જણાવ્યું હતું.

પક્ષનાં આંતરિક સૂત્રોએ સ્વીકાર્યું કે સંગઠનાત્મક સડો, વિશ્વસનીય સ્થાનિક નેતૃત્વનો અભાવ અને શહેરી મુદ્દાઓને ઉકેલવામાં નિષ્ફળતા તેના નબળા દેખાવમાં ફાળો આપે છે.

આ પતનથી એમવીએ ગઠબંધન માટે અસ્તિત્વનું સંકટ ઊભું થયું છે. બંને મુખ્ય ભાગીદારો, શિવસેના (યુબીટી) અને કૉંગ્રેસ, ખરાબ પ્રદર્શન કરી રહ્યા હોવાથી, શાસક મહાયુતિ ગઠબંધનનો વિશ્વસનીય વિકલ્પ હોવાનો ગઠબંધનનો દાવો વધુને વધુ પોકળ લાગે છે. ■

# ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર ૧૬ ફેબ્રુ.થી ૨૫ માર્ચ સુધી ચાલશે, કુલ ૨૬ બેઠક યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત વિધાનસભાના આગામી બજેટ સત્ર સત્રની તારીખ અંગે જાહેરાત કરવામાં આવી હતી. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટ બેઠકમાં બજેટની તૈયારીઓ અને રાજ્યના પ્રોજેક્ટ્સની સમીક્ષા કર્યા બાદ આ મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ સત્રની રૂપરેખા અને કામકાજ અંગેની મહત્ત્વની વિગતો અધ્યક્ષ શંકર ચૌધરી દ્વારા જાહેર કરવામાં આવી હતી.

પંદરમી ગુજરાત વિધાનસભાનું આઠમું સત્ર આગામી ૧૬ ફેબ્રુઆરીથી શરૂ થશે, જે ૨૫ માર્ચ સુધી ચાલશે. આ સત્રની શરૂઆત રાજ્યપાલના સંબોધનથી કરવામાં આવશે. સત્ર દરમિયાન વિધાનસભાના ઉપાધ્યક્ષની ચૂંટણી પણ યોજાશે. આગામી બજેટમાં મહત્ત્વના કાયદાકીય ફેરફારો થવાની પણ શક્યતાઓ છે. વિધાનસભાની કામકાજ સલાહકાર સમિતિની પુનઃ રચના પણ કરવામાં આવી છે. રાજ્યના નાણાપ્રધાન કનુ દેસાઇ ૨૦૨૬-૨૭નું અંદાજ પત્ર રજૂ કરશે.

મળતી વિગતો મુજબ, સત્રના પ્રથમ દિવસે, તા. ૧૬મી ફેબ્રુઆરીએ રાજ્યપાલશ્રી ગૃહને સંબોધિત કરશે. નાણાપ્રધાન કનુ દેસાઈ દ્વારા તા. ૧૭મી ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ નું અંદાજપત્ર (બજેટ) રજૂ કરવામાં આવશે. અંદાજપત્રની સાથે વર્ષ ૨૦૧૧-૧૨, ૨૦૧૪-૧૫, ૨૦૧૫-૧૬ અને ૨૦૧૮-૧૯ ના વધારાના ખર્ચના પત્રકો તેમજ વર્ષ ૨૦૨૫-૨૬ નાં પૂરક પત્રકો પણ રજૂ કરવામાં આવશે.આ સત્ર તા. ૧૬/૦૨/૨૦૨૬ થી તા. ૨૫/૦૩/૨૦૨૬ સુધી કામકાજના કુલ ૨૩ દિવસ ચાલશે, જેમાં કુલ ૨૬ બેઠકો યોજાશે. વિધાનસભાના કામકાજની વહેંચણી નીચે મુજબ કરવામાં આવી છે. જેમ કે રાજ્યપાલના સંબોધન પર ચર્ચા કરવા ૩ બેઠકો, સરકારી કામકાજ અને વિધેયકો માટે ૪ બેઠકો, નાણાકીય કામકાજ માટે કુલ ૧૮ બેઠકો રહેશે જેમાં અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા માટે ૪ બેઠકો, વિભાગવાર માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન માટે ૧૨ બેઠકો અને પૂરક માગણી પર ચર્ચા અને મતદાન માટે ૨ બેઠકો રહેશે, ૬ બેઠકમાં બિનસરકારી કામકાજ નિયમો મુજબ હાથ ધરવામાં આવશે.

આ સત્ર દરમિયાન તારાંકિત પ્રશ્નોનું કામકાજ હાથ ધરવામાં આવશે, જેના માટે માન. અધ્યક્ષશ્રી દ્વારા પ્રધાનોના પાંચ જૂથોની રચના કરવામાં આવી છે અને તારાંકિત પ્રશ્નોની સૂચના માટે વિગતવાર કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. ધારાસભ્યોની સુવિધા માટે પ્રશ્નોની સૂચના ઓનલાઈન અથવા ઓફલાઈન એમ બંને માધ્યમથી આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

સત્રની શરૂઆત પહેલા માન. અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીના પ્રમુખપદે કામકાજ સલાહકાર સમિતિની બેઠક યોજવામાં આવશે, જેમાં સત્ર દરમિયાન હાથ ધરવાના કામકાજની વિગતવાર ચર્ચા કરી તેની ભલામણો અનુસાર સભાગૃહમાં કામકાજ હાથ ધરવામાં આવશે.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, નાણાપ્રધાન કનુભાઈ દેસાઈ આ વર્ષે ગુજરાતનું અત્યાર સુધીનું સૌથી મોટું બજેટ રજૂ કરી શકે છે. ગત વર્ષના બજેટની સરખામણીએ આ વર્ષે ૧૫ ટકાનો વધારો જોવા મળી શકે છે. અંદાજવામાં આવી રહ્યું છે કે રાજ્ય સરકાર ૩.૯૦ લાખ કરોડ રૂપિયાનું બજેટ રજૂ કરશે. નાણાં વિભાગે આ અંગેની તમામ તૈયારીઓ તેજ કરી દીધી છે. તે ઉપરાંત આ સત્રમાં યુનિફોર્મ સિવિલ કોડ (UCC) સહિત સરકાર દ્વારા સાત નવા બિલ પણ લાવવાની શક્યતા છે.

# રાજ્યમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીનું કાઉન્ટડાઉન શરૂ, ૨૭ ટકા ઓબીસી અનામતનો પ્રથમ વખત અમલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીની ઘડીઓ ગણાઈ રહી છે. સ્થાનિક લોકોથી લઈને રાજકીય પક્ષો પણ ચૂંટણીની કાગડોળે રાહ જોઈ રહ્યા છે. આગામી ફેબ્રુઆરીના અંત સાથે અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, જામનગર અને ભાવનગર એમ છ મહાનગરપાલિકાઓ સહિત ૩૦ જિલ્લા પંચાયતો, ૮૧ નગરપાલિકાઓ તથા અંદાજે ૨૫૦ તાલુકા પંચાયતોમાં ચૂંટાયેલા જનપ્રતિનિધિઓની પાંચ વર્ષની મુદ્દત પૂર્ણ થવા જઈ રહી છે. મુદ્દત પૂરી થતાં જ આ તમામ સંસ્થાઓમાં ચૂંટાયેલા શાસનનું સ્થાન વહીવટદારો લેશે.

સૂત્રોના જણાવ્યા મુજબ, ફેબ્રુઆરીના અંતથી આ તમામ સંસ્થાઓ વહીવટી તંત્રના હાથમાં જશે. મહાનગરપાલિકાઓમાં સંબંધિત મ્યુનિસિપલ કમિશનરોને વહીવટદાર તરીકે જવાબદારી સોંપાશે. જ્યારે જિલ્લા પંચાયતોમાં આઈએએસ કેડરના અધિકારીઓ નિયુક્ત કરાશે. નગરપાલિકાઓમાં ડેપ્યુટી કલેક્ટર અથવા મામલતદારને તથા તાલુકા પંચાયતોમાં ટીડીઓને વહીવટદાર તરીકે નિમવામાં આવશે. આ વ્યવસ્થા ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી યથાવત રહેશે. રાજ્ય ચૂંટણી આયોગે પણ અંદરખાને તૈયારીઓ આરંભી દીધી છે.

૧૪ ફેબ્રુઆરીએ ભારતના ચૂંટણી પંચ દ્વારા મતદાર યાદીની આખરી પ્રસિદ્ધિ થવાની છે. આ યાદી આધારે રાજ્ય ચૂંટણી આયોગ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટેના મતવિસ્તાર, વોર્ડ રચના અને મતદાન કેન્દ્રોની ગોઠવણી કરશે. માર્ચ મહિના દરમિયાન મતદાર મંડળોની અંતિમ રચના પૂરી કરવામાં આવશે. રાજકીય વર્તુળોમાં ચર્ચા છે કે, એપ્રિલના બીજા કે ત્રીજા સપ્તાહે ચૂંટણીનું ઔપચારિક એલાન થઈ શકે છે. ત્યારબાદ મે મહિનાના મધ્ય ભાગમાં મતદાન યોજાય તેવી પૂરી સંભાવના છે. સ્થાનિક સ્વરાજ્યની આ ચૂંટણીને 'મિની વિધાનસભા' તરીકે ઓળખવામાં આવે છે, કારણ કે તેનાં પરિણામો આવનારી વિધાનસભાની ચૂંટણી પર સીધી અસર પાડતા હોય છે. નવ રચિત મહાનગરપાલિકાઓમાં હાલમાં જ વહીવટદારો કાર્યરત છે. બનાસકાંઠા તથા નવી રચાયેલ વાવથરાદ જિલ્લા પંચાયતોમાં પણ ચૂંટાયેલ બોડી નથી, તેથી ત્યાં પહેલેથી વહીવટી શાસન ચાલે છે. ફેબ્રુઆરી બાદ સમગ્ર રાજ્યમાં આવી સ્થિતિ વ્યાપક બનશે.

રાજકીય પક્ષોએ પણ અંદરખાને ઉમેદવારોની પસંદગી, સંગઠન મજબૂત કરવું અને મતદારો સુધી પહોંચવાની રણનીતિ ઘડવાનું કામ શરૂ કરી દીધું છે. ગામડાંથી લઈને મહાનગરો સુધી રાજકીય ગરમાવો ધીમે ધીમે વધતો જોવા મળી રહ્યો છે. આ ચૂંટણી ૨૦૨૭માં યોજાનારી વિધાનસભાની ચૂંટણી પહેલાં સૌથી મોટો રાજકીય મોરચો ગણાશે. ૨૭ ટકા ઓબીસી અનામત અમલ સાથે યોજાનારી આ પહેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી હશે.કુલ ૧૫ મહાનગરપાલિકાઓ (નવ નવી + છ જૂની)ની ચૂંટણી યોજાશે, જે ૬૮ વિધાનસભા બેઠકોને સીધી અસર કરશે. ૩૨ જિલ્લા પંચાયતો (એક નવી અને ૩૧ જૂની) માટેનું મતદાન ૧૦૪ વિધાનસભા ક્ષેત્રોને અસર કરશે. ૨૪૯ તાલુકા પંચાયતોની ચૂંટણી પણ અંદાજે ૧૦૪ બેઠકોના રાજકીય સમીકરણ બદલી શકે છે. ૮૦ નગરપાલિકાઓનાં પરિણામો ૭૪ વિધાનસભા બેઠકો પર અસરકારક સાબિત થશે. આ રીતે રાજ્યની ૧૮૨માંથી ૧૭૦થી વધુ વિધાનસભા બેઠકો પર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો સ્પષ્ટ પ્રભાવ જોવા મળશે, તેથી તમામ રાજકીય પક્ષો માટે આ ચૂંટણી અત્યંત મહત્ત્વની બની રહી છે.

# ગુજરાતમાં ૧૪-૧૫ જાન્યુઆરીએ ૧૧ હજારથી વધારે ઇમર્જન્સી કોલ નોંધાયા, પતંગની દોરીથી સુરતમાં સાત સહિત કુલ ૧૧નાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં ઉત્તરાયણના પર્વની હર્ષોલ્લાસભેર ઉજવણી થઈ હતી. જો કે આ મકરસંક્રાંતિના બે દિવસ દરમિયાન રાજ્યમાં કેટલાક નિર્દોશ લોકોના મૃત્યુ પણ થયાં હતાં. ૧૪ અને ૧૫મી જાન્યુઆરીના દિવસ દરમિયાન પતંગની દોરી વાગવાથી કુલ ૧૧ લોકોનાં મોત નીપજ્યાં હતાં. આ પરિવારોમાં ઉત્તરાયણનો ઉત્સાહ માતમમાં છવાયો હતો. ગુજરાતમાં સૌથી વધારે સાત લોકોનાં મોત સુરતમાં નીપજ્યાં હતાં. જ્યારે અમદાવાદ, અરવલ્લી, ખંભાત અને જંબુસરમાં એક એક વ્યક્તિનું મોત નીપજ્યું હતું. આ ઉપરાંત ૧૦૮ ઇમર્જન્સી મેડિકલ સર્વિસીસે આપેલી માહિતી પ્રમાણે, બે દિવસમાં કુલ ૧૧,૫૭૮ ઇમર્જન્સી કેસ નોંધાયા હતા.

૧૦૮ ઇમર્જન્સી મેડિકલ સર્વિસીસ (ઈએમએસ) એ ઉત્તરાયણ ૨૦૨૬ દરમિયાન સરળ કટોકટી પ્રતિભાવ સુનિશ્ચિત કરવા માટે અદ્યતન આગાહી, વ્યૂહાત્મક તૈનાતી અને ચોવીસ કલાક કામ કર્યું હતું. ૧૪ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ, ૧૦૮-ઈએમએસએ રાજ્યભરમાં ૫,૮૯૭ ઇમરજન્સી કેસ નોંધાયા હતા. જે સામાન્ય દિવસની તુલનામાં એકંદરે ૩૩ ટકાથી વધારે છે. ૧૫ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ એટલે વાસી ઉત્તરાયણમાં રાજ્યભરમાં ૫,૬૮૧ કટોકટીના કેસો નોંધાયા હતા. જે સામાન્ય દિવસની તુલનામાં એકંદરે ૨૮ ટકાથી વધારે છે. એકંદરે, ઉત્તરાયણના બે દિવસ દરમિયાન ૧૦૮-ઈએમએસ દ્વારા કુલ ૧૧,૫૭૮ ઇમરજન્સી કેસ નોંધાયા હતા. સામાન્ય દિવસની સરખામણીમાં ૧૪ અને ૧૫મી જાન્યુઆરીના દિવસે વધારે ઇમરજન્સી કેસ નોંધાયા હતા. ૧૪મી તારીખે સામાન્ય દિવસની સરખામણીમાં ૩૩.૩ ટકા કેસ વધારે નોંધાયા હતા. બુધવારે કુલ ૫૮૯૭ કેસ નોંધાયા હતા. જ્યારે ૧૫મી તારીખે સામાન્ય દિવસની સરખામણીમાં ૧૮.૪ ટકા કેસ વધારે નોંધાયા હતા. ગુરુવારે કુલ ૫૬૮૧ કેસ નોંધાયા હતા.

સુરતના વેડ રોડ અને અડાજણને જોડતા બ્રિજ પર હચમચાવી નાખે તેવી ઘટના બની હતી. ૩૫ વર્ષીય રેહાન પોતાની પત્ની અને સાત વર્ષની પુત્રી આયેશા સાથે સુભાષ ગાર્ડન ફરીને પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન બ્રિજ પર અચાનક પતંગની દોરી આડી આવતા રેહાને ટુ વ્હિલરનું સંતુલન ગુમાવ્યું હતું. બાઇક ડિવાઇડર સાથે અથડાતા ત્રણેય સભ્યો બ્રિજ પરથી નીચે પડ્યા હતા. આ ભયાનક અકસ્માતમાં રેહાના અને માસૂમ આયેશાનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. પત્ની રેહાના નીચે ઊભેલી રિક્ષા પર પડતા તેમને ગંભીર ઇજાઓ પહોંચી છે અને હોસ્પિટલમાં સારવાર દરમિયાન મૃત્યુ નીપજ્યું હતું.

# આપ ધારાસભ્ય ચૈતર વસાવાએ ૨૯મા રાજ્ય તરીકે 'ભીલ પ્રદેશ'ની માગ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મધ્ય પ્રદેશના ચૈનપુરમાં યોજાયેલા આદિવાસી એકતા સંમેલનમાં ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ હાજરી આપી હતી અને સંબોધન કર્યું હતું. પોતાના સંબોધન દરમિયાન આમ આદમી પાર્ટીના ધારાસભ્યએ દેશના ૨૯મા રાજ્ય તરીકે 'ભીલ પ્રદેશ'ની માગ કરી હતી. મધ્ય પ્રદેશ, રાજસ્થાન અને ગુજરાતના હજારો આદિવાસીઓની વિશાળ મેદનીને સંબોધતા વસાવાએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, આદિવાસી સમુદાયના સર્વાંગી કલ્યાણ અને વિકાસ માટે એક અલગ સ્વાયત્ત રાજ્ય અનિવાર્ય છે.

ધારાસભ્ય વસાવાએ પોતાના સંબોધનમાં ભારપૂર્વક કહ્યું હતું કે, અમને અમારો ભીલ પ્રદેશ જોઈએ છે અને અમે તેના માટે લડવા તૈયાર છીએ. મધ્ય પ્રદેશ સહિતનાં રાજ્યોમાં આદિવાસી વિસ્તારોની સ્થિતિ દયનીય છે અને વર્તમાન સરકારો આ સમુદાયના કલ્યાણ માટે પૂરતા પ્રયાસો કરી રહી નથી. આદિવાસીઓના કલ્યાણ માટેની યોજનાઓ તેમના સુધી પહોંચી રહી નથી અને આ સ્થિતિમાં સુધારો લાવવા માટે 'ભીલ પ્રદેશ' એકમાત્ર અસરકારક ઉકેલ છે.

ચૈતર વસાવાએ આદિવાસીઓના ઇતિહાસ અને મૂળ ઓળખ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે કહ્યું હતું, અમે વનબંધુ નથી, અમે વનવાસી નથી, અમે આદિવાસી છીએ અને આદિવાસી જ રહીશું.

# અમદાવાદના પોશ વિસ્તારમાં દારૂની મહેફિલ પર પોલીસનો દરોડોઃ ચાર યુવતી સહિત ૨૧ ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના પોશ ગણાતા પંચવટી વિસ્તારમાં આવેલ 'સેન્ટેરિયલ વિસ્ટા' બિલ્ડિંગની અગાશી પર વાસી ઉત્તરાયણના દિવસે ચાલી રહેલી શરાબ અને હુક્કાની મહેફિલ પર પોલીસે મોડી રાત્રે ત્રાટકીને મોટી કાર્યવાહી કરી હતી ગુજરાત યુનિવર્સિટી પોલીસને ગુપ્ત બાતમી મળી હતી કે બિલ્ડિંગના ધાબા પર ડીજેના તાલે દારૂ અને હુક્કા સાથે પાર્ટી ચાલી રહી છે. પોલીસે દરોડો પાડતા જ ઘટનાસ્થળે અફરાતફરી મચી ગઈ હતી. આ કાર્યવાહી દરમિયાન પોલીસે ૪ યુવતીઓ સહિત કુલ ૨૧ નબીરાઓની અટકાયત કરી હતી.

પોલીસ તપાસમાં બહાર આવ્યું હતું કે, આ પાર્ટીનું આયોજન બિલ્ડિંગના ફ્લેટ નંબર ૫૦૨માં રહેતા અને ખાનગી કંપનીમાં નોકરી કરતા કુશલ શાહ નામના યુવકે કર્યું હતું. અગાશી પર મોંઘી વિદેશી દારૂની બોટલો, હુક્કા, ચાઈનીઝ ફૂડ અને વિવિધ ફળોની વ્યવસ્થા કરવામાં આવી હતી. ડીજેના જોરદાર અવાજ અને નશામાં ધૂત યુવાનોના હંગામાથી કંટાળીને સ્થાનિક લોકોએ પોલીસ કંટ્રોલ રૂમને જાણ કરી હતી, જેના આધારે પોલીસે તાત્કાલિક સ્થળ પર પહોંચી મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

પકડાયેલા તમામ વ્યક્તિઓ સુખી-સંપન્ન પરિવારના હોવાનું જાણવા મળ્યું હતું. તબીબી તપાસમાં પુષ્ટિ થઈ છે કે પાર્ટીમાં હાજર તમામ લોકો નશાની હાલતમાં હતા. પોલીસે સ્થળ પરથી દારૂની ખાલી અને ભરેલી બોટલો તેમજ હુક્કાના સાધનો કબજે કર્યા હતા. આ મામલે ગુજરાત પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધીને પોલીસે ધરપકડની કાર્યવાહી હાથ ધરી હતી. આટલી મોટી માત્રામાં દારૂ ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને આ આયોજનમાં અન્ય કોઈ વ્યક્તિઓની સંડોવણી છે કે કેમ હાલમાં પોલીસ એ દિશામાં તપાસ કરી રહી છે. પ્રતિબંધ હોવા છતાં પોશ વિસ્તારોમાં યુવાનો દ્વારા આ પ્રકારે કાયદાના લીરેલીરા ઉડાડતી પાર્ટીઓ યોજવામાં આવતા અનેક સવાલો ઊભા થયા હતા.

# વડોદરાના જરોદમાં કારની ટક્કરે બાઈક ફંગોળાયું, નવ વર્ષની બાળકી સહિત બેનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા જિલ્લાના વાઘોડિયા તાલુકાના જરોદ ગામ નજીક માર્ગ અકસ્માતની ઘટના સામે આવી છે. જેમાં હાલોલ વડોદરા મુખ્ય માર્ગ પર આવેલી રિલીઝ હોટલ પાસે રોડ ક્રોસ કરી રહેલા એક મોટર સાઇકલ ચાલકને ઇકો કારએ જોરદાર ટક્કર મારતા બાઈક ચાલક સહિત ૯ વર્ષની બાળકીનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.

આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર, નાયક હરસિંગભાઈ પોતાની બાઈક પર વાઘોડિયા તાલુકાના જરોદ ગામ નજીકથી પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન હાલોલ તરફથી પુરપાટ ગતિએ આવતી કારે તેમના બાઈકને ટક્કર મારીને ઉલાળ્યું હતુ. આ અકસ્માતમાં હરસિંગભાઈ અને ૯ વર્ષની બાળકી રક્ષા ફૂટબોલની માફક ફંગોળાઈને રોડ પર પટકાયા હતા. જેમાં ગંભીર ઈજા પહોંચતા બન્નેનાં મોત નીપજ્યાં હતાં.

આ ઘટનાના પગલે અકસ્માત સ્થળે મોટી સંખ્યામાં લોકો એકઠા થઈ હતા. આ ઘટનાની જાણ થતાં જરોદ પોલીસ મથકનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. જેમણે પંચનામું કરીને બન્નેના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપ્યા હતા. આ મામલે પોલીસે અકસ્માતે મોતનો ગુનો દાખલ કરીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગુજરાત નેશનલ સ્ટાર્ટઅપ રેન્કિંગમાં પાંચમી વખત 'બેસ્ટ પરફોર્મર સ્ટેટ' બન્યુંઃ જીતુ વાઘાણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગાંધીનગર ખાતે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં રાજ્ય મંત્રીમંડળની બેઠક મળી હતી. આ બેઠકમાં ચર્ચાયેલા વિષયો અંગે પ્રવક્તા પ્રધાન જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારની ઉદ્યોગ સાહસિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપતી નીતિઓના પરિણામે ગુજરાતને નેશનલ સ્ટાર્ટઅપ રેન્કિંગમાં પાંચમી વખત 'બેસ્ટ પરફોર્મર સ્ટેટ'નો દરજ્જો મળ્યો છે. આ એવોર્ડ વર્ષ ૨૦૨૪માં સ્ટાર્ટઅપ ક્ષેત્રે રાજ્ય સરકારે કરેલી ઉત્કૃષ્ટ કામગીરી બદલ એનાયત કરવામાં આવ્યો છે.

આ અગાઉ પણ ગુજરાતને ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઇન્ડસ્ટ્રી એન્ડ ઇન્ટર્નલ ટ્રેડ (DPIIT), ભારત સરકાર દ્વારા આયોજિત સ્ટેટ સ્ટાર્ટઅપ રેન્કિંગમાં વર્ષ ૨૦૧૮, ૨૦૧૯, ૨૦૨૦ અને ૨૦૨૨ માટે એમ કુલ ચાર વાર બેસ્ટ પરફોર્મર સ્ટેટ તરીકે માન્યતા પ્રાપ્ત થઈ છે. આજે એ જ અનુક્રમને જાળવી રાખતા ગુજરાતે ફરી એકવાર વર્ષ ૨૦૨૪ના 'બેસ્ટ પરફોર્મર સ્ટેટ' તરીકેની માન્યતા પ્રાપ્ત કરી છે. ગુજરાત ઔદ્યોગિક નીતિ હેઠળ રાજ્ય સરકારે ૪૩૦થી વધુ સ્ટાર્ટઅપ્સને અંદાજે રૂ. ૬૫ કરોડની નાણાકીય સહાય આપી છે. આજે ગુજરાતમાં ૧૬ હજારથી વધુ સ્ટાર્ટઅપ્સ કાર્યરત છે, જેમાં ૨૦૦થી વધુ ઇન્ક્યુબેટર્સ અને શૈક્ષણિક સંસ્થાઓ, ૮૫૦થી વધુ મહિલાઓની આગેવાની હેઠળના સ્ટાર્ટઅપ્સ તથા શહેરી-ગ્રામીણ વિસ્તારોમાં ૩૫૦થી વધુ પાયાના સ્ટાર્ટઅપ્સનો સમાવેશ થાય છે. આ ઉપરાંત નવા વિચારોને પ્રોડક્ટમાં રૂપાંતરિત કરવા માટે રાજ્યમાં ૧૮૦થી વધુ ઇન્ક્યુબેટર્સ અને નોડલ સંસ્થાઓ પણ કાર્યરત છે.

# માવઠા અને ગ્લોબલ વોર્મિંગની અસરથી ગીર પંથકમાં આંબે મોર ન આવતા ખેડૂતો નિરાશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગીર પંથકમાં પાકતી વિશ્વપ્રસિદ્ધ કેસર કેરીનું ઉત્પાદન આવનારા સમયમાં ઘટવાની ભીતિ સતાવી રહી છે. કમોસમી વરસાદ, વધતું તાપમાન અને ગ્લોબલ વોર્મિંગની સીધી અસર આંબાના પાક પર જોવા મળી રહી છે, જેના કારણે ખેડૂતો સાથે બાગાયત નિષ્ણાતો પણ ચિંતિત બન્યા છે.

બાગાયત ક્ષેત્રના જાણકારોના જણાવ્યા મુજબ ગીર વિસ્તારમાં આવેલા આંબાના અંદાજે ૮૦ ટકા ઝાડોમાં હજી સુધી ફ્લાવરિંગ આવ્યું નથી. સામાન્ય રીતે નવેમ્બર અને ડિસેમ્બર મહિનામાં આંબાના ઝાડ પર ફૂલ આવે છે, જે કેસર કેરીના પાક માટે મહત્ત્વપૂર્ણ તબક્કો માનવામાં આવે છે, પરંતુ આ વર્ષે વાતાવરણમાં અચાનક થયેલા ફેરફારો, કમોસમી વરસાદ અને તાપમાનમાં વધારાના કારણે ફ્લાવરિંગ પ્રક્રિયા બગડી હોવાનું નિષ્ણાતો માની રહ્યા છે.

બીજી તરફ કેસર પકવતા ખેડૂતોનું કહેવું છે કે પાછલાં કેટલાંક વર્ષોથી હવામાનની અનિશ્ચિતતા વધી ગઈ છે. ક્યારેક મોસમ બહાર વરસાદ તો ક્યારેક અસામાન્ય ગરમીના કારણે પાકને નુકસાન ભોગવવું પડી રહ્યું છે. ખાસ કરીને આ વર્ષે ઠંડી અને ગરમીની જરૂરી અસર ન મળતા આંબાના ઝાડ પર ફૂલ ન આવવાની સમસ્યા ઊભી થઈ છે. આટલું જ નહીં, જો યોગ્ય સમયે ફ્લાવરિંગ ન થાય તો કેસર કેરીના ફળના કદ, રંગ અને સ્વાદ પર તેની સીધી અસર પડે છે. આવી પરિસ્થિતિમાં કેરીમાં ખાંડનું પ્રમાણ ઘટી શકે છે, જેના કારણે કેસર કેરીનો સ્વાદ કડવો કે ફિક્કો બની શકે છે. આ સાથે જ કેરીની બજાર કિંમત અને માગ પર પણ અસર પડવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે.

આમ, એક તરફ ખેડૂતોને મહેનતનું યોગ્ય વળતર મળશે કે નહીં તેની ચિંતા છે તો બીજી તરફ કેરી રસિકો પણ આ વર્ષે મનપસંદ કેસર કેરીનો અસલી સ્વાદ મળશે કે નહીં તે અંગે અસમંજસમાં છે. જો આગામી દિવસોમાં પણ હવામાનમાં સતત ફેરફાર ચાલુ રહેશે તો ગીરની ઓળખ બની ગયેલી કેસર કેરી માટે આ વર્ષ મુશ્કેલ સાબિત થઈ શકે છે.

# અમદાવાદમાં છેલ્લાં છ વર્ષમાં જાન્યુઆરીની સૌથી ખરાબ હવા, એક્યુઆઈ ૧૮૦ને પાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં શિયાળાએ જોર પકડતાની સાથે જ અમદાવાદમાં હવાની ગુણવત્તામાં ભારે ઘટાડો જોવા મળ્યો હતો. શહેરનો એર ક્વોલિટી ઈન્ડેક્સ ૧૮૦ નોંધાયો હતો, જે છેલ્લા છ વર્ષમાં જાન્યુઆરી મહિનાનો સૌથી ખરાબ આંકડો છે. વર્ષ ૨૦૨૦માં જાન્યુઆરીનો એક્યુઆઈ ૧૨૪ હતો, જેની સરખામણીએ આ વર્ષે મોટો ઉછાળો જોવા મળ્યો હતો. છેલ્લા પાંચ વર્ષથી જાન્યુઆરીમાં પ્રદૂષણનું સ્તર ૧૧૭ થી ૧૩૦ ની વચ્ચે રહેતું હતું, પરંતુ આ વર્ષે તે સીધું ૧૮૦ પર પહોંચી જતાં નાગરિકોના સ્વાસ્થ્ય માટે ચિંતા ઊભી કરી હતી. હવામાં પ્રદૂષણ વધવાનું મુખ્ય કારણ ઘટતું તાપમાન અને વહેલી સવારનું ધુમ્મસ માનવામાં આવે છે. ઠંડા અને શાંત પવનોને કારણે પ્રદૂષિત કણો જમીન નજીક જકડાઈ રહ્યા છે, જેના પરિણામે સવારના સમયે આકાશમાં ધૂંધળું વાતાવરણ જોવા મળે છે. વિઝિબિલિટી ઘટવાને કારણે વાહનચાલકોને પણ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. રાજ્યમાં પવનની દિશા બદલાતા ઠંડીનું જોર પણ વધ્યું છે, જેમાં નલિયા ૫.૨ ડિગ્રી તાપમાન સાથે રાજ્યનું સૌથી ઠંડું શહેર રહ્યું છે. અમદાવાદમાં લઘુતમ તાપમાન ગગડીને ૧૧.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે સામાન્ય કરતા ૦.૮ ડિગ્રી ઓછું છે. તેવી જ રીતે ગાંધીનગરમાં ૧૦.૫ ડિગ્રી, ભુજમાં ૯.૪ ડિગ્રી અને ડિસામાં ૯.૩ ડિગ્રી તાપમાન નોંધાતા કડકડતી ઠંડીનો અનુભવ થયો હતો.

# કરુણા અભિયાનથી ઉત્તરાયણમાં ઇજાગ્રસ્ત થયેલા ૮,૨૦૦થી વધુ પક્ષીને અપાયું નવજીવન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ઉત્તરાયણના તહેવાર દરમિયાન પતંગની દોરીથી ઇજાગ્રસ્ત થયેલા પક્ષીઓની વહારે રાજ્ય સરકારનું 'કરુણા અભિયાન' આવ્યું છે. ગૃહ રાજ્ય પ્રધાન હર્ષ સંઘવીએ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર વિગતો આપતા જણાવ્યું હતું કે, ૧૫ જાન્યુઆરી, ૨૦૨૬ સુધીમાં સમગ્ર રાજ્યમાં કુલ ૯,૨૦૫ ઇજાગ્રસ્ત પક્ષીઓની સારવાર કરવામાં આવી હતી. આ સઘન પ્રયાસોના પરિણામે ૮,૨૦૭ જેટલા પક્ષીઓને સફળતાપૂર્વક બચાવી લેવામાં આવ્યા હતા. પક્ષીઓ અને પ્રાણીઓની સારવાર માટે વર્ષ ૨૦૧૭થી શરૂ કરવામાં આવેલું આ અભિયાન ઉત્તરાયણ જેવા તહેવારોમાં અબોલ જીવો માટે આશીર્વાદરૂપ સાબિત થયું હતુ. હર્ષ સંઘવીએ પક્ષીઓના જીવ બચાવવા બદલ અભિયાન સાથે જોડાયેલા તમામ લોકોની કામગીરીને બિરદાવી હતી. જોકે, આ આંકડાઓ ફરી એકવાર ચાઈનીઝ માંજાના જોખમ તરફ આંગળી ચીંધે છે. પ્રતિબંધ હોવા છતાં ચાઈનીઝ દોરીનો ઉપયોગ સ્થાનિક અને યાયાવર પક્ષીઓ માટે જીવલેણ સાબિત થઈ રહ્યો છે. સરકારે આ અભિયાન દ્વારા નાગરિકોને પણ અપીલ કરી હતી કે તેઓ પક્ષીઓના જીવ જોખમમાં મૂકતી દોરીનો ત્યાગ કરે અને પર્યાવરણની જાળવણીમાં સહકાર આપે.

# નીટ-પીજી વિવાદઃ ક્વૉલિફાઈંગ પર્સેન્ટાઈલમાં ધરખમ ઘટાડા સામે ફોરડાનો ઉગ્ર વિરોધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મેડિકલ પોસ્ટગ્રેજ્યુએટ કોર્સમાં પ્રવેશ માટે ક્વૉલિફાઈંગ પર્સેન્ટાઈલમાં કરવામાં આવેલા ધરખમ ઘટાડાને પગલે મોટો વિવાદ ઊભો થયો હતો. ફેડરેશન ઑફ રેસિડેન્ટ ડૉક્ટર્સ એસોસિએશને સરકારના આ નિર્ણયનો સખત વિરોધ કર્યો હતો. એસોસિયેશને ચેતવણી આપી હતી કે લાયકાતના ધોરણોમાં આટલો મોટો ઘટાડો તબીબી વ્યવસાયમાં જાહેર જનતાના વિશ્વાસને નબળો પાડી શકે છે. ફોરડાએ આ નિર્ણય પર તાત્કાલિક પુનઃવિચાર કરવાની માગ કરી હતી.

ફોરડાએ કેન્દ્રીય સ્વાસ્થ્ય પ્રધાનને લેખિત ફરિયાદ કરતા જણાવ્યું હતું કે, પાત્રતાના ધોરણોમાં આટલો અતિશય ઘટાડો તબીબી ક્ષેત્રમાં અવિશ્વાસની સ્થિતિ પેદા કરશે. એસોસિયેશને જણાવ્યું કે પર્સેન્ટાઈલ બેન્ચમાર્ક એટલા માટે નક્કી કરવામાં આવે છે જેથી નાગરિકોને સક્ષમ અને ઉચ્ચ ગુણવત્તા ધરાવતા ડૉક્ટરો પાસેથી સારવાર મળે. મેડિકલ શિક્ષણની અખંડિતતા જળવાઈ રહે તે જરૂરી છે. સંસ્થાએ આ બાબતે નિષ્ણાત સમિતિની રચના કરવાની અને ભવિષ્યમાં આવા એકતરફી નિર્ણયો લેવાને બદલે ડૉક્ટરોના સંગઠનોને સાથે રાખવા અપીલ કરી છે.

સામાન્ય રીતે, એમડી અને એમએસ જેવા પોસ્ટગ્રેજ્યુએટ કોર્સમાં પ્રવેશ માટે સામાન્ય શ્રેણીના ઉમેદવારો માટે ૫૦ પર્સેન્ટાઈલ અને અનામત શ્રેણી માટે ૪૦ પર્સેન્ટાઈલ ફરજિયાત હતા.

# સંસ્થા સમાચાર

## દેવલાલીમાં ધીરગુરુદેવની ૪૫મી દીક્ષા જયંતિ અભિવંદના સમારોહ



દેવભૂમિ દેવલાલીના આંગણે ગોંડલ સંપ્રદાયના શતાધિક ઉપાશ્રય નિર્માણ પ્રણેતા બિન સાંપ્રદાયિક ધર્મસ્થાનકોના પ્રેરક પૂ. શ્રી ધીરગુરુદેવની ૪૫મી દીક્ષા જયંતિ અભિવંદના અવસરનું ૧૫ ફેબ્રુઆરી રવિવારે, સવારે ૯:૩૦ કલાકે ડુંગર દરબાર, મેંગો ટ્રી હોલ, શનિ મંદિર સામે, લામ રોડ ખાતે આયોજન કરવામાં આવેલ છે.

આ મંગલોતમ અવસરે દેવલાલીમાં બિરાજિત પૂ. સંત-સતીજીઓના દર્શનાદિનો લાભ મળશે. અત્રે યાદ આપવું જરૂરી છે કે જશાપરના વતની અને ૮૦ વર્ષની વયના પૂજ્યપાદ શ્રી પ્રેમગુરુવર તથા ૨૪ વર્ષના પૂ. શ્રી ધીરગુરુદેવ (પિતા-પુત્ર) એ એકી સાથે આચાર્ય પૂ. જશાજી સ્વામીના પાટાનુપાટ દીક્ષા અંગીકાર કરેલ.

પૂ. શ્રી ધીરગુરુદેવની અસીમ કૃપાથી આજ સુધીમાં ૧૦૮ થી વધુ ઉપાશ્રય, વિહારધામ, ગૌશાળા, ગર્લ્સ હોસ્ટેલ, જૈન બોર્ડિંગ, મેડિકલ સેન્ટર વગેરેના નિર્માણ-નૂતનીકરણ થવા પામેલ છે. જીવન ઉપયોગી અનેક પુસ્તકોનું પ્રકાશન થયેલ છે.

હાલમાં ગ્રામ્ય વિસ્તારમાં દંતયજ્ઞ અને વિનામૂલ્યે બત્રીસી અર્પણના ૪૫ કેમ્પ પૂર્ણ થયેલ છે. અનેક મુમુક્ષોના દીક્ષા દાતા છે. મંઝિલ એક માર્ગ અનેક પુસ્તકની નવ્ય-આવૃત્તિની અર્પણ વિધિ યોજાશે.

પૂ. ગુરુદેવ દેવલાલીમાં કુંદનબેન નવીનભાઈ દોશી, કોરલ નેચરોપથી, લામ રોડ ખાતે બિરાજમાન છે.

## પોરબંદરના સાંદીપનિના શ્રીહરિ મંદિરના ૨૦મો પાટોત્સવ



પોરબંદરના સાંદીપનિના શ્રીહરિ મંદિરના ૨૦મો પાટોત્સવ મહામહોત્સવ તરીકેની ઉજવણીના ભાગરૂપે પૂજ્ય ભાઈશ્રી શ્રી રમેશભાઈ ઓઝાના પાવન સાનિધ્યમાં સાંદીપનિ સભાગૃહમાં પોરબંદરના શ્રેષ્ઠીઓની ઉપસ્થિતિમાં બેઠક યોજાઈ હતી.

શ્રીહરિ મંદિરના ૨૦મા પાટોત્સવ અંતર્ગત મહામહોત્સવની ઉજવણીના ભાગ સ્વરૂપે સાંદીપનિ સભાગૃહમાં આયોજિત બેઠકના પ્રારંભમાં પોરબંદરની તમામ સંસ્થાઓ અને સમાજના શ્રેષ્ઠીઓનું અને પત્રકારોનું સંસ્થાના ટ્રસ્ટી ડૉ. ભરતભાઈ ગઢવી દ્વારા શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યુ.

પૂજ્ય ભાઈશ્રીએ સાંદીપનિ વિદ્યાનિકેતનમાં ચાલતી તમામ શૈક્ષણિક સંસ્થાઓનો પરિચય આપીને શ્રીહરિ મંદિરને ૨૦વર્ષની યાત્રાનું ટૂંકમાં વર્ણન કરીને આ વર્ષે તા. ૨૧-૦૧-૨૬ થી તા. ૨૫-૦૧-૨૬ સુધી આયોજિત શ્રી હરિ મંદિર પાટોત્સવ - ૨૦૨૬ મહામહોત્સવની વિશેષતા તેમજ સમગ્ર મહોત્સવના તમામ કાર્યક્રમોની રૂપરેખા વિગતવાર વર્ણવી હતી. તેમજ આ સાથે પૂજ્ય ભાઈશ્રીએ બેઠકમાં ઉપસ્થિત પોરબંદર શહેરની તમામ સંસ્થાઓ તથા સમાજના અગ્રણીઓ, સૌ પત્રકારોબંધુઓને તેમજ પોરબંદર જિલ્લાના સર્વે ભાવિકોને શ્રીહરિ મંદિર ૨૦મા પાટોત્સવ અંતર્ગત મહામહોત્સવમાં જોડાવા માટે આહ્વાન કર્યુ હતુ.

આ બેઠકમાં આવેલા સૌ મહાનુભાવોએ શ્રીહરિ મંદિરના મહામહોત્સવમાં ઉત્સાહ સાથે. સ્વયંભુ જોડાવા માટે તૈયારી દર્શાવી હતી. બેઠકના અંતે સંસ્થાના ટ્રસ્ટી ડો.ભરતભાઈ ગઢવીએ સૌ મહાનુભાવોનો આભાર વ્યક્ત કર્યો હતો. ■

# બોમ્બે હાઇ કોર્ટ, સ્થાનિક અદાલતોને મળ્યા બૉમ્બની ધમકીના ઇમેઇલ

મુંબઈઃ દક્ષિણ મુંબઈમાં બોમ્બે હાઇ કોર્ટ સહિત અમુક સ્થાનિક અદાલતોને બૉમ્બ મુકાયો હોવાની ધમકી આપતા ઇમેઇલ મળતાં ખળભળાટ મચી ગયો હતો. પોલીસની ટીમે તાત્કાલિક તમામ સ્થળે સઘન તપાસ હાથ ધરી હતી, પણ કોઇ જ શંકાસ્પદ વસ્તુ મળી ન આવતાં બોમ્બની ધમકી અફવા સાબિત થઇ હતી.

બોમ્બે હાઇ કોર્ટ, સેશન્સ કોર્ટ અને મઝગાંવ તથા બાંદ્રાની કોર્ટના વહીવટીતંત્રને શુક્રવારે બપોરના ધમકીના ઇમેઇલ મળ્યા હતા, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

આ ઇમેઇલની ગંભીર નોંધ લઇને સ્થાનિક પોલીસે બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્કવોડ (બીડીડીએસ) તથા ડોગ સ્કવોડ સાથે ઘટનાસ્થળે પહોંચીને ખૂણેખાંચરે તપાસ કરી હતી, પણ કોઇ જ શંકાસ્પદ વસ્તુ મળી આવી નહોતી. તપાસ માટે ઇમારતો અને પરિસર ખાલી કરાવવામાં આવ્યાં હતાં અને તપાસ બાદ નિયમિત કામગીરી શરૂ કરવામાં આવી હતી. કોર્ટના અધિકારીએ આ પ્રકરણે આઝાદ મેદાન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે ગયા મહિને બોમ્બે હાઇ કોર્ટ, સેશન્સ કોર્ટ, મઝગાં અને એસ્પ્લેનેડ કોર્ટ, બાંદ્રા અને અંધેરી ખાતેની મેજિસ્ટ્રેટ કોર્ટ સહિત બે પ્રતિષ્ઠિત બૅંકને ધમકીભર્યા ઇમેઇલ મળ્યા હતા. એ જ દિવસે નાગપુરની કોર્ટને પણ બોમ્બથી ફૂંકી મારવાની ધમકી આપતો ઇમેઇલ મળ્યો હતો, પણ ધમકી અફવા સાબિત થઇ હતી. (પીટીઆઇ)■

## વેપારીને સોનું સસ્તામાં આપવાને બહાને ૧૩.૨૫ લાખનો ચૂનો ચોપડ્યો

થાણેઃ સાંગલીના વેપારીને સસ્તામાં સોનું આપવાને બહાને ૧૩.૨૫ લાખ રૂપિયાની છેતરપિંડી આચરનારી ટોળકી વિરુદ્ધ પોલીસે ગુનો દાખલ કરીને તેની શોધ આદરી હતી.

પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર નવી મુંબઈના ખારઘર વિસ્તારમાં સેક્ટર-૨૦ની નજીક ૬ જાન્યુઆરીએ આ ઘટના બની હતી.

૫૬ વર્ષના વેપારીએ પોલીસને જણાવ્યું હતું કે આશિષ, વિકી અને રાજુ નામની ત્રણ વ્યક્તિએ તેને એક સોદામાં ફસાવ્યો હતો, જેમણે તેને સોનું પાંચ ટકા ડિસ્કાઉન્ટ પર આપવાનું આશ્વાસને આપ્યું હતું.

ત્રણેય જણે વેપારીને ૧૦૦ ગ્રામ સોનાના વ્યવહાર માટે રોકડ લઇને ખારઘર વિસ્તારમાં બોલાવ્યો હતો. વેપારી ત્યાં આવ્યા બાદ એક આરોપી તેને મળ્યો હતો અને સોદા માટે પોતાની ઓફિસમાં જવું પડશે, એમ ફરિયાદીને જણાવ્યું હતું.

વેપારીને ઓફિસમાં લઇ જવામાં આવી રહ્યો હતો ત્યારે સફેદ રંગની અર્ટિગા કારે તેમને આંતર્યા હતા. કારમાં પાંચથી છ જણ હાજર હતા, જેમણે પોતાની ઓળખ પોલીસ તરીકે આપી હતી અને વેપારી પાસેની ૧૩.૨૫ લાખની રોકડ ભરેલી બેગ તેમણે લઇ લીધી હતી. બાદમાં તેઓ વેપારીને ઓફિસમાં લઇ જઇ રહેલા આરોપી સાથે કારમાં ત્યાંથી ફરાર થઇ ગયા હતા. આ ઘટના બાદ વેપારીએ પોલીસનો સંપર્ક સાધ્યો હતો અને ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે ગુનો દાખલ કરીને આરોપીઓની શોધ આદરવામાં આવી હતી, એમ ખારઘર પોલીસ સ્ટેશનના સિનિયર ઇન્સ્પેક્ટર પાંડુરંગ કાંબળેએ જણાવ્યું હતું. (પીટીઆઇ) ■

## દાયકા લાંબી કાનૂની લડાઇ બાદ થાણેની કોર્ટે બળાત્કારના આરોપમાંથી શખસને મુક્ત કર્યો

થાણેઃ થાણેની કોર્ટે ફરિયાદીની જુબાનીમાં અનેક વિસંગતિઓ પર પ્રકાશ પાડતાં ૪૦ વર્ષના શખસને વારંવાર બળાત્કાર અને ગુનાહિત ધાકધમકીના આરોપમાંથી મુક્ત કર્યો હતો. એડિશનલ સેશન્સ જજ ડી,એસ. દેશમુખે ૧૨ જાન્યુઆરીએ આપેલા આદેશમાં જણાવ્યું હતુ કે ફરિયાદી પક્ષ તેનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ ગયો છે.

આરોપીની ભાભી (ફરિયાદી)એ આક્ષેપ કર્યો હતો કે નવેમ્બર, ૨૦૧૪થી લઇ એપ્રિલ, ૨૦૧૫ દરમિયાન તેની આર્થિક સમસ્યાઓ અને પુત્રીની બીમારીનો ફાયદો ઉઠાવીને આરોપીએ વારંવાર તેના પર બળાત્કાર ગુજાર્યો હતો. તેણે એવો પણ દાવો કર્યો હતો કે તેના પતિને મારી નાખવાની ધમકી આરોપીએ આપી હતી.

જજ દેશમુખે મહિલા દ્વારા 'પ્રતિકાર'ના અભાવ તરફ ધ્યાન દોર્યું હતું. જો તે તેની ધમકીથી ડરતી હોત અને તેની જાતીય પ્રવૃત્તિઓનો પ્રતિકાર કરવા માગતી હોત તો તે તાત્કાલિક ફરિયાદ નોંધાવી શકી હોત, એમ જજે જણાવ્યું હતું. તેમાં એમ પણ કહેવામાં આવ્યું હતું કે નાણાંનો વિવાદ હતો, કારણ કે ફરિયાદી મહિલાએ તેની ઊલટતપાસમાં કબૂલ્યું છે કે તેણે તેની પુત્રીની સારવાર માટે સમયાંતરે આરોપી પાસેથી રૂપિયા લીધા હતા. તબીબી અધિકારીઓ અને તપાસકર્તા અધિકારીઓ સહિત ફરિયાદ પક્ષના છ સાક્ષીના પુરાવાની સમીક્ષા કર્યા બાદ કોર્ટે તારણ કાઢ્યું હતું કે મહિલાની જુબાની વિશ્વાસપાત્ર નથી. કોર્ટે આરોપી સામેના તમામ આરોપ રદ કર્યા હતા. (પીટીઆઇ) ■

# 'બન્ને ભાઈઓએ ઈસ્લામાબાદ જતા રહેવું જોઈએ'

### નિતેશ રાણેનો ઠાકરે બંધુઓ પર કટાક્ષ

મુંબઈઃ ભાજપના વિધાન સભ્ય નિતેશ રાણેએ સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કર્યો છે. આ વીડિયોમાં તેઓ જોરશોરથી હસતાં જોવા મળ્યા હતા. આ વીડિયોની સાથે કરેલી પોસ્ટમાં તેમણે લખ્યું હતું તે ઉદ્ધવજી અને પેંગ્વિન (આદિત્ય ઠાકરે)ને... જય શ્રી રામ! આ વીડિયો દ્વારા તેમણે ઠાકરે પરિવારની હાર પર કટાક્ષ કર્યો છે.

નિતેશ રાણેએ અત્યંત તીખા શબ્દોમાં પ્રતિક્રિયા આપી હતી. નિતેશ રાણેએ જણાવ્યું હતું કે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને રવિન્દ્ર ચવ્હાણના નેતૃત્વમાં હવે તમામ મહાનગરપાલિકાઓમાં મહાયુતિના મેયર બેસશે, એમાં કોઈ શંકા નથી.

નિતેશ રાણેએ ઠાકરે બંધુઓના ગઠબંધન પર પણ આકરા પ્રહારો કર્યા હતા. રાણેએ જણાવ્યું હતું કે બંને ઠાકરે બંધુઓ જે રીતે સાથે આવ્યા છે, એ રીતે જ તેમણે હવે ઈસ્લામાબાદની ફ્લાઈટ પકડીને પાકિસ્તાન જઈ રહેવું જોઈએ અને ત્યાં જઈને અલ્લાહુ અકબરના નારા લગાવવા જોઈએ. ■

## મહિલાનું ગળું દબાવવાનો પ્રયાસ, તેના કુટુંબને મારી નાખવાની ધમકીઃ રીઢા આરોપી સામે ગુનો નોંધાયો

થાણેઃ થાણે જિલ્લામાં ૩૬ વર્ષની મહિલાનું ગળું દબાવવાનો પ્રયાસ કરવા અને તેના પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપવા બદલ રીઢા આરોપી વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હોવાનું પોલીસે જણાવ્યું હતું.

બદલાપુરમાં મંગળવારે બપોરે આ ઘટના બની હતી. આરોપીની ઓળખ અક્ષય કુરતડકર તરીકે થઇ હોઇ તેના ક્રિમિનલ રેકોર્ડને કારણે તેને અગાઉ વિસ્તારમાંથી તડીપાર કરવામાં આવ્યો હતો, એમ પોલીસ અધિકારીએ કહ્યું હતું.

પોલીસ ફરિયાદ અનુસાર કુરતડકરે ૧૩ જાન્યુઆરીએ મહિલાને મળવા માટે બોલાવી હતી અને તેને ધમકી આપી હતી કે તેના પુત્રની સ્કૂલનું શેડ્યુલ તે જાણે છે.

આરોપીએ જણાવેલા સ્થળે મહિલા આવી ત્યારે તેને જબરજસ્તીથી રિક્ષામાં બેસાડવાનો આરોપીએ પ્રયાસ કર્યો હતો અને તેના ખાનગી વીડિયો વાયરલ કરવાની ધમકી આપી હતી.

મહિલાએ પ્રતિકાર કરતાં આરોપીએ તેનું ગળું દબાવવાનો પ્રયાસ કર્યો હતો અને તેના સગીર પુત્રને મારી નાખવાની અને ભાઇની દુકાનમાં તોડફોડ કરવાની ધમકી આપી હતી.

પોલીસે આરોપી કુરતડકર વિરુદ્ધ હત્યાનો પ્રયાસ, ગુનાહિત ધાકધમકી તથા અન્ય આરોપ હેઠળ ગુનો દાખલ કર્યો હતો. તડીપારના આદેશનો ભંગ કરવા બદલ તેની સામે મહારાષ્ટ્ર પોલીસ એક્ટ પણ લાગુ કરવામાં આવ્યો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)■

## માર્ગ અકસ્માતમાં ઘવાયેલા યુવાનનું ૧૯ દિવસે મૃત્યુ

બીડઃ કારે બાઈકને ટક્કર માર્યા પછી કાર સાથે લગભગ અડધા કિલોમીટર સુધી ઘસડાવાને કારણે ગંભીર રીતે ઘવાયેલા યુવાનનું ૧૯ દિવસે મૃત્યુ થયું હોવાનું પોલીસે જણાવ્યું હતું.

અકસ્માતની ઘટના ૨૮ ડિસેમ્બરે બીડ જિલ્લાના અશ્તી તહેસીલ હેઠળના કડા વિસ્તારમાં બની હતી. આદિત્ય શહાજી પાનખડે (૨૦) બાઈક પર જઈ રહ્યો હતો ત્યારે પુરપાટ વેગે આવેલી કારે તેને અડફેટે લીધો હતો.

આ ટક્કર એટલી જોરદાર હતી કે આદિત્ય અને બાઈક કાર સાથે ૫૦૦ મીટર સુધી ઘસડાયા હતા.

અકસ્માતમાં આદિત્ય ગંભીર રીતે ઘવાયો હતો. સારવાર માટે તેને અહિલ્યાનગર જિલ્લાની ખાનગી હૉસ્પિટલમાં લઈ જવાયો હતો, જ્યાં ૧૯ દિવસ સુધી આઈસીયુમાં દાખલ આદિત્યએ ગુરુવારે છેલ્લા શ્વાસ લીધા હતા. દેવનિમગાંવનો વતની આદિત્ય વડીલો અને બે બહેન સાથે રહેતો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ) ■

# જૈન મરણ

**ઝાલાવાડ વિશા શ્રીમાળી જૈન**

લીંમડી નિવાસી હાલ ચારકોપ કાંદીવલી. સ્વ. ગજરાબેન રસિકલાલ પોપટલાલ પરીખના સુપુત્ર મિહિરકુમાર પરીખ (ઉં.વ.૬૪) ૧૨.૧.૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે ચેતનાબેનના પતિ. પ્રિનેશભાઈના પિતા. ભાવિકભાઈ, સમીરભાઈ તથા પીનાબેન રાજેશભાઈ કુવાડીયાના ભાઈ. પિયરપક્ષે બોટાદ નિવાસી, તારાબેન જશવંતરાય બગડીયાના જમાઈ. ભાવયાત્રા ૧૮.૧.૨૬ના રવિવારના ૧૦ થી ૧૨. પાવનધામ કાંદીવલી વેસ્ટ.

**રાધનપુર તીર્થ જૈન**

સ્વ. વસુમતિબેન નટવરલાલ શાહના સુપુત્ર કમલેશ નટવરલાલ શાહના ધર્મપત્ની અ.સૌ નીતાબેન (ઉં.વ.૭૧) અરિહંતશરણ થયેલ છે૧૬.૧.૨૬ના કેજલ, શૈલજાના માતુશ્રી. સચિન, વિશાલના સાસુ. શનય, માહીના નાની. દક્ષિતા કુમારભાઇ, સુકેશી કેતનભાઇના જેઠાણી. સ્થાનઃ ૧૦૨/ પારસ એપાર્ટમેન્ટ, દત્તાત્રય રોડ, સરલા નર્સિંગ હોમ પાસે. મું. ૫૪. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

કોડાયના ગુણવંતીબેન ગિરીશ બોરીચા (ઉં.વ.૭૨) ૧૫-૧-૨૬ના અવસાન પામેલ છે. ભાનુમતી ડુંગરશીના પુત્રવધુ. ગિરીશના ધર્મપત્ની. હિરેન, નિમેશ, જીગ્નેશના માતુશ્રી. ટુંડા પાનબાઈ વિશનજી દેઢિયાના સુપુત્રી. સવિતા, ધનવંતી, અરૂણા, જયંતિલાલ, ચુનીલાલ, કાંતિલાલ, જયવંતીના બેન. મુંબઈમાં પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : ગિરીશ ડુંગરશી બોરીચા, શાહ બિલ્ડીંગ, ૫૨૯, માળી ગલી, સાંગલી, ૪૧૬૪૧૬.

બાડાના જેઠાલાલ ગાંગજી વિસરીયા (ઉં.વ. ૭૮) ૧૪.૧.૨૬ના અરિહંત શરણ પામ્યા છે. કુંવરબેન ગાંગજી વિસરીયાના સુપુત્ર. નિર્મળાબેનના પતિ. અરવિંદ, વર્ષા, વૈશાલી, શીતલના પિતાશ્રી. મણીબેન વસનજી મારૂના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. અરવિંદ જેઠાલાલ વિસરીયા : ૫૦૧, ડિગ્નીટી ડિવાઈન, વડાલા માર્કેટ, વડાલા (વેસ્ટ).

મોટા રતડીયા હાલે સાંગલીના પ્રવિણ વિશનજી દેઢિયા (ઉં.વ.૮૦) ૧૨-૧-૨૬ના અવસાન પામેલ છે. સ્વ. સાકરબેન વિશનજી રવજી (શેગાંવવાલા)ના સુપુત્ર. કુસુમના પતિ. વિપુલના પિતા. માણેકલાલ, સ્વ.દામજી, રતિલાલ, ચંદુલાલ, ચિમનલાલ, દિલીપ, સાભરાઇના દમયંતી, સ્વ.નવિન, પ્રફુલના ભાઇ. ખારૂઆના લાધીબાઇ હિરજી કારાણી, શેરડીના રતનબેન શામજી પાસડના જમાઇ. દેહદાન કરેલ છે. પ્રાર્થના રાખેલ નથી, નિ. વિપુલ પ્રવિણ દેઢિયા, ૧૧-શિવ ઓર્નેટ, ૩જો માળો, આપટા પોલીસ ચોકીની બાજુમાં, ઉત્તર શિવાજીનગર, સાંગલી-૪૧૬૪૧૬.

ભોરારાના હરીલાલ જેઠાભાઈ દેઢિયા (ઉં.વ.૮૧) ૧૫-૧-૨૬ના અવસાન પામેલ છે. કુંવરબાઈ જેઠાભાઈના પુત્ર. વસુમતીના પતિ. સુનિલ, ભાવેશ, ઉષાના પિતા. પ્રેમજી, ખીમજીના ભાઈ. સોનબાઈ મેઘજીના જમાઈ. પ્રાર્થના સભા રાખેલ નથી. ભાવેશ હરીલાલ દેઢિયા. ૩૦૨/૩, લાભ કૃપા નં.૨, સંતોષી માતા મંદિર રોડ, નવાગામ, દહીંસર (વે),

કપાયાના માતુશ્રી ચંચળબેન દામજી સંગોઇ (ઉં.વ.૮૧) ૧૪-૧-૨૬ના અવસાન પામ્યા છે. તેજબાઈ લખધીર આણંદના પુત્રવધુ. દામજી લખધીરના ધર્મપત્ની. મયુર, પ્રિયા, જયશ્રી, ભાવેશના માતુશ્રી. વડાલા નાનબાઈ દામજી લખમશીના સુપુત્રી. ભવાનજી, વસંત, નવિન, નેમજી, પ્રવિણ, ગુંદાલા મણીબેન/કસ્તુર કલ્યાણજી ઉમરશી, બેરાજા વનિતા કલ્યાણજી પાલણના બેન. પ્રા. શ્રી વ. સ્થા.જૈન શ્રા.સં. કરશન લધુભાઈ નિસર હોલ (દાદર). ટા. ૪ થી ૫.૩૦.

કોડાયના દિલેશ મણીલાલ ગોગરી (ઉં.વ. ૫૩)૧૫-૧-૨૬ના અવસાન પામેલ છે. વિમળાબેન મણીલાલના પુત્ર. દિપ્તીના પતિ. યશ્વીના પિતા. નિખીલ, ભાવિનીના ભાઈ. કોડાયના વિમળા ભાઈલાલ દેઢિયાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. દિપ્તી ગોગરી, ૧૦૨, મહાવીર માઈલસ્ટોન, કોલબાડ રોડ, વિકાસની બાજુમાં, થાણા (વે).

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ભાવનગર નિવાસી હાલ કાંદિવલી સ્વ. પુષ્પાબેન કાંતિલાલ પારેખના પુત્ર. મહેશભાઇ પારેખ (ઉં. વ. ૭૪) તા. ૧૫-૧-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે શિલ્પાબેનના પતિ. ધ્રુવી હેતલ દોશી અને પૂજા ચિરાગ શાહના પિતાશ્રી. કેવન, પાર્શ્વ, પ્રિત, માવ્યાના નાના. ઉષા, ભારતી, છાયા, ભરતના ભાઇ, પિયર પક્ષે મફતલાલ લહેરચંદ શાહના જમાઇ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

મોરબી (ઘુટુ) નિવાસી હાલ ચેમ્બુર સ્વ. પુરશોતમ દેવચંદ મહેતાના પુત્ર નિતીન (ઉં. વ. ૬૯) તે નંદનબેનના પતિ. નિશીતના પિતા. સ્વ. રસીલાબેન મહેશકુમાર પારેખ, સ્નેહલતા દિનેશકુમાર વોરા, શિરીષ તથા નિશા મયંક શાહના ભાઇ. નાગપુર નિવાસી સ્વ. નેમચંદ તારાચંદ કામદારના જમાઇ. મંગળવાર, તા. ૧૩-૧-૨૬ના અરિહંતશરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્ય. બંધ રાખેલ છે.

# પારસી મરણ

બહાદુર પદમજી ગાંધી તે પ્રોચીના ધની. તે મરહુમો તેહમીના પદમજી ગાંધીના દીકરા. તે શાહનાઝના પપા. તે મરહુમો નરીમાન, કેતી, બહેરામ, એમી, દોલીના ભાઇ. તે આસતાદ, મેહેરઝીન, ફરહાદ, નતાશા, સાઇરસ, ફારુકશીન, યઝદના ફૂઆ. તે દીનાઝ, હોશેદર, બજી ને મરહુમ સાઇરસના મામા. (ઉં. વ. ૮૫) રે. ઠે. ૮૦૧, કુવર વીલા, જામે જમશેદ રોડ, પારસી કોલોની, દાદર (ઇસ્ટ), મુંબઇ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૭-૧-૨૬ના દીને બપોરે ૩.૪૦ વાગે રુસ્તમ ફરામ અગિયારીમાં છેજી.

# હિન્દુ મરણ

ચંદ્રેશભાઇ ગોપાલદાસ સોનેજી તે ચેતનભાઇના વડીલબંધુ. પ્રીતિ શૈલેશકુમાર દોશીના પિતાશ્રી. તથા કોમલબેનના પતિ તા. ૧૪-૧-૨૬ના રોજ અવસાન પામેલ છે.

રાજકોટ નિવાસી સ્વ. કરશનભાઇ મોહનભાઇ રાદડીયા તે રમેશભાઇ, વિનયભાઇના પિતાશ્રી તા. ૧૬-૧-૨૬ શુક્રવારના અવસાન પામેલ છે. તે નિકુંજ તથા પરિતા, નંદિનીના દાદાનું બેસણું તા. ૧૯-૧-૨૬ સોમવારના વિશ્વેશ્વર મહાદેવ, મવડી મેઇન રોડ, સાંજે ૪થી ૬, રાખેલ છે.

**ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ**

તા. ૧૪-૧-૨૬ના ગં. સ્વ. તારાબેન કાંતિલાલ પંડયા (ઉં.વ. ૮૬) શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. કાંતિલાલ લક્ષ્મીશંકર પંડયાના પત્ની. સ્વ. પ્રભાબેન ફૂલશંકર પંડયાના દીકરી. સ્વ. હરીશ, સ્વ. પ્રકાશ, સ્વ. દિલીપ, સ્વ. કીર્તિ, ગં. સ્વ. મૃદુલાના બહેન. ઊમા, રેખા, પંકજ અને હીનાના માતુશ્રી. નિખિલ, ચંદ્રકાંત, કીર્તિ અને મુકેશના સાસુ. જીજ્ઞા-સંકેત, રિદ્ધિ-રોહન, વિધિ-સ્વયં, જીનલ, વિનિતા, જુહીના નાની. પ્રાર્થનાસભા તા. ૧૮-૧-૨૬ના રવિવારે. ઠે. બ્રાહ્મણ સમાજ વાડી, જોશી લેન, રામજી-આશર સ્કૂલની સામે, ઘાટકોપર (ઇ), સાંજે ૫થી ૭.

મુળ ગામ ખેડોઈ, હાલે વિલેપાર્લે, જીતેન્દ્ર નટવરલાલ શેઠના ધર્મપત્ની શ્રીમતિ હર્ષાબેન શેઠ (ઉં.વ.૬૨) નટવરલાલ ગલાલચંદ શેઠ અને સ્વ.વસંતબેન (સસરા - સાસુ), અશ્વિન શેઠ - રેણુકા શેઠ (જેઠ અને જેઠાણી), વલ્લભ શેઠ - દીપા શેઠ (દિયર અને દેરાણી), રાહીલ શૈલેષભાઇ ગાંધી (જમાઈ), શ્રીમતિ કસ્તુરબેન અને સ્વ. બાબુભાઈ નરભેરામ શાહ (માતા- પિતા) તા.૧૪.૦૧.૨૬ના શ્રીજીચરણ પામેલ છે. સાસરાપક્ષ અને માવતરપક્ષની પ્રાર્થનાસભા તા ૧૮.૧.૨૬, રવિવાર, ૫.થી૬.૩૦, સ્થળઃ ઋતંભરા બેન્કવેટ હોલ, નિર્મલા દેવી અરુણ કુમાર આહુજા માર્ગ, જેવીપીડી સ્કીમ, જુહુ, મું. ૪૯.

**હાલાઈ લોહાણા**

મૂળ જામખંભાળિયા, હાલ બોરીવલી, ભગવાનદાસ (ઉં.વ.૮૨) ગં.સ્વ. ભારતીબેનના પતિ. સ્વ. રળીયાતબેન ગોરધનદાસ માધવજી હિંડોચાના સુપુત્ર. સ્વ. ગોવિંદભાઈ નિઘુવાલાના જમાઇ. ચંદ્રકાંત અને સૌ. દક્ષા કીર્તિ લોડાયાના મોટાભાઇ. સૌ. જ્યોતિ કીર્તિ ઠક્કર, મનીષા તથા સ્વ. પરેષના પિતાશ્રી. ૧૪.૧.૨૬ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઈ લોહાણા**

માણાવદરવાળા, હાલ નાલાસોપારા. સ્વ. નાનાલાલ હરજીવનદાસ ભીમજીયાણીના ધર્મપત્ની નિર્મળાબેન ભીમજીયાણી (ઉં.વ.૧૦૮) તે સ્વ. મેઘજીભાઇ કરસનદાસભાઇ નિર્મળના દિકરી,. કમળાબેન રામદાસ તન્ના, સ્વ. રમેશભાઇ, મુકેશભાઇ, ચંદ્રકાંતના માતૃશ્રી. ક્રિષ્નાબેન, રેખાબેનના સાસુ. વિશાલ, ધવલ, કૃણાલ, યશ તેમજ પ્રતિકના દાદી. તા. ૧૪.૧.૨૬ના બુધવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા શનિવાર ૧૭.૧.૨૬ના ૪:૩૦ થી ૬. શ્રી લોહાણા મહાજનવાડી, પહેલો માળ, એસ.વી.રોડ, કાંદીવલી વેસ્ટ. લૌકિક પ્રથા બંધ રાખેલ છે. બન્ને પક્ષની સાદડી સાથે રાખેલ છે.

**ઝાલાવાડી સઈ સુથાર જ્ઞાતિ**

ચુડા નિવાસી હાલ ગ.સ્વ. કાન્તાબેન ચૌધરી (ઉં.વ.૮૩) ૧૫.૧.૨૬ના રામશરણ પામેલ છે. સ્વ. પ્રતાપભાઈ ચૌધરીના ધર્મપત્ની. પિયરપક્ષે સ્વ. પોપટભાઈ મકવાણાના દીકરી. સ્વ. ચુનીભાઈ, સ્વ. મણીભાઈ, સ્વ. ભાઈલાલભાઈ, ગં.સ્વ. કંચનબેન, ગ.સ્વ. હીરાબેન, ગં.સ્વ. શારદાબેન, ગં.સ્વ. રમીલાબેનના બેન. તરુણાના માતૃશ્રી. વિનોદભાઈ સોલંકીના સાસુ. નિમિષા અને જશના નાની. બંને પક્ષની પ્રાર્થનાસભા ૧૭.૧.૨૬ના શનિવાર ૪ થી ૬. સ્થળઃ નડિયાદવાલા હોલ , પહેલે માળે, પોદ્દાર રોડ, લક્ષ્મીનારાયણ શોપિંગ સેન્ટરની સામે મલાડ (ઇ).

**કચ્છી લોહાણા**

સ્વ. સરસ્વતીબેન પઢાઈ કોટક કચ્છ ગામ લખપત હાલે પુના નિવાસીના પુત્ર તે સ્વ. ત્રિવેણીબેનના પતિ લહેરીલાલ પઢાઈ કોટક (ઉં.વ.૮૭) ગુરુવાર, તા. ૧૫.૧.૨૬ના પુના રામશરણ પામેલ છે. તે મુકેશભાઈ, દિનેશભાઈ તથા રૂપેશભાઈના પિતાશ્રી. મીનાબેન મુકેશભાઈ, પ્રજ્ઞાબેન દિનેશભાઈ, હર્ષાબેન રૂપેશભાઈના સસરા. સ્વ. ભવાનજી નરસિહ જોબનપુત્રા કચ્છ ગામ અટડો હાલે કલકત્તા નિવાસીના જમાઈ. સ્વ. રુક્ષ્મણીબેન ચેલારામ, સ્વ. લાલજી પઢાઇ, સ્વ. વિઠ્ઠલદાસ પઢાઈના ભાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા શનિવાર ૧૭.૧.૨૬ના ૪ થી ૬. શ્રી કચ્છી લોહાણા મહાજન વાડી, ભવાની પેઠ, પાલખી ચોક, પુના. લૌકિક વ્યવહાર બંધ છે.

## પુણેમાં ઈવીએમ મશીન બદલવાનો આરોપઃ સુરક્ષા વાડ પર ચઢી ઉમેદવારનો વિરોધ

પુણેઃ પુણે મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં મતગણતરી દરમિયાન પણ ભારે રસાકસી અને ઉમેદવારોનો હાઈવોલ્ટેજ ડ્રામા જોવા મળ્યો હતો. નાયબ મુખ્યપ્રધાન અજિત પવારની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના ઉમેદવાર રૂપાલી પાટિલ ઠોંબરે મતગણતરી કેન્દ્ર પર ખૂબ જ આક્રમક જોવા મળી રહ્યા હતા.

રૂપાલી પાટીલે પુણેના ન્યૂ ઇંગ્લિશ સ્કૂલ કેન્દ્ર પર મત ગણતરી અટકાવવા ફરજ પાડી અને આરોપ લગાવ્યો કે મશીન બદલાઈ ગયું છે.

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી) ના ઉમેદવાર રૂપાલી પાટિલ ઠોંબરેએ મતગણતરી પ્રક્રિયા પર વાંધો નોંધાવતી વખતે મતગણતરી પરિસરની અંદર સુરક્ષા વાડ પર ચઢીને વિરોધ કર્યો હતો. આ ઘટનાના કારણે કેન્દ્રમાં અંધાધૂંધી ફેલાઈ ગઈ, જેના કારણે ચૂંટણી અધિકારીઓને કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે તાત્કાલિક મતગણતરી અટકાવવાની ફરજ પડી.

તેમના વિરોધ અને સુરક્ષા વાડ પર ચઢવાનો વિડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થયો હતો. રૂપાલી પાટિલ પુણેના વોર્ડ નંબર ૨૫ (અ) અને ૨૬ (ઇ) એમ બે બેઠકો પરથી ચૂંટણી મેદાનમાં ઉતર્યા હતા. તેમનો આરોપ છે કે, મતદાનના દિવસે વાપરવામાં આવેલા ઈવીએમ મશીન અને મત ગણતરી માટે લવાયેલા મશીન જુદા છે અને પ્રશાસને જાણીબૂઝીને મશીનો બદલ્યા છે. ■

## રાહુલ ગાંધીએ મહારાષ્ટ્રમાં મહાનગરપાલિકાની ચૂંટણીને લઈ ચૂંટણી પંચ પર લગાવ્યો આરોપ

મુંબઇ : રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એક પોસ્ટમાં કેટલાક અખબારોના સ્ક્રીનશોટ શેર કર્યા હતા. જેમાં ગુરુવારે મહાનગરપાલિકાની ચૂંટણીના મતદાન દરમિયાન આંગળી પર લગાવવામાં આવેલી શાહી ભૂંસાઈ જવાના મામલાને ઉઠાવ્યો હતો. રાહુલ ગાંધીએ તેને લોકશાહીમાં વિશ્વાસના ઘટાડા સમાન ગણાવ્યું હતું. સાથે જ તેમણે કહ્યું કે ચૂંટણી પંચ દ્વારા જનતાને ભ્રમિત કરવી એ આપણી લોકશાહીમાં ભરોસાના અભાવનું કારણ છે. અંતમાં તેમણે ભાર મૂકતા કહ્યું કે વોટની ચોરી એ દેશ વિરોધી કૃત્ય છે. ગુરુવારે મુંબઇ પાલિકા સહિત મહારાષ્ટ્રની ૨૯ મહાનગરપાલિકાઓમાં મતદાન બાદ આંગળી પરની શાહી ભૂંસાઈ જવાના દાવા અને વાયરલ વીડિયોએ નવો વિવાદ છેડ્યો છે. આ બાબતે આરોપ-પ્રત્યારોપની રાજનીતિ તેજ થઈ છે અને ચૂંટણી પંચે સ્પષ્ટતા પણ આપી હતી. સૌથી પહેલા આ મામલે રાજ્યના પ્રધાન અને શિંદે જૂથના શિવસેના નેતા સંજય શિરસાટે ગુરુવારે દાવો કર્યો હતો કે આ શાહી સરળતાથી ભૂંસાઈ રહી છે, જેનાથી બોગસ મતદાનની આશંકા ઉભી થઈ શકે છે.

## મુંબઈગરાઓએ જુલમનો અસ્વીકાર કર્યોઃ રામદાસ આઠવલે

મુંબઈઃ મરાઠીના મુદ્દા સાથે મહાનગરપાલિકાની ચૂંટણીના મેદાનમાં ઉતરેલા ઠાકરે બંધુઓએ મુંબઈમાં હારનો સામનો કરવો પડ્યો છે. ગઠબંધનને સ્પષ્ટ બહુમતી મળી હોવાથી મુંબઈમાં પહેલીવાર ભાજપના મેયર બનશે. મહાનગરપાલિકાની આ મોટી નિષ્ફળતા પર કેન્દ્રીય રાજ્ય પ્રધાન રામદાસ આઠવલેએ ઠાકરે બંધુઓ પર કટાક્ષ કર્યો હતો. 'અમે જેની સાથે હોઈએ છીએ, સત્તા તેમની જ હોય છે' એમ કહેતા રિપબ્લિકન પાર્ટીના અધ્યક્ષ રામદાસ આઠવલેએ જણાવ્યું હતું કે, મુંબઈગરાઓએ ફરી એકવાર દાદાગીરીને મક્કમપણે નકારી દીધી છે.

મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભાજપ ગઠબંધનની જીત બાદ રામદાસ આઠવલેએ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને તેમના નિવાસસ્થાને શુભેચ્છા પાઠવી હતી. આઠવલેએ સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં લખ્યું હતું કે, આ વિજય માત્ર મહાયુતિનો નથી, પરંતુ સામાન્ય જનતાના વિશ્વાસનો છે. કાર્યકર્તાઓએ કરેલી મહેનત, નેતૃત્વ પરનો જનવિશ્વાસ અને વિકાસની સકારાત્મક દિશા - આ બધાનું આ સફળ પરિણામ છે. ■

## પશ્ચિમ રેલવેના કાફલામાં ૧૨ એસી લોકલનો ઉમેરો

મુંબઈઃ પશ્ચિમ રેલવે પર મુસાફરી કરતા મુસાફરો માટે સારા સમાચાર છે. હવે નવી ૧૨ એસી લોકલ સામેલ થવા જઈ રહી છે. પશ્ચિમ રેલવેએ મુસાફરોની મુસાફરીને વધુ આરામદાયક બનાવવા માટે, એર-કન્ડિશન્ડ ઇલેક્ટ્રિક મલ્ટીપલ યુનિટ (એસી ઇએયુ) સેવા શરૂ કરવાની જાહેરાત કરી છે.

છ અપ અને છ ડાઉન મોડમાં એમ કુલ ૧૨ એસી લોકલ ચલાવવામાં આવશે. પશ્ચિમ રેલવે દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, નવી શરૂ કરવામાં આવનારી એસી ઈએમયુ લોકલ સેવાઓ ૧૨ કાર રેકનો ઉપયોગ કરીને

ચલાવવામાં આવશે. એસી લોકલ અપ દિશામાં ગોરેગાંવ, બોરીવલી, ભાયંદર અને વિરારથી ચર્ચગેટ વચ્ચે દોડશે. આ છ લોકલ ફેરાઓમાંથી ત્રણ ફાસ્ટ અને ત્રણ સ્લો લોકલ તરીકે ચલાવવામાં આવશે. પહેલી લોકલ ટ્રેન ગોરેગાંવથી અપ રૂટ પર સવારે ૫.૧૪ વાગે ઉપડશે, જ્યારે બીજી અને છેલ્લી અપ લોકલ ટ્રેન ગોરેગાંવથી સાંજે ૭.૦૬ વાગે ઉપડશે.

ડાઉન રૂટ પર, ફાસ્ટ રૂટ ૨ અને સ્લો રૂટ પર ૪, એમ કુલ છ એસી લોકલ ટ્રેનો દોડાવવામાં આવશે. ચર્ચગેટથી ઉપડતી આ લોકલ ટ્રેનો વિરાર, ભાયંદર, બોરીવલી અને ગોરેગાંવ સુધી દોડશે. ચર્ચગેટ સ્ટેશનથી પહેલી લોકલ ટ્રેન સવારે ૬.૧૪ વાગે ઉપડશે, જ્યારે બીજી અને છેલ્લી લોકલ ટ્રેન રાતે ૮.૦૭ વાગે સ્લો રૂટ પરથી ઉપડશે. સવારના ધસારાના સમયે ચાર લોકલ, સાંજના ધસારાના સમયે ચાર લોકલ અને બપોરના ઓફ-પીક અવર્સ દરમિયાન ચાર લોકલ ટ્રેનો દોડશે. આમ ફાસ્ટ અને સ્લો રૂટ બંને પર કુલ બાર સેવાઓ દોડાવવામાં આવશે. ■

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# વીક એન્ડ

સ્પોર્ટ્સમૅન
અજય મોતીવાલા
feedback@bombaysamachar.com

## અન્ડર-૧૯ વર્લ્ડ કપ આવ્યો, જુનિયર ટૅલન્ટનો ખજાનો લાવ્યો

### વલસાડનો હેનિલ પટેલ, તમિળનાડુનો દેવેન્દ્રન અને ડોમેસ્ટિકમાં મુંબઈ વતી રમતો કુન્ડુ વિશ્વ કપના તખ્તે શરૂઆતથી જ ચમકવા લાગ્યા

૨૦૦૮માં ભારતે વિરાટ કોહલીના નેતૃત્વમાં અને રવીન્દ્ર જાડેજાની વાઇસ-કૅપ્ટન્સીમાં વન-ડે અન્ડર-૧૯ વર્લ્ડ કપ જીત્યો હતો ત્યારે દૃઢપણે કહેવાતું હતું કે ભારતની સિનિયર નૅશનલ ટીમને બે ટૅલન્ટેડ સ્ટાર ખેલાડી મળી જ ગયા છે. એ પહેલાં, ૨૦૦૦માં મોહમ્મદ કૈફના સુકાનમાં ભારતે અન્ય કેટલાક ખેલાડીઓ ઉપરાંત યુવરાજ સિંહના સુપર પર્ફોર્મન્સની મદદથી જુનિયર વર્લ્ડ કપ જીતી લીધો હતો. એ અગાઉ, ૧૯૯૮ના અન્ડર-૧૯ વર્લ્ડ કપમાં વીરેન્દર સેહવાગ અને હરભજન સિંહ ચમક્યા હતા. ૨૦૦૮માં વિરાટ-જાડેજાની જોડીએ કમાલ કરી એના બે વર્ષ અગાઉ (૨૦૦૬)ના જુનિયર વિશ્વ કપમાં રોહિત શર્માએ ધમાકેદાર પર્ફોમ કર્યું હતું. તમે નહીં માનો, પણ એ જ વિશ્વ કપમાં ચેતેશ્વર પુજારાએ રોહિત શર્માથી પણ ઝડપથી (છ ઇનિંગ્સમાં ૮૨.૧૧ના સ્ટ્રાઇક-રેટથી) ૩૪૯ રન બનાવ્યા હતા. એના બે વર્ષ પહેલાં (૨૦૦૪માં) શિખર ધવન સાત ઇનિંગ્સમાં ૫૦૫ રન કરીને હાઇએસ્ટ રનકર્તા બન્યો હતો અને સુરેશ રૈના પણ એ જ વિશ્વ કપમાં ઝળક્યો હતો. ૨૦૧૬ના અન્ડર-૧૯ વર્લ્ડ કપમાં રિષભ પંતે વિસ્ફોટક બૅટિંગની ઝલક આપી હતી.

આ બધા સ્ટાર-સુપરસ્ટારના ઉલ્લેખ અહીં કેમ કરવામાં આવ્યા એનું કારણ તમે સમજી જ ગયા હશો. ઝિમ્બાબ્વે અને નામિબિયામાં અન્ડર-૧૯ વર્લ્ડ કપ શરૂ થઈ ચૂક્યો છે અને એમાં પહેલા દિવસથી જ કેટલાક ભારતીયો ચમકી રહ્યા છે એટલે છાતી ઠોકીને કહી શકાય કે આ વિશ્વ કપ પણ દેશને ભાવિ સુપરસ્ટાર્સ આપશે.

લેફ્ટ-હૅન્ડ ઓપનિંગ બૅટ્સમૅન વૈભવ સૂર્યવંશી ૨૭મી માર્ચે જિંદગીના ૧૫ વર્ષ પૂરાં કરશે. તે લગભગ દોઢ વર્ષથી ક્રિકેટનાં મેદાનો ગજવી રહ્યો છે. આ વખતના વર્લ્ડ કપમાં ભાગ લઈ રહેલી ભારતીય ટીમની કમાન મુંબઈનો જ ઓપનિંગ બૅટ્સમૅન આયુષ મ્હાત્રે સંભાળી રહ્યો છે. આ બે સિતારા તેમ જ વાઇસ-કૅપ્ટન વિહાન મલ્હોત્રા તથા મિડલ-ઑર્ડરના બૅટ્સમૅન આરૉન જ્યોર્જ તથા અમદાવાદના વેદાંત ત્રિવેદીને બાજુ પર રાખીએ તો તેમના ઉપરાંત વર્તમાન અન્ડર-૧૯ ટીમમાં એવા કેટલાક ખેલાડીઓ છે જેઓ ભારતને અન્ડર-૧૯ વર્લ્ડ કપની છઠ્ઠી ટ્રોફી અપાવી શકે છે અને એમાં હેનિલ પટેલ, ખિલન પટેલ, દીપેશ દેવેન્દ્રન અને અભિજ્ઞાન કુન્ડુના નામ અચૂક લેવા જોઈએ.

ભારતીય ટીમે આ વિશ્વ કપમાં બે કટ્ટર દેશોમાંથી પાકિસ્તાન સામે રમવાનો સમય ક્યારે આવશે એ નક્કી નથી, પરંતુ આજે (શનિવારે) બાંગ્લાદેશ સામે (બપોરે ૧.૦૦ વાગ્યાથી) ટક્કર છે જે જીતીને સુપર-સિક્સ રાઉન્ડ માટેનો દાવો મજબૂત કરી શકશે.


હેનિલ પટેલ


અભિજ્ઞાન કુન્ડુ

### અમેરિકાની ટીમમાં બધા ભારતીય મૂળના ખેલાડીઓ

ગુરુવારે અન્ડર-૧૯ વર્લ્ડ કપમાં ભારત સામે રમનાર યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા (યુએસએ)ની ટીમમાં જે ૧૧ ખેલાડી હતા એ તમામ ભારતીય મૂળના હતા. નવાઈની વાત એ છે કે અમેરિકાની ટીમમાં એક પણ ખેલાડી મૂળ અમેરિકાનો નહોતો. એનો કૅપ્ટન ઉત્કર્ષ શ્રીવાસ્તવનો જન્મ પુણેમાં થયો હતો અને નાનપણમાં અમેરિકામાં સ્થાયી થયા બાદ હવે અમેરિકાનું પ્રતિનિધિત્વ કરે છે.

અન્ડર-૧૯ વર્લ્ડ કપ માટેની અમેરિકાની સ્ક્વૉડ: ઉત્કર્ષ શ્રીવાસ્તવ (કૅપ્ટન), અમરિન્દર ગિલ, સાહિલ ગર્ગ, અર્જુન મહેશ (વિકેટકીપર), અદનિત ઝામ્બ, અમોઘ અરેપલ્લી, નીતીશ સુદિની, અદિત કપ્પા, સબરિશ પ્રસાદ, રિષભ સિમ્પી, રિત્વિક આપ્પિડી, અદ્વૈત ક્રિષ્ના, રેયાન તાજ, સાહિર ભાટિયા અને શિવ શાની.

### પાવરફુલ પટેલ, દમદાર દેવેન્દ્રન, કમાલનો કુન્ડુ


દીપેશ દેવેન્દ્રન



ખિલન પટેલ

ગુરુવારે ઝિમ્બાબ્વેના બુલવૅયોમાં અમેરિકા સામેની અન્ડર-૧૯ વર્લ્ડ કપની પ્રથમ મૅચમાં મૂળ ઉત્તર ગુજરાતના લેફ્ટ-આર્મ સ્પિનર ખિલન પટેલને એક વિકેટ મળી હતી. તેણે અમેરિકા વતી સૌથી વધુ ૩૬ રન કરનાર નીતીશ સુદિનીનો કૅચ પણ ઝીલ્યો હતો. જોકે આ પટેલથી વધુ ઝમકદાર પર્ફોર્મન્સ વલસાડના પેસ બોલર હેનિલ પટેલનો હતો. સાઉથ આફ્રિકાના પેસ-લેજન્ડ ડેલ સ્ટેનના ડાઇ-હાર્ડ ફૅન હેનિલ પટેલે ફક્ત ૧૬ રનમાં અમેરિકાના પાંચ બૅટ્સમેનને પૅવિલિયન ભેગા કર્યા હતા. હેનિલ ઘણા મહિનાઓથી સુંદર પર્ફોર્મન્સ બદલ ચર્ચામાં છે. પાકિસ્તાન, ઇંગ્લૅન્ડ, શ્રીલંકા, સાઉથ આફ્રિકા, અફઘાનિસ્તાન અને યુએઇ સામે ઢગલાબંધ વિકેટો લીધા બાદ હવે પોતાના આખરી જુનિયર વર્લ્ડ કપમાં હેનિલ પહેલા જ દિવસથી ચમકી રહ્યો છે. ગુરુવારે યુએસએની ટીમને માત્ર ૧૦૭ રનમાં તંબૂ ભેગી કરાવવા બદલ તેણે (પાંચ વિકેટના તરખાટ બદલ) મૅન ઑફ ધ મૅચનો અવૉર્ડ જીતી લીધો હતો. સતતપણે અસરકારક બોલિંગ કરવી એ તેની સૌથી મોટી ખાસિયત છે. ખિલન પટેલ પણ ઊણો ઊતરે એવો નથી. હેનિલની માફક તેણે પણ છેલ્લા ત્રણ મહિના દરમ્યાન ઘણા દેશો સામે વિકેટો લેવામાં સફળતા મેળવી છે.


પટેલ-પ્લેયર્સ પછી હવે જો વર્તમાન ટીમમાં કોઈના વિશે ચર્ચા કરવી હોય તો એ છે પેસ બોલર દીપેશ દેવેન્દ્રન. ભૂતપૂર્વ ક્રિકેટર વાસુદેવન દેવેન્દ્રનનો પુત્ર દીપેશ રાઇટ-આર્મ મિડિયમ પેસ બોલર છે. છેલ્લી ૧૦ મૅચમાં તે કુલ ૨૧ વિકેટ લઈ ચૂક્યો છે. જુનિયર ક્રિકેટમાં સૌથી સારો કહી શકાય એવો તેનો પર્ફોર્મન્સ રહ્યો છે. ડિસેમ્બર, ૨૦૨૫માં દુબઈમાં પાકિસ્તાન સામેની મૅચમાં દીપેશે ૧૬ રનમાં ત્રણ વિકેટ લઈને તરખાટ મચાવી દીધો હતો. મલયેશિયા સામેની મૅચમાં પાંચ વિકેટ અને સ્કૉટલૅન્ડ સામે ત્રણ વિકેટ તેના આ ૧૦ મૅચમાં બેસ્ટ પર્ફોર્મન્સ રહ્યા છે. દીપેશને તેના પિતા વાસુદેવને જ તાલીમ આપી છે. દીપેશની ગણના જુનિયર ક્રિકેટમાં ભારતના સૌથી રોમાંચક પર્ફોર્મન્સ બતાવતા ટૅલન્ટેડ યુવા પેસ બોલર તરીકે થઈ રહી છે. ગુરુવારે અમેરિકા સામેની પહેલી મૅચમાં ભારતને પરાજયથી વિકેટકીપર-બૅટ્સમૅન અભિજ્ઞાન કુન્ડુએ જ બચાવ્યા હતા. ફક્ત ૧૦૮ રનના લક્ષ્યાંકનો સામનો કરી રહેલી ભારતીય ટીમે ૭૦ રનમાં ચાર વિકેટ ગુમાવી દીધી હતી, પણ એ વખતે કુન્ડુ તારણહાર બન્યો હતો. તેણે એક છેડો સાચવી રાખ્યો હતો અને અણનમ ૪૨ રન કરીને ટીમને વિજયના દ્વાર સુધી પહોંચાડી દીધી હતી. ઉપ-સુકાની વિહાન મલ્હોત્રા અને કનિષ્ક ચૌહાણ સાથેની તેની ભાગીદારી અમેરિકાને નડી હતી. ■

અરાઉન્ડ ધ વર્લ્ડ
પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com

## કાત્સુરાગીમાં થોડાં ફૂલો ને થોડાં સુમો...








**જાપાન** સાથે બુલેટ ટ્રેન, માઉન્ટ ફુજી, કવાઈ, હેલો કીટી જેવાં કેટલાંય મજેદાર અનુભવો અને પ્રતીકો સંકળાયેલાં છે. તેમાં સુમો પણ એટલું જ લોકપ્રિય છે. તેમાંય ભારતીયોને સુમોમાં રસ એટલો બધો છે કે આપણે ત્યાં તો સુમો ફેડરેશન ઓફ ઇન્ડિયા પણ છે જ. હવે એક વાર સુમોની ટ્રેનિંગ, તેમના ઇતિહાસ અને ટુર્નામિન્ટની ઝલક જોયા પછી એવું લાગ્યું કે તેના વિષે થોડી વિગતે માહિતી પણ મેળવવી જ પડશે અને તેના માટે કાત્સુરાગી નજીકમાં જ હતું. કાત્સુરાગી આમ પણ સુમોનું જન્મસ્થળ છે. હવે ઓસાકામાં પણ વધુ સમય બાકી ન હતો. જે દિવસે ઓસાકાની સુમો ઇવેન્ટમાં ગયાં હતાં તે દિવસે ત્યાંની લોકલ માર્કેટમાં પણ ફરી વળ્યાં.

આમ પણ કહેવાય છે કે જાપાન જાવ ત્યારે હંમેશાં એક બેગ તો ખાલી લઈને જવી, પણ અમે તો બેગ પણ ત્યાં જઈને જ લીધી. તેમાં ભરવા માટેની ખરીદી તો થઈ જ ચૂકી હતી. હજી વધુ ચીજો લેવાનું ચાલુ જ હતું. જ્યાં પણ જતાં ત્યાં એક મહાકાય યુનિક્યો, મુજી, ડોન્કી ખરીદી કરવાનાં અનેક ઓપ્શનો દેખાયા કરતા હતા અને અમે તેનો ફાયદો ઉઠાવ્યા કરતાં હતાં. ક્યાંક સ્ટેશનરી, ક્યાંક શૂઝ, ક્યાંક કિચનની આઇટમ્સ અને ક્યાંક મોચીનાં પેકેટ્સ, ખરીદીનો ક્યાંક તો અંત લાવવો પડશે એ પણ એકબીજાને યાદ અપાવ્યા કરતાં હતાં. મારાં જાપાનીઝ કોલિગ્સે સજેસ્ટ કરેલું એક જાપાનીઝ બ્રાન્ડનું લાસ્ક પણ ડોન્કીમાં મળી ગયું. તે લાસ્કમાં જાપાનીઝ માચા ભરીને અમે કાત્સુરાગી તરફ નીકળી પડ્યાં. અડધો કલાકની ટ્રેન અમને કાત્સુરાગી લઈ આવી. અહીં અમને ઓસાકા જેવાં શોપિંગ ઓપ્શાન્સ નહોતાં મળવાનાં, પણ સુમો કલ્ચર વિશે વધુ જાણવા જરૂર મળવાનું હતું.

ઓસાકા અને નારા વચ્ચે આવેલું આ ટચૂકડું ટાઉન પહાડોથી ઘેરાયેલું છે. મજાની વાત એ છે કે આ શહેરના સુમો ખ્યાતનામ છે, ત્યાંનાં અઝિલિયા ફૂલો પણ વખણાય છે. અમે ગામમાં જઈને પહેલું કામ માઉન્ટ કાત્ઝુરાગી પર હાઈક કરવાનું કર્યું. તેના માટે પહેલાં તો અમે બસ સ્ટોપ નજીકથી જ તળેટીમાંથી કેબલ કાર લીધી અને ટોચ પર પહોંચી ગયાં. ત્યાં માઉન્ટન ટોપ પર લેટ સરફેસ પર હાઇક કરવાની ખાસ ભલામણ





હતી. ત્યાં આઝિલિયા ફૂલોની જાણે ચાદર પથરાયેલી હતી. જાપાન પર કુદરતે જાણે ફૂલોથી જ મહેરબાની કરી હોય તેવું લાગતું હતું. ચેરી બ્લોસમ્સ અને મેગ્નોલિયા અને અલગ અલગ પ્રકારનાં સ્પ્રિંગ ફ્લાવર્સ વચ્ચે અહીં અમે આ વ્યુ એક્સપેક્ટ નહોતો કર્યો. ત્યાં એક હટમાં ગ્રિલ્ડ ડાન્ગો મળતાં હતાં. અહીં મોચીથી માંડીને ડાન્ગો સુધી અલગ અલગ ચીજોમાં ચોખાનો લોટ જ હતો. ડાન્ગોમાં બાફેલા ચોખાના લોટના દડાને તંદૂરી પનીરની જેમ કાઠીમાં ભરાવીને ગ્રિલ કર્યા હતા. દરેક પ્રકારની વખણાતી જાપાનીઝ સ્વીટ્સ ખાવા જેવી નથી હોતી. ત્યાં ડાન્ગોનાં બે-ત્રણ બટકાં ભર્યાં હતાં પણ તે આખો દિવસ દાંતમાંથી કાઢવાની મથામણ કરતાં રહેવું પડ્યું હતું.

એ જ મથામણ સાથે અમે કેહાયાઝા મ્યુઝિયમ આવ્યાં. બે હજાર વર્ષ પહેલાં આ જ શહેરમાં પહેલી સુમો ફાઇટ યોજાઈ હતી. મ્યુઝિયમનું નામ પણ તે સમયના ખ્યાતનામ અને પહેલી સુમો ફાઇટના ફાઇટરના નામે જ પડ્યું છે. આ સ્પોર્ટ અને તેના નિયમો, તેની લોકપ્રિયતા પાછળ તે સમયના શાસકનો પણ મોટો હાથ રહ્યો છે. તેમાંય અહીં તો ઓરિજિનલ સુમો રિંગ પર સુમો કોસ્ચુમમાં ફોટો પડાવવાનું પણ શક્ય છે. અહીં બે હજાર વર્ષોમાં જૂના જમાનાની ટિકિટોથી માંડીને, ફોટા, સ્કેચ, જૂનાં ટાઇમટેબલ, સદીઓનાં સુમો રેન્કિંગ, સુમો ટ્રેનિંગના પ્લાન, બધું એક પછી એક જોવામાં લાગ્યું કે જાપાનને પણ જર્મનીની જેમ જ રેકોર્ડ રાખવાનો પણ બહુ શોખ છે.

મજાની વાત એ છે કે આ મ્યુઝિયમમાં ટિકિટ માત્ર સ્થાનિકો માટે છે. આંતરરાષ્ટ્રીય ટૂરિસ્ટ પોતાનું ફોરેન આઇડી બતાવીને મ્યુઝિમમાં ફ્રીમાં જઈ શકે છે. આવું પહેલીવાર જોયું હતું. બાકી દુનિયાભરમાં જ્યાં પણ સ્થાનિકો અને ફોરેન ટૂરિસ્ટ વચ્ચે ટિકિટમાં ફર્ક હોય ત્યાં હંમેશાં ટૂરિસ્ટની ટિકિટ વધુ જ હોય છે. અહીં તો ટૂરિસ્ટ માટે ફ્રી એન્ટ્રી છે. ઓસાકામાં સુમો સ્ટાર્સ દેખાયા હતા, અહીં સુમો લેજન્ડની વાતો જાણવા મળી ગઈ હતી. હવે શહેરથી નીકળતા પહેલાં એક નાનકડી હાઇક કરવાની બાકી હતી. તેના માટે માઉન્ટ કોન્ગો જવાનું હતું. સુમો લાઇફ વિષે વધુ જાણીને મજા તો આવી હતી, પણ અહીં કાન્સુરાગીમાં ફૂલો અને પહાડોમાં વધુ મજા આવી ગઈ હતી. બનવાજોગ છે કે કદાચ બે સળંગ દિવસો સુમો હિસ્ટ્રીમાં વિતાવવા જેટલો રસ અમને કદાચ સુમો ફાઇટ્સમાં ન હતો. કાત્સુરાગી કોદો તરીકે ઓળખાતી અહીંની સૌથી લોકપ્રિય હાઇક ટ્રેઈલ ખરેખર એવી હતી કે ત્યાં રોકાઈ જવાની ઇચ્છા થઈ જાય તેવું હતું.


ટ્રેઇલ પર નાનકડું બુદ્ધા જેવું સ્ટેચ્યૂ હતું. તે જીઝો હતો. આ બુદ્ધિસ્ટ મોન્ક જાપાનમાં ખાસ પ્રવાસીઓ અને બાળકોનો રક્ષક દેવ હોવાની વાત છે. તે ક્યુટ સ્ટેચ્યૂ માટે પણ આ હાઇક કરવા જેવી છે. અહીંની શ્રાઇનમાં માત્ર જીઝો નહીં, ગામો નામે એક કાગડાની વાત પણ આવતી. હજારો વર્ષો પહેલાં તે ગામો આ રિજન પર રાજ કરતો હોવાની વાત હતી. કાવાગુચિકોની જેમ અહીં પણ લોકવાયકાઓ અને સ્થાનિક દેવી-દેવતાઓની વાર્તાઓ જ્યાં જુઓ ત્યાં માહોલમાં સાંસ્કૃતિક રંગો ભરતાં હોય તેવું લાગતું હતું. આ વિસ્તારમાં લીલોતરી વચ્ચેની શ્રાઇન પર તો વધુ પડતી શાંતિ મળતી હતી. આખીય ટ્રિપ પર એટલો બધો થાક ભેગો થયો હતો કે શ્રાઇનમાં વિતાવેલી થોડી પળો કામ નહોતી લાગવાની. હવે ઓસાકામાં થોડા દિવસો પછી બેજિંગમાં એક નાનકડો બ્રેક લઈને ઘરે જવાનું હતું. આ વિસ્તારનો સ્વાદ તો ખરેખર સાથે આવ્યો હતો, પેલું દાઢમાં ચોંટેલું ડાન્ગો હજી પણ નીકળ્યું ન હોય તેવું લાગતું હતું. ■

ભાત ભાત કે લોગ

જ્વલંત નાયક
feedback@bombaysamachar.com

# મહાન બનવાના હવાતિયાં મારતું અમેરિકા પતનના અંતિમ તબક્કે?

કોઈ મહાસત્તાનું પતન એ પણ કેટલાક ચોક્કસ તબક્કામાં વહેંચાયેલી ઘટના છે. છેલ્લી ચાર-પાંચ સદીનો વિશ્વનો ઇતિહાસ તપાસશો તો ખ્યાલ આવશે કે જુદા જુદા સમયે મહાસત્તા બનેલા દેશો એકસરખી પેટર્ન અનુસરીને પતન પામ્યા ને પોતાનું મહાસત્તા તરીકેનું પદ ગુમાવી બેઠા. હિસ્ટ્રી રિપીટ્સ ઇટસેલ્ફ... પુનરાવર્તન થતું રહે છે. જોવાની ખૂબી એ છે કે છેલ્લી પાંચેક સદીઓ દરમિયાન યુરોપે મહાસત્તાઓ બનવાનો અને પતનનો જે ઇતિહાસ જીવ્યો. એ આજે ફરી એક વખત વૈશ્વિક ફલક પર ક્રમશ: આકાર લઈ રહ્યો છે.



ફ્લેશબેકથી માંડીને સાંપ્રત સુધીની. વાત વિગતે સમજવા જેવી છે. ભારત જવા માટેનો જળમાર્ગ ખોજવા નીકળેલા કોલંબસે ૧૪૯૨માં અમેરિકા શોધી નાખ્યું. એ સાથે જ ઉત્તર અને દક્ષિણ અમેરિકાની ગોલ્ડ માઈન્સ (સોનાની ખાણો) યુરોપ માટે ખુલી ગઈ. સૌથી મોટો લાભ મજબૂત લશ્કરી તાકાત ધરાવતા સ્પેનને મળ્યો. એ વખતે અમેરિકાથી આવતા સોના-ચાંદીના જથ્થાએ સ્પેનની અર્થવ્યવસ્થાને જબરદસ્ત મજબૂતી આપી. આખા યુરોપની અર્થવ્યવસ્થા સ્પેનની આર્થિક તાકાતના પ્રભાવ હેઠળ હતી. માણસ હોય કે મહાસત્તા, અમર્યાદ સંપત્તિ મળ્યા બાદ એ વધુ લાલચુ, વધુ ક્રૂર બનીને વિશ્વવિજેતા બનવાનાં સપનાં જોવા માંડે છે.

સ્પેનિશ સત્તાધીશોને આખી દુનિયા કબજે કરવાના સપનાં આવવા લાગ્યા. એ વખતે બીજા કોઈ દેશ પાસે એવું પાયદળ કે નૌકાદળ નહોતું, જે સ્પેનને ટક્કર આપી શકે. લશ્કરી તાકાતને જોરે અમેરિકા, ફિલિપાઈન્સ, ઈટાલીના કેટલાક વિસ્તારો અને નેધરલેન્ડ સુધી સ્પેનિશ સામ્રાજ્ય વિકસ્યું. જ્યાં કોઈ યુદ્ધ થતું દેખાય ત્યાં સ્પેન અખાડામાં ઊતરી પડતું. એટલું જ નહીં, પણ પોતાના આર્થિક સંસાધનો વડે યુદ્ધો સ્પોન્સર કરતું!

યુરોપની ધરતી પર ખેલાયેલા દાયકાઓ લાંબા યુદ્ધોમાં સ્પેને ભાગ લીધો. સામ્રાજ્યનો વિસ્તાર કરવાની લાલચના પરિણામે કાળનું ચક્ર ફર્યું. યુદ્ધના તોતિંગ ખર્ચ ઉપરાંત દૂરના વિસ્તારો સુધી ફેલાયેલા સામ્રાજ્યનો નિભાવ ખર્ચ કાઢવો પણ ભારી પડવા માંડ્યો. અને અંતે સ્પેનિશ તિજોરીના તળિયા દેખાયા. એટલું ઓછું હોય એમ આંતરિક અસંતોષ પેદા થવા માંડ્યો અને દેશનો વેપારી વર્ગ ઉચાળા ભરીને બીજા દેશોમાં સ્થાયી થવા લાગ્યો. સ્પેનિશ ચલણનું પણ અવમૂલ્યન થવા માંડ્યું.

આ બધાને પરિણામે સત્તરમી સદીના પ્રારંભે જ સ્પેનિશ મહાસત્તા ધરાશાયી થઇ. આર્થિક રીતે પાયમાલ થયેલા આ દેશે અનેક વખત દેવાળું ફૂંક્યું. આઠેક દાયકા સુધી મહાસત્તા તરીકેનો મોભો પામ્યા બાદ સ્પેનનું જે પતન થયું એ પછી મહાસત્તા તરીકેનું પદ પાછું ક્યારેય ન મળ્યું!

આ આખો ઘટનાક્રમ તમને સાંપ્રત સમયની એક મહાસત્તા સાંકળી લેતો હોય એવું લાગે છે ને? હજી એક ઓર દાખલો જુઓ. ગઈ સદીમાં બ્રિટન વિશ્વની એકમાત્ર મહાસત્તાનું સ્થાન ભોગવતું હતું. આખા વિશ્વમાં બ્રિટને ભારત સહિતના અનેક દેશો કબજે કર્યા અને અત્યંત શક્તિશાળી સામ્રાજ્ય સ્થાપ્યું, પણ બ્રિટનનું સામ્રાજ્ય એ હદે વિસ્તર્યું કે એનો નિભાવ કરવાનું મુશ્કેલ બન્યું. એ સિવાય સામ્રાજ્યવાદને કારણે ઉપરાછાપરી ખેલાઈ ગયેલા બે વિશ્વ યુદ્ધોએ બ્રિટનની કેડ ભાંગી નાખી. વિશાળ સામ્રાજ્યને કારણે એક સમયે એવું કહેવાતું કે બ્રિટિશ રાજમાં સૂર્ય ક્યારેય આથમતો નથી, પણ આર્થિક રીતે પડી ભાંગ્યા બાદ નિભાવખર્ચના અભાવ સહિતનાં કારણોસર ભારત સહિતના મોટા ભાગનાં સંસ્થાનો બ્રિટિશરાજમાંથી મુક્ત થયા.અને બ્રિટને મહાસત્તા તરીકેનું પદ ગુમાવ્યું.

એક સમયે અમેરિકાને હંફાવનારા સોવિયેત યુનિયનને પણ આર્થિક નીતિઓ નડી ગઈ, અને એ મહાસત્તા પણ. નાના નાના ટુકડાઓમાં વિખેરાઈ ગઈ. હવે જો તમે મહાસત્તાઓના પતનનાં કારણોનો અભ્યાસ કરશો તો દરેક કેસમાં ચોક્કસ પ્રકારનો તબક્કાવાર ઘટનાક્રમ દેખાશે. આ ઘટનાક્રમ નીચે મુજબ છે:

**(૧) ઠેર ઠેર લશ્કરી હસ્તક્ષેપ:**

સ્પેન, બ્રિટન અને રશિયાએ દુનિયાના અનેક ઠેકાણે લશ્કરી હસ્તક્ષેપ કરેલા અને પોતાનાં લશ્કરો મોકલીને ભારે ખુવારી વેઠેલી.

**(૨) ચલણનું અવમૂલ્યન:**

એક સમયે આંતરરાષ્ટ્રીય ચલણ તરીકે ખ્યાતિ પામતું જે-તે મહાસત્તાઓનું ચલણ ખોટા નિર્ણયો અને આર્થિક નીતિઓ થકી અવમૂલ્યન પામતું રહ્યું.

**(૩) દુનિયા આખીમાં ઉધારી:**

અર્થતંત્રમાં પડેલાં ગાબડાઓ પુરવા માટે અને યુદ્ધોના ખર્ચને પહોંચી વળવા માટે મહાસત્તાઓ અનેક દેશો અને નાણાકીય સંસ્થાઓ પાસેથી આંખ મીંચીને ઉધાર લેતી રહી.

**(૪) ઉત્પાદન બંધ થઇ જવું:**

મહાસત્તા હોવાના કેફમાં રાચતી પ્રજા પોતે ફેક્ટરીમાં કે ખેતરોમાં જઈને કામ કરવાનું બંધ કરી દે છે. એમને સ્થાને બીજા દેશોમાંથી આવેલા લોકો આ કાર્ય કરે છે. અને દેશ આયાત ઉપર નિર્ભર થઇ જાય છે.

**(૫) સામાજિક પતન અને ઊંચો જતો ક્રાઈમરેટ:**

આ વાત આસાનીથી સમજી શકાય એવી છે. એના પરિણામે બૌદ્ધિક વર્ગ દેશ છોડીને બીજે સ્થાયી થવા માંડે. નવું રોકાણ આવતું નથી. હવે ઉપરોકત પાંચે પાંચ તબક્કાઓના અભ્યાસ પછી તમારા મનમાં સૌથી પહેલું નામ અમેરિકાનું આવશે ... અમેરિકા આજે વિશ્વની એકમાત્ર મહાસત્તા છે, પરંતુ મહાસત્તાનું પતન પામવાના જે જે તબક્કા છે એ અમેરિકા મહદઅંશે પાર કરી ચૂક્યું છે!

આ વાત પણ સમજી લઈએ કે અમેરિકાએ આખી દુનિયામાં પોતાના મિલીટરી બેઝ બનાવી રાખ્યા છે. લગભગ એંસી જેટલા દેશોમાં અમેરિકન સૈનિકોની હાજરી છે. આવડા મોટા સૈન્યને લડતું રાખવા માટે કેવડો ગંજાવર ખર્ચ થતો હશે! ટ્રમ્પે એટલા માટે જ થોડા સમય પહેલા 'નાટો'માંથી ખસી જવાની વાત કરેલી. યુરોપની લડાઈઓનો આર્થિક બોજ અમેરિકા શું કામ વેંઢારે? જોકે થોડા જ દિવસોમાં ટ્રમ્પે યુ-ટર્ન લીધો અને હવે એ ઈરાન, વેનેઝુએલા, ગ્રીનલેન્ડ... એમ ઠેર ઠેર યુદ્ધ મોરચા ખોલવાની પેરવીમાં છે. ટ્રમ્પે આખી દુનિયા સાથે છેડેલી ટૅરિફ વોર પણ અંદરથી પોલા થઇ ગયેલા અમેરિકન અર્થતંત્રને બચાવવાના હવાતિયા જ છે. ટૂંકમાં કહીએ તો અમેરિકા પણ એ જ ભૂલો કરી રહ્યું છે જે ક્યારેક સ્પેન, બ્રિટન અને રશિયાએ કરેલી.

હવે જો મહાસત્તા પદ ગુમાવવાનો વારો અમેરિકાનો છે? જો અમેરિકા મહાસત્તા નહિ રહે તો નવી મહાસત્તા કોણ બનશે? જવાબ જટિલ છે અને અનેક પરિબળો એમાં ભાગ ભજવશે, પણ મૂળ વાત એ કે જે દેશ યુદ્ધના ચાળે ચડ્યા સિવાય પોતાના અર્થતંત્રને મજબૂત રાખી શકશે. એ જ મહાસત્તા બનશે, કારણકે મહાસત્તા બનવા માટે લશ્કરી નહિ - આર્થિક બળ વધુ કાર્યસાધક ને ઉપકારક નીવડે છે. ■

ફોકસ

નિધિ ભટ્ટ
feedback@bombaysamachar.com

# જાણો, ગ્રાહકના મુખ્ય અધિકાર વિશે...

**ભારતમાં** ગ્રાહકોને છ અધિકારો આપવામાં આવ્યા છે. આ અધિકારોનું રક્ષણ કરવા માટે, ૨૪ ડિસેમ્બર, ૧૯૮૬ ના રોજ ગ્રાહક સુરક્ષા કાયદો ઘડવામાં આવ્યો હતો. આનો સીધો અર્થ એ છે કે જો તમે માલ અથવા સેવાઓ ખરીદો છો, તો તમે ફક્ત ચુકવણી કરનાર ગ્રાહક નથી, પરંતુ અધિકારો ધરાવતા ગ્રાહક છો. ભારતીય ગ્રાહકોના છ મુખ્ય અધિકારો અને ગ્રાહક અધિકારો અંગે ફરિયાદ કેવી રીતે અને ક્યાં નોંધાવવી તે વિશે જાણો.



રાષ્ટ્રીય ગ્રાહક દિવસ દર વર્ષે ૨૪ ડિસેમ્બરે ભારતમાં ઉજવવામાં આવે છે. આ દિવસ એટલા માટે ઉજવવામાં આવે છે કારણ કે ૨૪ ડિસેમ્બર, ૧૯૮૬ ના રોજ, ભારતમાં ગ્રાહક અધિકારોનું રક્ષણ કરવા માટેનો પ્રથમ મુખ્ય કાયદો, ગ્રાહક સુરક્ષા કાયદો, ઘડવામાં આવ્યો હતો. આનો સીધો અર્થ એ છે કે જો તમે માલ અથવા સેવાઓ ખરીદો છો, તો તમે ફક્ત ચુકવણી કરનાર ગ્રાહક નથી, પરંતુ અધિકારો ધરાવતા ગ્રાહક છો. આજે પણ ઘણા લોકો તેમના અધિકારોથી અજાણ છે, અથવા જ્યારે તેઓ જાગૃત હોય છે, ત્યારે પણ ફરિયાદ નોંધાવવામાં અચકાય છે.

ચાલો સરળ શબ્દોમાં ભારતીય ગ્રાહકોના છ મુખ્ય અધિકારો અને ગ્રાહક અધિકારો અંગે ફરિયાદ કેવી રીતે અને ક્યાં નોંધાવવી તે સમજીએ.

## સલામતીનો અધિકાર

સુરક્ષાનો અધિકાર એ તમારો પહેલો અને સૌથી મૂળભૂત અધિકાર છે. તેનો અર્થ એ છે કે તમને એવી વસ્તુઓ અથવા સેવાઓ પૂરી પાડવી જોઈએ જે તમારા સ્વાસ્થ્ય અને જીવન માટે સલામત હોય. ઉદાહરણ તરીકે નકલી દવાઓ, એક્સપાયર થયેલ ખોરાક, હલકી ગુણવત્તાવાળા ઇલેક્ટ્રોનિક્સ જે સહેજ પણ ખામીથી આગ પકડી શકે છે, ખામીયુક્ત ગેસ સિલિન્ડર, પરીક્ષણ ન કરાયેલાં સૌંદર્ય પ્રસાધનો, વગેરે બધા સલામતીના અધિકારનું ઉલ્લંઘન કરે છે. જો કોઈ કંપની અથવા દુકાનદાર તમારા જીવન અથવા સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડી શકે તેવી વસ્તુઓ વેચી રહ્યા હોય, તો તમે ફરિયાદ નોંધાવી શકો છો.

સામાન ખરીદતી વખતે, હંમેશા MRP, ઉત્પાદન તારીખ, એક્સપાયર તારીખ અને ISI અથવા FSSAI ચિહ્નો તપાસો. જો કોઈ ઉત્પાદન ગંભીર બીમારી, આગ અથવા ઈજાનું કારણ બને છે, તો તમે વળતર પણ માગી શકો છો.

### ફરિયાદ કેવી રીતે નોંધાવવી?

જો તમારી સાથે કંઈક ખોટું થયું હોય, જેમ કે હલકી ગુણવત્તાવાળા ઉત્પાદન, વધુ પડતું ચાર્જિંગ, કપટી ઓફર, નકલી માલ, ખોટું બિલિંગ, નબળી સેવા, વગેરે, તો તમે નીચે આપેલા પગલાંને અનુસરીને આગળ વધી શકો છો.

૧- પહેલા, કંપની અથવા દુકાનદાર સાથે વાત કરો. ઘણીવાર, નાની સમસ્યાઓ અહીં ઉકેલાઈ જાય છે. વસ્તુ ખરીદતી વખતે તમને મળેલ બિલ રાખો. સમસ્યાને સ્પષ્ટ રીતે સમજાવો, શું ખોટું થયું, તમે તે ક્યારે ખરીદી અને તમને કેટલું નુકસાન થયું. બધું રેકોર્ડમાં રાખવા માટે લેખિત ફરિયાદ અથવા ઇમેઇલ મોકલો.

૨- ગ્રાહક સંભાળ અને ઓનલાઈન ફરિયાદ. મોટાભાગની કંપનીઓ પાસે ગ્રાહક સંભાળ નંબર, ઈમેલ આઈડી, વોટ્સએપ/ચેટ સપોર્ટ અને સોશિયલ મીડિયા હેન્ડલ હોય છે. સ્ક્રીનશોટ અને ફોટા જોડીને તમારી ફરિયાદ આ નંબર પર મોકલો.

૩- રાષ્ટ્રીય ગ્રાહક હેલ્પલાઈન દ્વારા પણ મદદ ઉપલબ્ધ છે. સરકારે ગ્રાહકો માટે રાષ્ટ્રીય ગ્રાહક હેલ્પલાઈન (NCH) શરૂ કરી છે. તમે અહીં ઘણી રીતે ફરિયાદ નોંધાવી શકો છો. આ હેલ્પલાઈન તમારી ફરિયાદ કંપનીને રિલે કરે છે અને ઉકેલમાં મદદ કરે છે.

૪- ઈ-ફાઈલિંગ પણ ઉપલબ્ધ છે. દરેક બાબત માટે કોર્ટમાં જવાની જરૂર નથી. તમે તમારા ઘરે બેઠા બેઠા ઓનલાઈન ગ્રાહક કેસ દાખલ કરી શકો છો. આનાથી સમય અને મહેનત બંને બચે છે.

૫- ગ્રાહકોને મદદ કરવા માટે ગ્રાહક ફોરમ અથવા કમિશન પણ ઉપલબ્ધ છે. નાની રકમના વિવાદો માટે, જિલ્લા ગ્રાહક ફોરમનો સંપર્ક કરી શકાય છે. મોટા વિવાદો માટે અથવા જો તમે જિલ્લા ફોરમ સાથે અસંમત હોવ તો, રાજ્ય ગ્રાહક ફોરમ છે. તેવી જ રીતે રાષ્ટ્રીય ગ્રાહક ફોરમ છે, જ્યાં કોઈપણ ગ્રાહક રાજ્ય કમિશનના નિર્ણય સાથે અસંમત હોય તો સંપર્ક કરી શકે છે.

તમે કોઈપણ ગ્રાહક અદાલતમાં જાતે કેસ દાખલ કરી શકો છો. વકીલ રાખવા જરૂરી નથી, પરંતુ કેસની જટિલતાને આધારે, તે ફાયદાકારક હોઈ શકે છે. બધા પુરાવા - બિલ, રસીદો, ફોટા, ચેટ, ઇમેઇલ અને રેકોર્ડિંગ્સ - રાખો અને તેને તમારા કેસ સાથે સબમિટ કરો. ફોરમ અથવા કમિશન તમારા પક્ષ અને કંપની બંનેના પક્ષને સાંભળશે અને નિર્ણય લેશે.

## માહિતીનો અધિકાર

કાયદા દ્વારા, તમે કોઈપણ ઉત્પાદન અથવા સેવા વિશે આવશ્યક માહિતીની વિનંતી કરી શકો છો અને કંપનીએ તે તમને સ્પષ્ટપણે પ્રદાન કરવી આવશ્યક છે. આમાં ઉત્પાદનની ગુણવત્તા, કિંમત અને બધા કર, વજન અને જથ્થો, ઘટકો (ખાસ કરીને ખોરાક અને દવાઓ માટે) વોરંટી/ગેરંટી શરતો, આડઅસરો, સાવચેતીઓ વગેરેનો સમાવેશ થવો જોઈએ. જો કોઈ કંપની અથવા વિક્રેતા આ માહિતી છુપાવે છે અથવા ખોટી અથવા ગેરમાર્ગે દોરતી માહિતી પ્રદાન કરે છે, તો તેઓ કાયદાનું ઉલ્લંઘન કરી રહ્યા છે. આ અધિકારનું રક્ષણ કરવા માટે ખરીદી કરતી વખતે બિલ માંગવું અને ટેગ્સ અને લેબલ્સને કાળજીપૂર્વક વાંચવું જરૂરી છે. જો તમને જાહેરાતમાં જે છે તેનાથી અલગ કંઈક મળે છે, તો તમે ફરિયાદ નોંધાવી શકો છો.

## પસંદગીનો અધિકાર

તમને તમારી પસંદગીનું ઉત્પાદન અથવા સેવા પસંદ કરવાનો અધિકાર છે. કોઈપણ વિક્રેતા અથવા સેવા પ્રદાતા તમને પેકેજ્ડ કોમ્બો, અનિચ્છનીય ઉત્પાદન અથવા ફક્ત એક જ બ્રાન્ડ ખરીદવા માટે દબાણ કરી શકશે નહીં. જો દુકાનદાર તમને ફક્ત એક જ બ્રાન્ડ ખરીદવાનું કહે છે અથવા તમને બિલ મળશે નહીં, તો આ ખોટું છે.

જો મોબાઇલ કંપની તમને એવી સેવા પ્રદાન કરે છે જે તમે માગી ન હતી, જેમ કે અનિચ્છનીય મૂલ્યવર્ધિત સેવા, તો તમારે બિલિંગ અથવા સેવાનો સ્પષ્ટપણે ઇનકાર કરવો જોઈએ. જો તમારા પર દબાણ કરવામાં આવી રહ્યું છે અથવા જો સેવા તમારી સંમતિ વિના સક્રિય કરવામાં આવી છે, તો તમે કંપનીની ગ્રાહક સેવા અને પછીથી ગ્રાહક ફોરમમાં ફરિયાદ કરી શકો છો.

## સાંભળવાનો અધિકાર

જો તમારી સાથે અન્યાય થયો હોય, તો તમને તમારાં મંતવ્યો વ્યક્ત કરવાનો અને સાંભળવાનો અધિકાર છે. આનો અર્થ એ છે કે કંપની, સેવા પ્રદાતા અથવા સરકારી એજન્સી પાસે ગ્રાહક ફરિયાદ નિવારણ સિસ્ટમ હોવી જોઈએ. તમારી ફરિયાદને અવગણી શકાય નહીં. કંપનીના ગ્રાહક સંભાળ, હેલ્પલાઇન, ઇમેઇલ અથવા સોશિયલ મીડિયા હેન્ડલ્સમાં તમારી ફરિયાદ નોંધાવો. જો તમને સાંભળવામાં ન આવે અથવા ફક્ત અવગણવામાં આવી રહ્યા હોય, તો તેને રેકોર્ડ પર રાખો અને ગ્રાહક ફોરમમાં આગળ વધો.

## નિવારણ મેળવવાનો અધિકાર

માત્ર સાંભળવામાં આવવાથી મામલો સમાપ્ત થતો નથી. તમને તમારી સમસ્યાનું નિરાકરણ લાવવાનો અને યોગ્ય વળતર મેળવવાનો પણ અધિકાર છે. આ વળતર ઘણાં સ્વરૂપોમાં લઈ શકે છે, જેમાં રિફંડ, રિપ્લેસમેન્ટ પ્રોડક્ટ, મફત સમારકામ અને માનસિક વેદના, શારીરિક નુકસાન અથવા નાણાકીય નુકસાન માટે વધારાનું વળતર શામેલ છે. જો કંપની અથવા દુકાનદાર સીધા મુદ્દાને ઉકેલવાનો ઇનકાર કરે છે, તો તમે ગ્રાહક ફોરમમાં કેસ દાખલ કરી શકો છો. ત્યાં તમે ન્યાયિક નિવારણ મેળવી શકો છો.


## ગ્રાહક શિક્ષણનો અધિકાર

તમને તમારા અધિકારો વિશે જાણ કરવાનો અધિકાર છે જેથી તમે માહિતગાર રહી શકો. સરકાર, સંસ્થાઓ અને મીડિયાની જવાબદારી છે કે તેઓ જાગૃતિ અભિયાન ચલાવે. શાળાઓ અને કોલેજોમાં ગ્રાહક શિક્ષણ પણ શીખવવામાં આવે છે. જવાબદાર નાગરિકો તરીકે આપણે લેખ, સેમિનાર, સરકારી જાહેરાતો, વેબસાઇટ્સ અને અન્ય સ્રોતોમાંથી માહિતી એકત્રિત કરતા રહેવું જોઈએ. તમારા પરિવાર, પડોશીઓ અને મિત્રોને ગ્રાહક અધિકારો વિશે માહિતી આપો. ■

મસ્તરામની મસ્તી

મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com

# પતંગ - નેતા - પ્રજાજન... ઉડે-કાપે ને કપાય...




ઉત્તરાયણમાં પતંગ ઉડાડવાની મજા ટેનામેન્ટવાળા, લોરાઇઝ ફ્લેટવાળા, ખુલ્લા મેદાનવાળા લઈ શકે. બહુમાળી ફ્લેટવાળા માટે આ પર્વ નથી.

સીધું કહી શકાય કે બહુ ઊંચે પહોંચી ગયા પછી ક્યારેક ગમતી મજા છોડવી પડે છે.

ઉત્તરાયણ એટલે એવો દિવસ કે જેમાં માણસ સવારથી સાંજ સુધી આકાશ તરફ જ જુએ. ક્યારેક પતંગ માટે, ક્યારેક પડોશી માટે, અને ક્યારેક એ જોવા માટે કે સામેવાળો પોતાના પતંગ કરતાં પોતે વધારે ઊંચે ઉડી રહ્યો છે કે કેમ! આ દિવસે લોકોનો આત્મવિશ્વાસ એટલો વધી જાય છે કે જે આખું વર્ષ ભાઈ, મને નોકરી અપાવી દેજે કહેતો હતો, એ પણ આજે કહે છે, હું તો બાળપણથી જ લીડર છું.

પતંગ ઉડાડવાની મજા આવે તેનાથી વધારે કાપવાની મજા આવે અને તેથી પણ વધારે લૂંટવાની મજા આવે. હવે લોકોની આ જ પ્રકૃતિ બની ગઈ છે. રાજકારણમાં જે સરસ રીતે પ્રેઝન્ટેશન કરી શકે કામ કરી શકે તેના કરતાં વધારે કોઈની લીટી નાની કરી શકે, પોતાનો કક્કો સાચો છે તે સાબિત કરી શકે અને તેના માટે કાપા-કાપી કરી શકે તે જ યોગ્ય નેતા.

- અને સૌથી સફળ નેતા એટલે પતંગ લૂંટી શકે અને પોતાના ધાબા પર વટ પાડી શકે... આ વાતનો કઈ વિચાર વિસ્તાર કરવાનો ન હોય... એ તો મારા વાચકો થોડામાં ઘણું સમજી શકે છે. અને આમેય જે ઉત્તરાયણમાં ઉડાડવામાં કાપવામાં કે લૂંટવામાં ભાગ નથી લઈ શકતા તે માત્ર જુએ છે અને મજા માણે છે એટલે કે તેને આપણે 'પ્રજા' કહીએ છીએ.

આ વર્ષે ઉત્તરાયણમાં એક ખાસ વાત જોવા મળી. પતંગ સાથે રાજકારણ પણ ઊડતું હતું. કોઈ કહે, આ મારો પતંગ, તો સામે વાળો કહે, ના, આ તો અમારી પાર્ટીનો! પતંગ ઉડાડતા ઉડાડતા લોકો એવા ચર્ચા કરે જાણે વિધાનસભામાં બેઠા હોય.

એ પતંગ બહુ ઊંચો ગયો છે, એની દોરી ભલે સબળી હોય પણ હવે એને નીચે લાવવાનો સમય આવ્યો.

પતંગ ઉડાડનારને લાગે છે કે એ દુનિયાનો સૌથી મોટો સ્ટ્રેટેજિસ્ટ છે. રાજકારણમાં પણ એવું જ છે. અહીં નેતાઓ માને છે કે પોતે જ દેશ ચલાવે છે, પરંતુ પતંગ જેવી જ હાલત દોરી કોઈ બીજાના હાથમાં!

ઉત્તરાયણમાં બે પ્રકારના લોકો હોય છે, એક જે પતંગ કાપે અને બીજા જે પતંગ લૂંટે. કાપનારા બહુ ગર્વીલા હોય છે. એ કહે, અમે સીધા કાપીએ, લૂંટવાની જરૂર નથી. આવા લોકો રાજકારણમાં પણ હોય છે. એ સીધા સ્ટેજ પર ચઢે, માઈક પકડે અને બોલે, આ વિસ્તાર તો આપણો જ છે. લૂંટનારા થોડા શાંત હોય છે. એ કંઈ ન બોલે, ફક્ત જોયા કરે. અને જયારે કોઈ બીજાનો પતંગ પડી જાય, ત્યારે અચાનક સ્પીડ એવી આવે કે ઓલિમ્પિકમાં દોડે તો મેડલ લઈ આવે.

આ લૂંટનારા રાજકારણમાં બહુ કામના છે. એ લોકો પોતે કશું બનાવતા નથી, પણ જે બને છે એમાં પોતાનો હિસ્સો શોધી લે છે.

પતંગમાં પણ ગોથાળીઓ, એટલે કે હવામાં ગોથા મારતો હોય તેમ રાજકારણમાં પણ આવા ગોથાળીયા હોય છે. આજે એક પાર્ટીમાં, કાલે બીજીમાં. એમને પૂછો, તમે ક્યાંના? તો જવાબ આપે, હું તો જીતનારો છું. એમના માટે વિચારધારા પતંગ જેવી. હવા બદલાય એટલે દિશા બદલાય.

અગાસી હવે માત્ર મકાનનો ભાગ નથી રહી. એ હવે પોલિટિકલ સ્ટેજ છે. એક ખૂણે ચિક્કી, એક ખૂણે ઊંધિયુ અને વચ્ચે રાજકીય વિશ્લેષણ. લોકો કહે છે, આ વર્ષે પતંગ તો અમે લઈ જઈશું, અને અંદરથી અર્થ એવો કે આ વખતે સીટ અમારી. ચા પીતા પીતા લોકો એવા અંદાજ લગાવે છે જાણે ઇલેક્શન કમિશન એમના ઘરમાં જ બેઠું હોય.

પતંગ ઉડાડતાં માણસ પોતાને સુપરમેન સમજે છે. એને લાગે છે કે આખું આકાશ એની મુઠ્ઠીમાં છે. રાજકારણમાં પણ એવું જ છે. નેતાઓ માને છે કે લોકો એમની પાછળ છે, પણ હકીકતમાં તો લોકો પાછળથી સેલ્ફી લઈ રહ્યા હોય છે. પતંગ ઊંચે જાય, તો બધા કહે, વાહ! પણ પડી જાય, તો બધા પહેલા વીડિયો બનાવે.

ઉત્તરાયણમાં ચીક્કી કે ઊંધિયું વહેંચાય છે, રાજકારણમાં વચ્ચેનો વહેંચાય છે. પતંગ પણ કપાય અને વચન પણ.

છેલ્લે, ઉત્તરાયણ આપણને એક સત્ય શીખવે છે. અહીં કોઈ કાયમી ઊંચે નથી. પતંગ આજે ઊંચે, કાલે જમીન પર... નેતા આજે માઈક પર, કાલે મીમમાં.

આકાશમાં પતંગ ઉડે છે, જમીન પર નેતાઓ, અને વચ્ચે આપણે બધા હસતા, ચીસો પાડતા અને આશા રાખતા કે તહેવાર સરસ ઉજવાશે બધું આપણને ગમતું થશે. ■

**વિચારવાયુ**

*વર્ષોથી એક જ કલરમાં રહેલા આકાશને અને પરિણીત પુરુષને કલરફુલ થવાનો એક દિવસીય મોકો એટલે પતંગ ઉત્સવ ઉત્તરાયણ.*

# ધુમાડો



## ઈન્સ્પેક્ટર કરણ બક્ષીઃ કેસ ફાઈલ્સ

**ટીના દોશી**

કોઈ ગંભીર ગુનો કર્યો હોય, હત્યા કરી હોય, લૂંટ ચલાવી હોય, ધાડ પાડી હોય, નશીલાં દ્રવ્યોની હેરાફેરી કરી હોય, દાણચોરી કરી હોય, ચોરી કરી હોય, બ્લેકમેઈલ કર્યા હોય...અરે, છેવટે કોઈનું પાકીટ તફડાવ્યું હોય કે નાની અમથી હાથચાલાકી પણ કરી હોય તો શંકાના આધારે ગુનો દાખલ કરીને તાત્કાલિક ધરપકડ કરી શકાય, પણ આ કેસમાં તો એવું કાંઈ જ નથી. ગંભીર તો શું, સાધારણ કહી શકાય એવો ગુનો પણ નહીં. ખૂન, લૂંટફાટ, મારધાડ કે ચોરી તો બહુ દૂરની વાત છે, નાની અમથી હાથસફાઈ જેવું પણ નહીં. ટૂંકમાં, કાયદાની વ્યાખ્યામાં ગુનો કહી શકાય એવું કાંઈ ન મળે. છતાં હકીકત એ છે કે કોઈના માટે જીવન-મરણનો પ્રશ્ન ઉદ્ભવ્યો છે. જો પોતે કાંઈ નહીં કરે તો એક ગંભીર ઘટના...ખરેખર તો દુર્ઘટના બનવાની છે એ નક્કી. કોઈ એને અટકાવી શકે એમ નથી.

વાતાનુકૂલિત ચેમ્બરમાં પીઠ પાછળ બંને હાથના અંકોડા ભેરવીને આંટાફેરા કરી રહેલા પોલીસ કમિશનર ઇન્દ્રવિજયસિંહ ઝાલાને કપાળે ઠંડકમાં પણ પ્રસ્વેદબિંદુઓ બાઝેલાં. કોઈ ગુનો બનતો નહોતો, એથી એફ.આઈ.આર. દાખલ થઇ શકે એમ નહોતું. છતાં જે બનવાનું હતું તે રોકવું પણ જરૂરી જ નહીં, અનિવાર્ય પણ હતું. એણે જે રીતે કહેલું તે જોતાં તો એવું જ લાગ્યું કે એ જે કહે છે એ કરીને જ જંપશે. ત્રીસ વર્ષની શાનદાર કારકિર્દીમાં પોતે પોતાને આટલા અસહાય ક્યારેય નહોતા અનુભવ્યા ઇન્દ્રવિજયસિંહે. છેલ્લા એક અઠવાડિયાથી ઊંઘ વેચીને ઉજાગરા કરી રહેલા. છતાં હજુ સુધી પરિણામ મળ્યું નહોતું. શું કરવું એ સમજાતું નહોતું.

આમ તો ઇન્દ્રવિજયસિંહનો કડપ ઘણો. ગુનેગાર એમને જોઇને જ ઢીલો થઇ જાય. જાજરમાન અને પ્રતિભાશાળી વ્યક્તિત્વ હતું એમનું. ગુનાખોરી ડામવા કૃતસંકલ્પ. ઘઉંવર્ણો ચહેરો. ચાંદી જેવા ચમકતા વાળ. ઉંમર સાથે વાળ ઓછા થઇ ગયેલા. પણ એ વાળ ચહેરાને દીપાવતા. મક્કમપણે ભીડેલા હોઠ. આંખોમાં દૃઢ નિશ્ચય. અનેરી ચમક. કાંઈક કરી છૂટવાની તમન્ના. એ આંખો જ અપરાધીને આરપાર વીંધી નાખતી. છપ્પનની ઉંમરે પહોંચેલા ઇન્દ્રવિજયની બહાદુરી અને પરાક્રમોના કિસ્સા એટલા જાણીતા હતા કે પોલીસબેડા અને મીડિયાના લોકો માનથી એકે-છપ્પન કહીને પણ સંબોધતા. એનું ગૌરવ હતું ઇન્દ્રવિજયને. પણ અત્યારે એક સ્ત્રી. આમ તો યુવતી કહી શકાય. એ યુવતી આ ગૌરવનું હનન કરી રહી છે. છતાં પોતે કશું જ કરી શકતા નથી. લગાતાર સપ્તાહથી પોતે મંડ્યા હોવા છતાં ઠેરના ઠેર જ છે. હતા ત્યાંના ત્યાં જ છે. જ્યાંથી શરૂ કરેલું ત્યાં જ.

હવે તો સમય પણ ઓછો છે. અડતાળીસ કલાક માંડ. છેલ્લા એક અઠવાડિયામાં કાંઈ નથી થઇ શક્યું તો હવે બે દિવસમાં તો શું થવાનું. પોતે હાથ ઘસતા રહી જશે અને.. અને એ બોલેલું પાળી બતાડશે. રણવિજયનું જીવન ધૂળધાણી થઇ જશે. સાથે જ પોતાનું પણ. પોતાની પ્રતિષ્ઠાનું ધોવાણ થઇ જશે. પોતે હાંસીપાત્ર બની જશે. આયખું આખું વટથી, ખુમારીથી અને રુઆબથી જીવ્યો, પણ રણવિજયની એક ભૂલ... માત્ર ભૂલ નહીં, ભયંકર ભૂલને કારણે આજે આ દા'ડો જોવાનો આવ્યો. પોલીસની કાજળઘેરી કોટડી જેવી નોકરીમાં શ્વેત વસ્ત્ર પર એકેય ડાઘ ન પડે એની પગલે પગલે કાળજી રાખેલી. પ્રામાણિકતાનો પર્યાય બનીને રહ્યા. પણ રણવિજયની એક ભૂલનો ભોગ પોતે બની જશે. આમ તો બાપનાં કર્મોનાં ફળ દીકરાએ ભોગવવાના હોય છે, પણ અહીં તો.. ઊંધું થયું. પુત્રની બેદરકારી બાપનો.. પોતાનો ભોગ લેશે!

હા, રણવિજય એટલે ઇન્દ્રવિજયસિંહનો એકનો એક દીકરો. ચોવીસ વર્ષનો. બે દિવસ પછી એની સગાઇ છે. પોતાના જેવા જ પ્રતિષ્ઠિત ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ ગજેન્દ્રસિંહ ગોહિલની એકમાત્ર દીકરી અનન્યા સાથે. બંને પક્ષે પૂરજોશમાં તૈયારીઓ ચાલી રહેલી. હમણાં સુધી તો બધું બરાબર હતું, પણ અઠવાડિયા પહેલાં.

ઇન્દ્રવિજયસિંહ એ દિવસ ભૂલી શકે એમ નહોતા. એ દિવસે સવારે બરાબર અગિયારના ટકોરે એક યુવતી પોતાને મળવા આવેલી. પોતાનું નામ એણે શિરાલી જણાવેલું. એ યુવતીએ દોઢ ફૂટ બાય દોઢ ફૂટની એક તસવીર કમિશનરના મેજ પર મૂકી. એ તસવીર દારૂગોળાથી પણ વધુ વિસ્ફોટક હતી. શાંત જળમાં પથરો ફેંકાયો. ઇન્દ્રવિજયસિંહ એ જોઇને ઊછળી પડેલા. એક યુવતીને આલિંગન આપી રહેલા યુવકની એ તસવીર હતી. તસવીરમાંની યુવતી તો શિરાલી હતી, પણ યુવાનને જોઇને ઇન્દ્રવિજયસિંહ છળી ઊઠ્યા. એ બીજું કોઈ નહીં, પણ રણવિજય હતો. પોતાનો દીકરો રણવિજયસિંહ.!

ડી.જી.પી. ગજેન્દ્રસિંહ માટે તો આંગળી ન ચીંધી શકાય એવું ચારિત્ર્ય જ સૌથી પહેલી અને સૌથી અગત્યની પ્રાથમિકતા હતી. રૂપિયા, પૈસા, બંગલા, ગાડી, નોકરચાકર અને અન્ય ભૌતિક સમૃદ્ધિ ગૌણ. પોતાની પ્રતિષ્ઠા જોઇને તો એમણે પોતાની દીકરીને રણવિજય સાથે પરણાવવા સામેથી વાત છેડેલી. પોતે પણ વાત વધાવી લીધેલી. પણ આ તસવીર. તસવીરમાં અશ્લીલ કહી શકાય એવી કોઈ મુદ્રા નહોતી, પણ તોયે આ તસવીર મહેન્દ્રસિંહને હાથ ચડે તો લગ્ન ફોક થઇ જ જાય એમાં મીનમેખ નહીં. સાથે પોતાની આબરૂના ચીંથરાં ઊડે અને પોતાની કીર્તિનો કોટ પળમાં ધરાશાયી થઇ જાય એમાં શંકાને સ્થાન નથી.

સર.... શિરાલીના મધુર કંઠે ઇન્દ્રવિજયના વિચારની હારમાળા થંભાવી દીધેલી. શિરાલી ખૂબ સ્વાભાવિકતાથી કહી રહેલી, 'એક સમયે રણવિજય અને મારું પ્રેમપ્રકરણ ચાલી રહેલું. પણ નજીવી બાબતે અમારો ઝગડો થયો. અમે છૂટાં પડ્યાં. મારા મનમાં રહી માત્ર કડવાશ અને આ યાદગીરી. હવે તો તમને ખ્યાલ તો આવી જ ગયો હશે કે હું આપની પાસે શા માટે આવી છું?'

'બ્લેકમેઈલ...?' ઇન્દ્રવિજયસિંહના હૈયે ગુંજતો શબ્દ હોઠે આવે એ પહેલાં તો એમના મનની વાત સાંભળી લીધી હોય એમ શિરાલીએ બરફ જેવી ઠંડકથી કહેલુંઃ 'ના, ના.. બ્લેકમેઈલીંગ નહીં. એ તો બિલો ડિગ્નિટી કહેવાય. હું તો માત્ર એટલું કહેવા આવી છું કે આર્યનની સગાઇના દિવસે હું આ તસવીર ડી.જી.પી.ને સગાઇની ભેટ તરીકે મોકલી આપવાની છું. મારી વાત સમજો છો ને?'

'પણ એવું કરવાને કોઈ કારણ...' ઇન્દ્રવિજયસિંહનું વાક્ય પૂરું થાય એ પહેલાં શિરાલી બોલેલીઃ 'બદલો. બીજું શું? પરપીડનવૃત્તિ. બીજાની પીડા જોઇને મને અત્યંત આનંદ થાય છે. મારા આ સ્વભાવને કારણે તો રણવિજયે મને છોડી દીધેલી. પણ હવે મારો વારો છે વેરની વસૂલાત કરવાનો. હું પણ જોઉં છું કે રણવિજય અનન્યા સાથે સગાઇ કઈ રીતે કરે છે?' કહીને શિરાલી તસવીર લઈને ઊભી થઇ ગઈ. દરવાજા સુધી પહોંચીને, કંઇક યાદ આવ્યું હોય એમ પાછળ ફરીને બોલીઃ 'રણવિજયને બચાવવા તમે કાંઈ નહીં કરી શકો. મને ખબર છે કે હું કોઈ ગુનો નથી કરી રહી. સગાઈ નિમિત્તે કોઈને શુભેચ્છા ભેટ મોકલવી એ કાયદાની કોઈ કલમમાં ગુનો બનતો નથી. અને હા, હું વકીલાતનું ભણી છું. એટલે કોઈ છટકું ગોઠવવાનો વિચાર હોય તો માંડી વાળજો. મારી પાસે આ તસવીરની નેગેટિવ પણ છે.' કહીને શિરાલી સડસડાટ બહાર નીકળી ગયેલી.

શિરાલી જતી રહેલી, પણ આ ચેમ્બરમાં એના શબ્દો હજુ ગુંજી રહેલા. ઇન્દ્રવિજયસિંહ પાંજરે પુરાયેલા સિંહ જેવી અકળામણ અનુભવી રહ્યા. પોતે પોતાની ઝળહળતી કારકિર્દીમાં અનેક પડકારોનો સામનો કરેલો. કેટલાયે ગુનેગારોને ઝબ્બે કરેલા. જોખમો સાથે પનારો પાડેલો. ગમે તેટલો ગૂંચવાયેલો કેસ હોય, એને પોતે પોતાની કોઠાસૂઝથી ઉકેલી દેતા. પણ આજે તો પોતે જ ગૂંચવાયા છે.! કેવી અજબ જેવી વાત છે. કોઈ જોખમ નથી છતાં જોખમ તોળાઈ રહ્યું છે. એક છોકરીએ પોતાને કેવી વિકટ અને વિચિત્ર પરિસ્થિતિમાં મૂકી દીધા છે. કહેવાય પણ નહીં ને સહેવાય પણ નહીં. પણ વિટંબણા તો એ છે કે પોતાની પ્રતિષ્ઠા દાવ પર લાગી છે છતાં હાથ બેડીના બંધનમાં જકડાયેલા હોય એવું લાગે છે અને પોતે કાંઈ કરી શકતા નથી. સારું જ થયું કે રણવિજયે આવી માથાફરેલી છોકરીને છોડી દીધી, પણ શિરાલીના સકંજામાંથી રણવિજયને કોણ છોડાવશે? પોતે પેલી તસવીર અને નેગેટિવ પછી મેળવવા જેટલું કરી શક્યા એ કર્યું, પણ પરિણામ શૂન્ય. હશે... હવે જે થવું હોય એ થવા દો. કોઈ કાંઈ કરી શકે એમ નથી.

'ના, ના... એક વ્યક્તિ છે જે હજુય કાંઈ કરી શકે એમ છે. ઇન્સ્પેક્ટર કરણ બક્ષી! જોશીલો, તેજસ્વી ને તરવરિયો. ચપળ, ચાલાક ને ચબરાક. એ જરૂર કોઈક ચમત્કાર સર્જી શકશે!'

ઇન્દ્રવિજયસિંહે તાત્કાલિક કરણ બક્ષીને તેડાવી લીધો. કરણ તુર્ત જ હાજર થયો. પોલીસ કમિશનરે એક ક્ષણ પણ વેડફ્યા વિના ટૂંકમાં મુદ્દાસર વિગતો કરણને કહી. પછી બોલ્યાઃ 'કરણ, તારી પાસે અડતાળીસ કલાકનો સમય પણ નથી. મેં તસવીર અને નેગેટિવ પાછી મેળવવા મારાથી થાય એ બધા જ પ્રયત્નો કરી જોયા છે. પણ હું એ મેળવવામાં સફળ થયો નથી. પણ તારી સફળતા માટે તને શુભકામના પાઠવું છું. જોકે તું એમ ન સમજતો કે હું તારા પર કોઈ દબાણ કરી રહ્યો છું. તું નિષ્ફળ જઈશ તો પણ મને તે કબૂલ મંજૂર હશે. કારણ કે એ છોકરી બહુ ચાલાક છે. મારા બધા પ્રયાસો એટલે જ તો નકામા ગયા...'

'સર, તમારી પ્રતિષ્ઠા એ મારે મન સૌથી મહત્ત્વની છે. હું એને ખરડાવા નહીં જ દઉં... ' કરણે કહ્યુંઃ 'મારે માત્ર તમે કરેલા પ્રયત્નો અંગે માહિતી જોઈએ છે. જેથી હું મારી સ્ટ્રેટેજી તૈયાર કરી શકું.'

'તો સાંભળ...' કહીને આછા નિઃશ્વાસ સાથે કમિશનરે કહ્યુંઃ 'આવડી મોટી તસવીર શિરાલી સાથે લઈને ન ફરતી હોય. એથી મેં એને ઘેર ચોરી કરાવી. એક વાર નહીં, બબ્બે વાર. બધા ડ્રોઅર, કબાટ, ગાદલાંગોદડાં, સઘળું રાચરચીલું, જ્યાં એ તસવીર છુપાવી શકાય એ તમામ જગ્યાઓ જોવડાવી નાખી. પણ કાંઈ હાથ ન લાગ્યું...' એકધારું બોલીને ઇન્દ્રવિજયસિંહ એક પળ અટક્યા. વળી બોલ્યાઃ

'મારે તો નેગેટિવ પણ જોઈતી હતી. કદાચ એ હેન્ડબેગમાં સાથે લઈને ફરતી હશે એમ ધારીને નામીચા પાકીટમાર પાસે એની હેન્ડબેગની તફડંચી કરાવી. પણ એમાંથીયે કાંઈ ન મળ્યું. બે વાર તો ગુંડાઓ દ્વારા ધાકધમકી અપાવી, પણ એના પેટનું પાણી પણ ન હાલ્યું. એવુંયે નથી કે એ આખો દિવસ ઘરમાં રહેતી હોય. એ બેધડકપણે બહાર આવે જાય છે. એનો અર્થ તો એમ જ થાય કે એણે ઘરમાં નહીં, ને બહાર એવી કોઈ જગ્યાએ એ તસવીર સંતાડી હશે જ્યાંથી એને કોઈ શોધી નહીં શકે એવી એને ખાતરી હશે. આ સિવાય પણ એકાદ બે નાનામોટા પ્રયાસ કર્યા, પણ અંતે મારે હાથ કાંઈ લાગ્યું નથી.'

'સર, આપ નિશ્ચિંત રહો. હું આ ઘડીથી કામે લાગી ગયો છું.' કહેતાં ઇન્સ્પેક્ટર કરણ બક્ષી ઊભો થયો. કમિશનરની રજા લઈને નીકળ્યો. કશું જ અશક્ય હોતું નથી એવા સૂત્રમાં માનતા કરણ બક્ષીએ વિચારવાનું શરૂ કર્યું. બળથી નહીં, કળથી કામ લેવાનું હતું. મોડી રાત થઇ ગયેલી, એટલે કરણ ઘસઘસાટ ઊંઘી ગયો. થાક અને ઉજાગરો કાર્યક્ષમતા ઘટાડી દે છે. સવારે કરણ ઊઠ્યો ત્યારે તાજગી અને સ્ફૂર્તિ અનુભવી રહેલો. હવે ચાળીસેક કલાકમાં કામ પાર પાડવાનું હતું. કરણ એ માટે સજ્જ થયો. સમય ઓછો હોય ત્યારે એનું મગજ બમણા જોશથી કામ કરવા ટેવાયેલું.

અત્યારે ચાની ચુસકી લેતાં પણ એનું દિમાગ સતત કાર્યશીલ હતું. જાતજાતના વિચાર આવ્યા અને ગયા. ખાસ્સા વિચારના અંતે એક કીમિયો અમલમાં મૂકવાનો નિશ્ચય એણે કર્યો. એ માટે જુનિયર જયરાજ જાડેજા અને ઝલક દીક્ષિતની મદદ લેવી પડે એમ હતી. કરણે બંનેને બોલાવ્યા. બીજું કશું કહ્યા વિના એમણે જે કરવાની હતી તે કામગીરી સોંપી. બંનેને કરણ બક્ષીમાં એટલો વિશ્વાસ હતો કે એક પણ પ્રશ્ન કર્યા વિના કામે વળ્યા.

એ જ સાંજે સાડા પાંચનો સમય... શિરાલી આ સમયે ઇવનિંગ વોક લેવા નીકળે. યોજના અનુસાર કરણ બક્ષી અને ઝલક દીક્ષિત પતિપત્નીનો સ્વાંગ રચીને શિરાલીના ઘરની નજીક પહોંચ્યા. શિરાલી દૈનિક ક્રમ પ્રમાણે વોક લેવા નીકળી. પહેલેથી જ ત્યાં ગોઠવણ પ્રમાણે આવી પહોંચેલા બદમાશોએ શિરાલીને ઘેરી લીધી. થોડી ઝપાઝપી થઇ. શિરાલી બહાદુર ખરી, પણ ચાર જણાને પહોંચી વળે એમ નહોતું. અગાઉથી નક્કી થયા મુજબ આ મોકાનો ફાયદો કરણ બક્ષીએ ઉઠાવ્યો. એ વચમાં પડ્યો અને શિરાલીને બચાવવા જતાં ગંભીર રીતે ઘાયલ થયો. એના માથા પર ઢીમણું ઉપસી આવેલું, ખભા પરથી પુષ્કળ લોહી વહી રહેલું, હાથ પગ છોલાઈ ગયેલા. ઘૂંટી લોહીઝાણ. એમાં કોઈ બનાવટ નહોતી.

કરણે ઊભા થવા પ્રયત્ન કર્યો, પણ ફસડાઈ પડ્યો. મોંમાંથી વેદનાનો ઊંહકારો નીકળી ગયો. શિરાલી આમ તો બીજાની પીડા જોઇને ખુશ થતી, પણ પોતાને બચાવવા જતાં પેલા ભલા માણસની આ દશા થયેલી. એથી ઝલકની મદદથી એને ટેકો આપીને ઘેર લઇ ગઈ. કરણને કોચ પર બેસાડ્યો. પોતે પાટાપિંડીની સામગ્રી લેવા અંદરના ઓરડામાં ગઈ. કરણે જોયું કે એનું ઘર ભપકાદાર કે ટાપટીપવાળું નહોતું, પણ સાદગીપૂર્ણ હતું. જોકે એ સાદગી પણ ગરિમાપૂર્ણ હતી. બહારના નાનકડા દીવાનખંડ પરથી એણે અનુમાન કર્યું કે ઘર ત્રણ ઓરડાનું હોવું જોઈએ. હવાઉજાસ સારાં હતાં. પોતે જ્યાં કોચ પર બેઠેલો એ ઓરડામાં ખુલ્લી બારીમાંથી આવતો પવન ઠંડક આપી રહેલો. દીવાનખંડની બરાબર સામેના ભાગમાં પૂજાઘર દેખાયું. એમાં શોભતી દેવીદેવતાઓની છબી જોઇને શીશ ઝૂકી ગયું.

એટલામાં શિરાલી ફર્સ્ટ એઇડ કીટ લઈને આવી. કરણની સુશ્રૂષામાં પરોવાઈ. એના જખમ સાફ કરીને પાટો વીંટાળવા લાગી. એ જ વખતે દર્દથી કણસતા કરણનો હાથ ઊંચો થયો. ઘરની બહારના ભાગમાં એક વૃક્ષ પાછળ સંતાયેલા જયરાજ જાડેજાને ઊંચો થયેલો હાથ દેખાયો. એનો સંકેત સમજીને જયરાજે એક પદાર્થ બારીમાંથી અંદર નાખ્યો. વળતી પળે ધુમાડાના ગોટેગોટા નીકળવા માંડ્યા. જયરાજે આગ આગની બૂમો પાડવા માંડી. લોકો ભેગા થવા માંડ્યા. આગનું સાંભળીને શિરાલી કરણનો પાટો પડતો મૂકીને પૂજાઘર તરફ દોડી. દેવીદેવતાની છબી પાછળ હાથ નાખીને પેલી તસવીર અને નેગેટિવ બહાર કાઢ્યાં.

એ જ ક્ષણે કરણ ચિત્તાની ચપળતાથી કૂદ્યો. શિરાલી કશું સમજી શકે એ પહેલાં તો તસવીર અને નેગેટિવ કરણના હાથમાં. શિરાલી તો ડઘાઈ જ ગઈ. એ કાંઈ કહે એ પહેલાં કરણ બોલ્યોઃ 'આપે સ્વયં આ તસવીર અને નેગેટિવ બહાર કાઢ્યાં એ બદલ આપનો ખૂબ ખૂબ આભાર. અમારી એ શોધવાની મહેનત બચી અને સમય પણ.' આમ કહીને કરણ ઝલક સાથે ઘરની બહાર નીકળ્યો. ટોળે વળેલાં લોકોને સમજાવીને વિખેરી દીધાં.

અડધો કલાક પછી... કરણ તસવીર અને નેગેટિવ સાથે પોલીસ કમિશ્નર ઝાલા સામે ઊભેલો. ઇન્દ્રવિજયસિંહને તો પોતાની આંખો પર ભરોસો જ ન બેઠો. આ જુવાન ઇન્સ્પેક્ટર પર મૂકેલો વિશ્વાસ એળે નહોતો ગયો. પોતાની પ્રતિષ્ઠા હવે હેમખેમ હતી. પણ કેવી રીતે?

'સર...' ઇન્દ્રવિજયસિંહની નજરમાં ઊઠેલો સવાલ વાંચીને કરણ બક્ષીએ જવાબ વાળ્યોઃ 'મેં માનસશાસ્ત્રનો અભ્યાસ પણ કર્યો છે. એના આધારે મને એવું લાગ્યું કે સ્ત્રીના પેટમાં કોઈ વાત ન ટકે એમ ભલે કહેવાતું હોય, પણ શિરાલી પોતાની અંગત વાત કોઈને કરે નહીં. જો કોઈને કહે તો વાત જાહેર થઇ જાય અને પોતે ઘડેલું ષડ્યંત્ર નિષ્ફળ થઇ શકે. બીજી વાત એ કે પોતાના ઘરથી વધુ સુરક્ષિત જગ્યા એને કોઈ ન જ લાગે, કારણ, આવી સંવેદનશીલ બાબતમાં એ કોઈનો ભરોસો ન જ કરે. ત્રીજી વાત, એ સગાઇ નિમિત્તે પેલી તસવીર ભેટ આપવાની હતી, એટલે તસવીર હાથવગી જ રાખે. હાથવગી એટલે ઘરમાં જ. આ બધી બાબતનો વિચાર કરીને મેં એના ઘરમાં ઘૂસવાની અને શિરાલી પોતે જ એ તસવીર અને નેગેટિવ બહાર કાઢવા મજબૂર બની જાય એવી યોજના ઘડી.'

'યોજના...?' ઇન્દ્રવિજયની આંખમાં ચમકારો થયો.

'હા, સર...' કહીને કરણે યોજના વિશે જણાવ્યું. પેલા બદમાશો વિશે, પોતે ઘાયલ થયા વિશે, ધુમાડો કાઢતા સ્મોકબોમ્બ વિશે, આગ આગની બૂમો વિશે. હવે જ ઇન્દ્રવિજયનું ધ્યાન કરણના જખમ પર ગયું. ત્યાં તો કરણે કહેવા માંડ્યુંઃ 'સાયકોલોજીમાં એક સિદ્ધાંત છે. જયારે આગ લાગે ત્યારે માણસ સૌથી પહેલાં પોતાની કિંમતી ચીજ લેવા દોડે છે. મેં આ નિયમ પર મદાર રાખેલો. ધાર્યું એવું જ થયું. આગનું સાંભળીને શિરાલી કિંમતી જણસ બચાવી લેવા દોડી. એ કિંમતી ચીજ તો પેલી તસવીર અને નેગેટિવ જ હોય ને? મારી ધારણા સાચી પડી. શિરાલીએ દેવદેવીની છબી પાછળ નેગેટિવ સાથે છુપાવેલી તસવીર કાઢી અને મેં એ ઝડપી લીધી.'

'વેલ ડન માય બોય...' ઇન્દ્રવિજયસિંહ લાગણીશીલ થઈને બોલ્યાઃ 'તારો આભાર માનીશ તો તને નહીં ગમે. પણ શિરાલીને કોઈ માથાનું મળ્યું ખરું. ફરી આવું કાંઈ કરતાં પહેલાં સો વાર વિચાર કરશે.'

'સર...' કરણના હોઠે હાસ્ય રમવા લાગ્યુંઃ શિરાલીને પાઠ મળ્યો હશે કે આગ લાગી હોય ત્યાં ધુમાડો થાય એ સ્વાભાવિક છે, પણ જ્યાં ધુમાડો દેખાય ત્યાં આગ લાગી જ હોય એ જરૂરી નથી! ■

**આવતા અઠવાડિયે નવી કથા**

---

## સ્થાપત્યનું વાઈ-ફાઈ

**હેમંત વાળા** feedback@bombaysamachar.com

# મહારાષ્ટ્રનું જેતવન


## એક અર્થપૂર્ણ સૌમ્ય રચના

વર્ષ ૨૦૧૬માં મહારાષ્ટ્રના સાખરવાડીમાં સ્થપતિ 'સમીપ પાડોરા અને એસોસિએટ્સ' દ્વારા નિર્ધારિત કરાયેલ ૧,૪૦૦ ચો.મી.ની આ એક ઉલ્લેખનીય રચના છે. સાંપ્રત સમયમાં દરેક અર્વાચીન મકાન માટે સ્થપતિ દ્વારા પર્યાવરણની જાળવણી અને ઊર્જાની બચતને લગતાં જે મોટાં મોટાં દાવા કરાય છે તેની સામે અહીં હકીકતમાં પર્યાવરણ અને ઊર્જા બાબતે સાર્થક સંવેદનશીલતા રાખીને મકાન નિર્ધારિત કરાયું છે. આ બધાં સાથે વરસાદના પાણીનો સુંદર તેમજ યોગ્ય ઉપયોગનો ઉલ્લેખ પણ જરૂરી છે. આ રચના પાછળનો મૂળ હેતુ આધ્યાત્મિક ઉન્નતિ સાથે કૌશલ્યના વિકાસનો પણ છે. અહીં આ બંને ભિન્ન જણાતી પ્રવૃત્તિઓને સરસ રીતે એકબીજા સાથે સાંકળીને સ્થાપત્યનું નિર્ધારણ થયું છે. કહેવાય છે કે આ જેતવન મઠની રચના દ્વારા અહીંના પ્રાદેશિક સ્થાપત્યનાં ભવિષ્ય માટે એક નમૂના રૂપ રચના કરવાનો ઇરાદો હતો, જે મહદ્અંશે સફળ થયો હોય તેમ કહી શકાય.

જેતવન એ બૌદ્ધ ધર્મમાં એક મહત્ત્વનું સ્થાન ગણાય છે, જેનો અર્થ થાય છે જેતનું જંગલ, એટલે કે એક મઠની સ્થાપના માટે સંઘને 'જંગલ જેવા વિસ્તારમાં' દાનમાં આપેલી જમીન. મજાની વાત એ છે કે આ રચનાને જોતાં એમ અનુભવી શકાય કે ખરેખર આ જંગલને અનુરૂપ, જંગલના પર્યાવરણને અનુલક્ષીને, જંગલના માહોલ માટે જ બનાવાયેલ કુટીર છે. જંગલના આત્મા સમાન વૃક્ષને નુકસાન ન પહોંચે તે માટે અહીં મકાનની જરૂરિયાતને છ ભાગમાં વિભાજિત કરી તે મુજબ પ્લાનિંગ કરાયું છે. આમ કરવાથી હયાત વૃક્ષની જાળવણી શક્ય બની છે. એકવાર એમ જણાય કે આ બધા વૃક્ષની આજુબાજુ પ્રાપ્ય જગ્યા અનુસાર મકાનો ઊગી નીકળ્યાં છે. આ બધાં મકાનોને - વિભાગોને એકબીજા સાથે વરંડા, ખુલ્લી જગ્યાઓ તથા પ્રવેશ-સ્થાન દ્વારા સાંકળી લેવામાં આવ્યા છે. આ પ્રકારનાં અર્ધ-ખુલ્લી જગ્યાઓનાં અસરકારક ઉપયોગ થકી સમગ્ર રચનાનું કુદરત સાથેનું જોડાણ સ્વાભાવિક અને સરળ બને છે અને સાથે સાથે એક પ્રકારની પારદર્શિતા ઊભરે છે.

અહીં ઢળતાં છાપરાંનો રચનાત્મક ઉપયોગ જોવા મળે છે. છાપરાંનાં ઢાળથી મકાનની અંદરની જગ્યાએ એક પ્રકારની નાટકીયતા ઊભી થાય છે, મકાનની અંદરની જગ્યાઓએ રસપ્રદ વિવિધતા સર્જાય છે અને જે તે ઓરડાનો ચોક્કસ દિશા તથા બહારની કુદરતી પરિસ્થિતિ સાથેનો સંબંધ વધુ દ્રઢ થાય છે. સામાન્ય રીતે ઢળતાં છાપરાંનો ઢાળ બહારની તરફ હોય, પણ અહીં તેનાથી વિપરીત ગોઠવણ છે જેને કારણે મકાનની બહિર્મુખતા પ્રખરતાથી ઊભરી આવે છે. એક અભિપ્રાય પ્રમાણે, આ પ્રકારની રચનાથી, આ મકાન ઊડવા માટે તૈયાર હોય તેવા પતંગિયા સમાન જણાય છે. મકાન જે રીતે હલકુંફુલકું લાગે છે તેનાથી આવી કલ્પના કરી પણ શકાય. આ મકાનની રચનામાં જે તકનીક વાપરવામાં આવી છે તે મહદઅંશે ગુજરાતના ભુજ સ્થિત હુન્નર શાળામાં વિકસાવવામાં આવી હતી.


આ મકાનની રચનામાં હવાની કુદરતી અવરજવર તથા કુદરતી પ્રકાશને ખાસ મહત્ત્વ આપવામાં આવ્યું છે. તે માટે મકાનનાં ઢળતાં છાપરાંને વ્યવસ્થિત રીતે દીવાલથી અલગ કરી દેવાયાં છે. પરંપરાગત બાંધકામ શૈલી અને તેનાં દ્વારા સ્થાપિત થતો પરંપરા સાથેનો દ્રઢ સંપર્ક, સ્થાનિક હુન્નર તેમજ તકનીકનો કરાયેલ સર્જનાત્મક ઉપયોગ, મજબૂત દ્રઢ તથા 'સોલિડ' જણાતી પથ્થરની ભારવાહક દીવાલો ઉપર



ગોઠવવામાં આવેલ હળવી માળખાકીય રચના, શક્ય હોય ત્યાં સુધી 'વેસ્ટ' તરીકે મળેલી સામગ્રીનો અસરકારક ઉપયોગ, કુદરતી પરિસ્થિતિ સાથે સંવાદ સ્થાપી શકે તે મુજબનું પ્રમાણમાપ, આંતરિક અને બાહ્ય જગ્યાઓ વચ્ચે પરસ્પરનો અર્થપૂર્ણ તાલમેલ, આત્મીયતા સ્થાપિત થઈ શકે તેવો સર્જાયેલો સ્થાપત્યકીય માહોલ, પરંપરાગત બૌદ્ધ મઠની મૂળભૂત ધારણાના સિદ્ધાંતોનું અનુકરણ કર્યા પછી તેની સાથે વણાયેલી કેટલીક આધુનિક બાબતો, સમગ્ર મકાનમાં અનુભવાતી મોકળાશ, બિનજરૂરી બાબતોનો સંપૂર્ણતામાં ઉડાવી દેવામાં આવેલો છેદ અને તે બધાં સાથે પરંપરામાં વ્યક્ત કરાયેલો વિશ્વાસ - આ બધી આ રચનાની કેટલીક ખાસિયતો છે.

બાંધકામની સામગ્રીના મૂળભૂત સૌંદર્યનું અસરકારક આયોજન, મકાનના વિવિધ અંગોની ડીટેલિંગમાં પણ સ્થાપિત કરાયેલું રસપ્રદ સૌંદર્ય, આધુનિકતાવાદી સૌંદર્યની પરિભાષાથી મળેલી મુક્તિ, સ્થાનિક કારીગરોનાં કૌશલ્ય પ્રમાણે નિર્ધારિત કરાયેલ કેટલુંક વિગતીકરણ, જે તે સપાટીને જેમની તેમ ખુલ્લી અને અધૂરી જણાય તે રીતે રાખવાનો અભિગમ, કોન્ક્રીટની ગટર પર ટેકવાયેલ લાકડાની માળખાકીય રચનાથી અનુભવાતું ડાયનેમિક્સ, છતાં પણ સમગ્રતામાં ઉદભવતી સ્થિરતા, સંસ્થાનાં જુદાં જુદાં મકાનોને પરસ્પર એક કોર્ટયાર્ડની આસપાસ





ગોઠવી સ્થાપિત કરાયેલું કેન્દ્ર, કોઈપણ પરિસ્થિતિને ઢાંકી દેવાની કે છુપાવી દેવાની સ્થાપત્યકીય ચેષ્ટાનો અસ્વીકાર, પરંપરાગત માટી તથા છાણનાં લીંપણથી તૈયાર થયેલ કિટાણુનાશક કહી શકાય તેવી ફરસ, જેવી બાબતોનો પણ આ મકાનના વર્ણનમાં સમાવેશ કરી શકાય.

આ સમગ્ર રચનામાં એક પ્રકારની પ્રમાણિકતા પ્રતીત થાય છે. આ સાથે અહીં એક પ્રકારની શાંતિની અનુભૂતિ પણ થઈ શકે તેમ છે. આ એક એવી રચના છે કે જેની સાથે કોઈપણ માનવી સરળતાથી સંબંધ બાંધી શકે. એક દ્રષ્ટિકોણ પ્રમાણે આ નિર્દોષ કુદરતી અર્થપૂર્ણ રચના છે. અહીં દરેક વ્યક્તિને પોતાનું સ્થાન મળી રહે છે. અહીં દરેક વ્યક્તિને મકાન પોતાની અંદર સમાવી લે છે. અર્વાચીન સ્થાપત્ય માટે આ મકાન દ્વારા એક સારી દિશા સૂચિત થાય છે. સાંપ્રત સમયે મકાનોમાં જે ઘોંઘાટ અને દંભ જોવા મળે છે તેનો અહીં સદંતર અભાવ છે. ■

# યુદ્ધ રોકવા પુતિનની એન્ટ્રીઃ ઈરાન, ઇઝરાયલ વચ્ચે મધ્યસ્થીની ઑફર

મોસ્કોઃ રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિને ઇઝરાયલ અને ઇરાનના નેતાઓને અલગ-અલગ ફોન કરીને તેઓની વચ્ચે મધ્યસ્થી કરવાની ઑફર કરી હતી.

પુતિને ઇઝરાયલના વડા પ્રધાન બેન્જામીન નેતન્યાહુ અને ઇરાનના પ્રમુખ મસુદ પેઝેશ્કિયનને ફોન કરીને તેઓ વચ્ચે લાંબા સમયથી ચાલતી તંગદિલી ઘટાડવાના પ્રયાસમાં મધ્યસ્થી કરવાની તૈયારી દર્શાવી હતી.

ક્રેમલિનના પ્રવક્તા દમિત્રી પેસ્કોવે જણાવ્યું હતું કે આ વિસ્તારમાં પરિસ્થિતિ ઘણી તંગદિલીભરી છે. રશિયાના પ્રમુખ શાંતિ સ્થાપવાના પ્રયાસમાં મદદ કરવા તૈયાર છે.

ઇરાનના શાસકો વિરુદ્ધ તાજેતરમાં થયેલા જન-આંદોલન દરમિયાન અસંખ્ય લોકો માર્યા ગયા હતા અને તેથી તેના પર અમેરિકા, ઇઝરાયલ અને તેઓના સાથી રાષ્ટ્રોના હુમલાની સંભાવના ઊભી થઇ હતી.

અગાઉ, ઇરાન અને ઇઝરાયલે ગયા જૂનમાં એકબીજા પર હુમલા કર્યા હતા. ઇઝરાયલ દ્વારા ઇરાનના અણુમથક પરના હુમલાનો ભય પણ ઊભો થયો હતો.

મોસ્કોના તહેરાનની સાથેના સારા સંબંધ છે. ઇઝરાયલે ૨૦૨૩ની સાત ઑક્ટોબરથી ગાઝામાં શરૂ કરેલી લશ્કરી કાર્યવાહીની રશિયાએ ટીકા કરી તે પછી તેના ઇઝરાયલ સાથેના સંબંધ બગડ્યા હતા.

ઇરાનમાં શાસકો સામેના પ્રદર્શનમાં હાલમાં ઘટાડો થયો હોવાથી તેના પર અમેરિકા, ઇઝરાયલના હુમલાની સંભાવના ઓછી થઇ હોવાનું કહેવાય છે. (એજન્સી)

## ઈરાન પર પ્લીઝ હુમલો ન કરતાઃ ટ્રમ્પને આરબ દેશોએ આજીજી કરી

વૉશિંગ્ટન :અમેરિકાના મધ્ય-પૂર્વના અનેક સાથી દેશોએ ટ્રમ્પ સરકારને ઈરાન વિરુદ્ધ હુમલાઓ રોકવાનો આગ્રહ કર્યો હતો કારણ કે સરકાર પ્રદર્શનકારીઓ પર કડક કાર્યવાહી કરી રહી છે. આ બાબતથી પરિચિત એક આરબ રાજદૂતે આ જાણકારી આપી હતી. નામ ન આપવાની શરતે તેમણે કહ્યું હતું કે ઇજિપ્ત, ઓમાન, સાઉદી અરેબિયા અને કતારના ટોચના અધિકારીઓએ છેલ્લા ૪૮ કલાકમાં ચિંતા વ્યક્ત કરી છે કે અમેરિકન સૈન્ય હસ્તક્ષેપ વૈશ્વિક અર્થતંત્રને હચમચાવી નાખશે અને પહેલાથી જ અસ્થિર પ્રદેશને વધુ અસ્થિર બનાવશે.

ગુરુવારે ઓઈલની કિંમતોમાં ઘટાડો થયો હતો કારણ કે બજાર પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પના બદલતા વલણના એ સંકેતના રૂપમાં જોઈ રહ્યું હતું કે તેમણે ઈરાન પર હુમલો કરવાથી પીછેહટ કરી દીધી છે. જ્યારે તેમણે પ્રદર્શનકારીઓ વિરુદ્ધ કડક કાર્યવાહીના કારણે ઈરાનને અનેક દિવસો સુધી હુમલાની ધમકી આપી હતી. તેમ છતાં વાઇટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે ગુરુવારે જણાવ્યું હતું કે ઈરાનનો સામનો કરવા માટે ટ્રમ્પ સામે તમામ વિકલ્પો ખુલ્લા છે. લેવિટે કહ્યું હતું કે સત્ય એ છે કે ફક્ત રાષ્ટ્રપતિ ટ્રમ્પ જાણે છે કે તેઓ શું કરવા જઈ રહ્યા છે અને સલાહકારોની ખૂબ જ નાની ટીમને તેમના વિચારો વિશે જાણકારી છે,'' તેણીએ કહ્યું હતું કે ''તેઓ ઈરાનમાં જમીન પરની પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યા છે.

ઈરાનના ઈસ્લામિક શાસનને પડકારતા રાષ્ટ્રવ્યાપી વિરોધ પ્રદર્શન ગુરુવારે વધુને વધુ દબાયેલા જોવા મળ્યા હતા. અધિકારીઓએ દેશને વિશ્વથી અલગ કરવા માટે લોહિયાળ કાર્યવાહીને વધુ ઉગ્ર બનાવી દીધી હતી. કાર્યકર્તાઓએ કહ્યું હતું કે ઓછામાં ઓછા ૨,૬૩૭ લોકો માર્યા ગયા છે.

તાજેતરમાં જ ટ્રમ્પે ઈરાની નાગરિકોને ખાતરી આપી હતી કે મદદ આવી રહી છે અને તેમને તેમના દેશની સંસ્થાઓનો કબજો લેવા માટે વિનંતી કરી હતી પરંતુ બુધવારે અચાનક જાહેરાત કરી કે તેમને વિશ્વસનીય સૂત્રો તરફથી જાણકારી મળી છે કે ઈરાને પ્રદર્શનકારીઓને મારવાનું બંધ કરી દીધું છે અને ફાંસીની સજા સાથે આગળ વધી રહ્યું નથી.

આરબ અધિકારીઓએ વરિષ્ઠ ઈરાની અધિકારીઓને વિરોધીઓ પરના હિંસક દમનને ઝડપથી બંધ કરવા પણ વિનંતી કરી હતી. રાજદ્વારીએ જણાવ્યું હતું કે તેઓએ ચેતવણી આપી હતી કે અમેરિકા અથવા પ્રદેશના અન્ય લક્ષ્યો સામે અમેરિકાની કાર્યવાહી પર કોઈ પણ પ્રકારની ઈરાનની પ્રતિક્રિયાના પરિણામો ઈરાન માટે પ્રતિકૂળ રહેશે.

વ્હાઇટ હાઉસના બ્રીફિંગમાં ટ્રમ્પને હુમલાઓ ટાળવા માટે સાથી દેશોએ કહ્યું હોવાના અહેવાલો અંગે પૂછવામાં આવતા લેવિટે આ બાબતનો સીધો ઉલ્લેખ કર્યો ન હતો. સંયુક્ત રાષ્ટ્રમાં અમેરિકાના રાજદૂત માઇક વોલ્ટ્ઝે કહ્યું કે લશ્કરી કાર્યવાહી એક વિકલ્પ છે જે હજુ પણ અમલમાં છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પ એક કામ કરનાર વ્યક્તિ છે, સંયુક્ત રાષ્ટ્રની જેમ અનંત વાતો કરનારા નહીં. વોલ્ટ્ઝે ઈરાનના વિરોધ પ્રદર્શનોની ચર્ચા કરવા માટે યુએન સુરક્ષા પરિષદની બેઠકમાં ટિપ્પણીમાં કહ્યું કે હત્યાકાંડ રોકવા માટે બધા વિકલ્પો ટેબલ પર છે.

ટ્રમ્પે સોશ્યલ મીડિયા પર ૨૬ વર્ષીય ઈરાની દુકાનદાર ઈરફાન સોલ્તાનીની મૃત્યુદંડની સજા રદ કરવાના ન્યૂઝનો ઉલ્લેખ કર્યો હતો. વાઇટ હાઉસે ભારપૂર્વક જણાવ્યું હતું કે ઈરાને ૮૦૦ નિર્ધારિત ફાંસીની સજા અટકાવી દીધી છે. ■

## સ્ટાર્ટઅપ ઈન્ડિયા મિશન હવે ક્રાંતિ બની ગયું છેઃ મોદી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે જણાવ્યું હતું કે ભારતના યુવાનો અને વેપારી સાહસિકો સમસ્યાનો ખરો ઉકેલ લાવવા પ્રત્યે ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે તેમ જ સ્ટાર્ટઅપ ઇન્ડિયા મિશન હવે ક્રાંતિ બની ગયું છે.

મોદીએ 'સ્ટાર્ટઅપ ઇન્ડિયા' પ્રૉગ્રામના પૂર્ણ થયેલા એક દાયકા નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં જણાવ્યું હતું કે દેશમાં ૨૦૧૪માં ચાર સ્ટાર્ટઅપ હતી, પરંતુ હવે સક્રિય યુનિકોર્નની સંખ્યા જ ૧૨૫થી વધારે થઇ ગઇ છે.

ભારત હવે બે લાખથી વધુ સ્ટાર્ટઅપની સાથે વિશ્વની સૌથી મોટી સ્ટાર્ટઅપ ઇકૉસિસ્ટમમાં ત્રીજા સ્થાને છે.

વડા પ્રધાને જણાવ્યું હતું કે દેશના ટિઅર-ટૂ અને ટિઅર-થ્રી (મધ્યમ અને નાના) કક્ષાનાં શહેરો તેમ જ ગ્રામીણ ક્ષેત્રમાંના યુવાનો પોતાનું જ વેપાર-સાહસ શરૂ કરી રહ્યા છે.

તેમણે વેપાર - ઉદ્યોગ ક્ષેત્રે મહિલાઓના સશક્તીકરણમાંની પ્રગતિની જાણકારી આપતા જણાવ્યું હતું કે દેશની કુલ સ્ટાર્ટઅપમાંના ૪૫ ટકામાં એક મહિલા ડિરેક્ટર કે ભાગીદાર છે. વેપાર અને ઉદ્યોગમાં જોખમ લેવાની હવે ફૅશન બની ગઇ છે. દેશના યુવાનો હવે વેપાર-ઉદ્યોગમાં આરામદાયક રીતે કામ કરવાને બદલે જોખમ ઉઠાવી રહ્યા છે. (એજન્સી) ■

## ભારત-ઈયુ વેપાર કરાર હશે 'સુપર ડીલ': ગોયલ

નવી દિલ્હીઃ ભારત અને પ્રભાવશાળી ૨૭ દેશોના યુરોપિયન યુનિયન (ઈયુ) વચ્ચે મુક્ત વેપાર કરાર (એફટીએ) ને લઈને ઘણી ચર્ચા ચાલી રહી છે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે પ્રસ્તાવિત કરારને મધર ઑફ ડીલ્સ ગણાવી હતી અને તેના વૈશ્વિક અને સ્થાનિક મહત્ત્વ પર પ્રકાશ પાડ્યો હતો. ગોયલનું નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે ભારત વૈશ્વિક સ્તરે તેની નિકાસ ક્ષમતાઓને વિસ્તૃત કરવા માટે મુખ્ય આર્થિક ક્ષેત્રો સાથે વ્યૂહાત્મક ભાગીદારી બનાવી રહ્યું છે. શુક્રવારે કેન્દ્રીય પ્રધાન ગોયલે વિશ્વાસ વ્યક્ત કર્યો કે આ કરાર માત્ર ઐતિહાસિક જ નહીં પરંતુ બંને પક્ષોને સમાન રીતે લાભ પણ આપશે. તેમણે એ પણ ભાર મૂક્યો કે ભારત અને ઈયુ વચ્ચેનો વર્તમાન દ્વિપક્ષી વેપાર માલ અને સેવા બંને ક્ષેત્રોમાં સારી રીતે સંતુલિત છે.

મંત્રી પીયૂષ ગોયલે શુક્રવારે જણાવ્યું હતું કે ભારત અને ઈયુ વચ્ચેની ટ્રેડ ડીલ માટે વાટાઘાટો અંતિમ તબક્કામાં છે, તે '' મધર ઓફ ઓલ ડીલ્સ'' હશે. કરાર માટેની વાટાઘાટો સમાપ્ત થવાની જાહેરાત ૨૭ જાન્યુઆરીના રોજ થાય તેવી શક્યતા છે. ગોયલે અહીં પત્રકારોને કહ્યું હતું કે આ મધર ઓફ ઓલ ડીલ્સ હશે. પ્રસ્તાવિત કરાર બંને પક્ષો માટે સારો અને પરસ્પર ફાયદાકારક રહેશે. તે ભારતીય નિકાસ ક્ષેત્રો માટે ''સુપર ડીલ'' પણ હશે. એનડીએ સરકારે ૨૦૧૪થી સાત વેપાર કરારોને અંતિમ સ્વરૂપ આપ્યું છેઃ ઓસ્ટ્રેલિયા, યુકે, ઓમાન, ન્યૂ ઝીલેન્ડ, યુએઈ, ઈએફટીએ બ્લોક અને મોરિશિયસ સાથે વેપાર કરાર કર્યા છે. તેમણે એમ પણ કહ્યું કે બંને પક્ષો વચ્ચે માલ અને સેવાઓમાં દ્વિપક્ષી વેપાર સારી રીતે સંતુલિત છે. આનાથી વિકાસ માટે વિશાળ તકો ખૂલશે. ભારત અને યુરોપિયન યુનિયન એકબીજાના પૂરક છે અને સ્પર્ધામાં નથી.

યુરોપિયન કાઉન્સિલના પ્રમુખ એન્ટોનિયો લુઈસ સેન્ટોસ દા કોસ્ટા અને યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેન ૨૫-૨૭ જાન્યુઆરી દરમિયાન ભારતનીમુલાકાતે આવશે. તેઓ ૭૭મા પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં મુખ્ય મહેમાનો છે. આ કરાર ભારત માટે સૌથી મોટો કરાર હશે કારણ કે તેમાં ફ્રાન્સ, જર્મની, સ્પેન, ઇટાલી, ઑસ્ટ્રિયા, બેલ્જિયમ, બલ્ગેરિયા, ફિનલેન્ડ, હંગેરી, આયરલેન્ડ, નેધરલેન્ડ, પોર્ટુગલ, પોલેન્ડ, ડેન્માર્ક અને સ્વીડન સહિત ૨૭ વિકસિત દેશોનો સમાવેશ થાય છે. ■

## સોમનાથ મંદિર 'સનાતન ધર્મ'નું પ્રતીકઃ અમિત શાહ

નવી દિલ્હીઃ કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહે શુક્રવારે જણાવ્યું હતું કે ગુજરાતનું સોમનાથ મંદિર 'સનાતન ધર્મ'નું પ્રતીક છે. આ મંદિર પર છેલ્લાં ૧,૦૦૦ વર્ષ દરમિયાન ૧૬ વખત હુમલા કરાયા હતા, પરંતુ તેનો વિનાશ કરનારાઓ કરતાં નવનિર્માણ કરનારા લોકો વધુ શક્તિશાળી સાબિત થયા છે. અહીંના બાંસેરા પાર્ક ખાતે ત્રીજા આંતરરાષ્ટ્રીય પતંગોત્સવનું ઉદ્‌ઘાટન કરતા શાહે જણાવ્યું હતું કે હું મકરસંક્રાંતિ, લોહરી, બિહુ, પોંગલની જનતાને, ખાસ કરીને ખેડૂતોને શુભેચ્છા આપું છું. આ પતંગોત્સવ દ્વારા દેશભરના લોકો દિલ્હીની સાથે વધુ સંપર્કમાં આવશે. દિલ્હીની સરકાર અને દિલ્હી ડેવલપમેન્ટ ઑથોરિટીએ આ પતંગોત્સવને વિશ્વનો અગ્રણી લોકપ્રિય ઉત્સવ બનાવવા વધુ સારા પ્રયાસ કરવા જોઇએ. તેમણે જણાવ્યું હતું કે ગઝનીના મહમુદે ૧૦૨૬માં સોમનાથ મંદિર પર પ્રથમ હુમલો કર્યો હતો. તે પછી અનેક હુમલા થયા હોવા છતાં આ મંદિર અત્યારે પણ અડીખમ છે.

અમિત શાહે જણાવ્યું હતું કે દેશને સ્વતંત્રતા મળ્યા બાદ સરદાર વલ્લભભાઇ પટેલ, જામનગરના મહારાજા, કનૈયાલાલ મુનશી અને ડૉ. રાજેન્દ્ર પ્રસાદના પ્રયાસથી ભવ્ય સોમનાથ મંદિરનું નવનિર્માણ કરાયું હતું અને આજે તે દેશના ગૌરવ તેમ જ સનાતન ધર્મનું પ્રતીક બની ગયું છે. આ મંદિર પર હુમલા કરનારા ગઝનીના મહમુદ, મહમુદ બેગડા, અલાઉદ્દીન ખીલજી આજે ઇતિહાસના પાનાંમાં દફન થઇ ગયા છે. (એજન્સી) ■

## સુપ્રીમ કોર્ટે સંસદીય સમિતિની કાયદેસરતાને પડકારતી જસ્ટિસ વર્માની અરજી ફગાવી દીધી

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે શુક્રવારે જસ્ટિસ વર્મા સામેના ભ્રષ્ટાચારના આક્ષેપો તપાસવા માટે લોકસભાના સ્પીકરે સંસદીય સમિતિની રચના કરી એને પડકારતી વર્માની અરજી શુક્રવારે ફગાવી દીધી હતી.

જસ્ટિસ દિપાંકર દત્ત અને એસ. સી. શર્માની બનેલી બેન્ચે વર્માની અરજી પરનો ચુકાદો આઠ જાન્યુઆરીએ મુલત્વી રાખ્યો હતો. શુક્રવારે બેન્ચે ચુકાદો જાહેર કર્યો હતો.

આઠ જાન્યુઆરીએ સર્વોચ્ચ અદાલતે કહ્યું હતું કે જો ઉપરાષ્ટ્રપતિ રાષ્ટ્રપતિની ગેરહાજરીમાં તેમના કાર્યો કરી શકે તો રાજ્યસભાના ચેરમનેની ગેરહાજરીમાં ડેપ્યુટી ચેરમેન તેમના કાર્યો કેમ ન કરી શકે. બેન્ચે આ જસ્ટિસ વર્માની રજૂઆત ન સ્વીકારીને આ ટિપ્પણી કરી હતી. જસ્ટિસ વર્મા એવી રજૂઆત કરી હતી કે રાજ્યસભાના ડેપ્યુટી ચેરમેન પાસે દરખાસ્તનો અસ્વીકાર કરવાનો કોઈ અધિકાર નથી અને ન્યાયમૂર્તિ (તપાસ) ધારા, ૧૯૬૮ પ્રમાણે ફક્ત સ્પીકર અને ચેરમેન પાસે જજ સામેની દરખાસ્તને સ્વીકારવાનો કે ઠુકરાવાનો અધિકાર છે.

જસ્ટિસ વર્માના સત્તાવાર નિવાસસ્થાનેથી બળેલી ચલણી નોટોના બંડલ મળતા તેમને દિલ્હી હાઈ કોર્ટથી અલ્લાહાબાદ હાઈ કોર્ટમાં મોકલવામાં આવ્યા હતા. (એજન્સી)■

## ગૅઈલની સિદ્ધિઃ સમૃદ્ધિ મહામાર્ગને સમાંતર બાંધી મુંબઈ-નાગપુર પાઈપલાઈન

નવી દિલ્હીઃ ગૅસ ઑથોરિટી ઑફ ઈન્ડિયા લિ. (ગેઈલ)એ પીએમ ગતિશક્તિ માળખા અંતર્ગત મહારાષ્ટ્રના સમૃદ્ધિ મહામાર્ગ એક્સપ્રેસવેની સમાંતર ત્રણ મીટર પહોળા યુટિલિટી કોરિડોરની અંદર ૬૯૪ કિ.મી. લાંબી મુંબઈ-નાગપુર નેચરલ ગૅસ પાઈપલાઈનનું નિમાર્ણ કર્યું છે. ભરચક ટ્રાફિક ધરાવતા કોરિડોરમાં આ મહત્ત્વની અને ઉચ્ચ ક્ષમતા ધરાવતી પાઈપલાઈનનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ પાઈપલાઈનના નિર્માણના કાર્યમાં સાજસરંજામ પૂરો પાડવા સહિત અનેક ટૅક્નિકલ પડકારોનો સામનો કરવો પડ્યો હતો. પરંપરાગત પાઈપલાઈનના નિર્માણ માટે ૨૦થી ૩૦ મીટર પહોળી જગ્યાની જરૂર પડે છે. ગેઈલે સરેરાશ ફૂટપાથની પહોળાઈ જેટલી જગ્યામાં ૨૪ ઈંચની ઉચ્ચ ક્ષમતા ધરાવતી પાઈપલાઈનનું નિર્માણ કરવાનું હોવાની સાથે સાથે એક્સપ્રેસવેનું નિર્માણ કરી રહેલા મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કોર્પોરેશન (એમએસઆરડીસી) સાથે સહકાર સાધવાનો હતો. (એજન્સી) ■

---

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ફન વર્લ્ડ

### ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| પતાવટ | જંગલ |
| પતાઈ | ખાંડનું ચકદું |
| પતાસું | ચુકવણી |
| પતાર | છેલ્લો લોક |
| પતાળ | હોડી |

### જાણવા જેવું

જૈનો શરીરના પાંચ પ્રકાર માને છેઃ (૧) ઔદારિક શરીર એટલે સ્થૂળ શરીર, (૨) કાર્મણ શરીર એટલે પ્રાણીનાં વિવિધ કર્મોરૂપી શરીર, (૩) તૈજસ શરીર એટલે સ્થૂળ શરીરમાં પાચનક્રિયા વગેરે કરનાર શરીર, (૪) આહારક શરીર એટલે કે એક પ્રકારનું સૂક્ષ્મ શરીર અને (૫) વૈક્રિય શરીર એટલે યોગસિદ્ધિથી પ્રાપ્ત થતું, નાનું મોટું કરી શકાય તેવું શરીર.

### ગુજરાત મોરી મોરી રે

જૂની રંગભૂમિના કયા નાટકમાં 'મીઠા લાગ્યા'તા મને આજના ઉજાગરા' ગીત રજૂ થયું હતું જેને બહોળો આવકાર મળ્યો હતો.

અ) સતી પાર્વતી
બ) સંપત્તિ માટે
ક) ગાડાનો બેલ
ડ) વડીલોના વાંકે

### નોંધી રાખો

મનની બદલાયેલી પ્રવૃત્તિમાં માનવીનાં ચારિત્ર્ય, ટેવ અને જીવનને સદંતર બદલી નાખવાનું ગજબનાક સામર્થ્ય હોય છે.

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ૪ | ■ | ૫ | | ૬ | ૭ |
| ૮ | | | ■ | | ■ | | ■ | ૯ | |
| | ■ | ૧૦ | | | ૧૧ | ■ | ૧૨ | | |
| ૧૩ | ૧૪ | | ■ | ૧૫ | | ૧૬ | | ■ | |
| ■ | | ■ | ૧૭ | | ■ | ૧૮ | | ૧૯ | ■ |
| ■ | ૨૦ | ૨૧ | | ■ | ૨૨ | | ■ | | ■ |
| ૨૩ | ■ | ૨૪ | | ૨૫ | | ■ | ૨૬ | | ૨૭ |
| ૨૮ | ૨૯ | | ■ | ૩૦ | | | | ■ | |
| ૩૧ | | ■ | ૩૨ | ■ | | ■ | ૩૩ | ૩૪ | |
| ૩૫ | | | | ■ | ૩૬ | | | | |

**આડી ચાવી**

૧. વરણાગિયું, ટાપટીપ કરનારું (૫)
૫. પૂરેપૂરું માહિતગાર (૪)
૮. થોડું (૩)
૯. નિયમ (૨)
૧૦. સ્થાવર અને જંગમ મિલકત (૪)
૧૨. હઠ, દુરાગ્રહ (૩)
૧૩. આયુષ્ય, જિંદગી (૩)
૧૫. ખરબચડું (૪)
૧૭. સ્વચ્છ, ચોખ્ખું (૨)
૧૮. ફાયદો (૩)
૨૦. શુદ્ધ સોનું (૩)
૨૨. બંધિ, નિષેધ (૨)
૨૪. સિંહ (૪)
૨૬. આંતરો, પડદો (૩)
૨૮. અળખામણું, અપ્રિય (૩)
૩૦. ટોળું (૪)
૩૧. એક સંખ્યા (૨)
૩૩. પાલવ (૩)
૩૫. લાંછન કે નામોશી લાગેલું (૪)
૩૬. સાવ સહેલી વાત, રમતા રમતા થાય તેવું કામ (૫)

**ઊભી ચાવી**

૧. વખાણ કરવાથી ફૂલાઈ જાય તેવું (૪)
૨. સુધી (૨)
૩. હુકમ (૪)
૪. લેખિત, શબ્દબદ્ધ કરાયેલું (૫)
૫. એક જાતની વાંસળી (૨)
૬. દુશ્મન (૩)
૭. ખૂબ તીખું (૪)
૧૧. તંતુ, તાંતણો (૨)
૧૨. આંખનો પલકારો (૩)
૧૪. વિશેષ, વધારે (૩)
૧૬. છેતરપિંડી (૩)
૧૭. શુભાશુભ સૂચક ચિહ્‌ન (૩)
૧૯. જોરદાર ઝાપટું (૩)
૨૧. --- મન શેતાનનું ઘર (૩)
૨૨. હિસાબ તપાસનાર (૫)
૨૩. અસભ્ય, અવિવેકી (૪)
૨૫. --- અને ગરબા એ ગુજરાતની લોકકલા છે (૨)
૨૬. આવક, ઊપજ (૪)
૨૭. દુષ્ટતા (૪)
૨૯. ખેપિયો, સંદેશો લાવનાર લઈ જનાર (૩)
૩૨. ઊલટું, પ્રતિકૂળ (૨)
૩૪. ઔષધ (૨)

**ગયા વખતનો ઉકેલ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ હું | સા | ૨ તું | ૩ શી | ■ | ૪ ત | ર | ૫ ફ | દા | ૬ રી |
| ૫ | ■ | ૭ બ | ખ | ત | ર | ■ | ણા | ■ | ત |
| ૮ દ | ૯ લા | લી | ■ | ■ | ૧૦ જુ | ૧૧ ગ | ■ | ૧૨ રં | ભા |
| ■ | ભ | ■ | ■ | ૧૩ સ | મો | વ | ડ | ■ | ત |
| ૧૪ સુ | દા | મા | ■ | દી | ■ | લી | ■ | ૧૫ ભ | ■ |
| ■ | યી | ■ | ૧૬ વ | ■ | ૧૭ હ | ■ | ૧૮ ક | ર | ણી |
| ૧૯ ભ | ■ | ■ | ૨૦ સુ | ૨૧ સ | વા | ટો | ■ | થા | ■ |
| ૨૨ ર | મ્ય | ■ | ૨૩ ધા | રો | ■ | ■ | ૨૪ ક | ર | ૨૫ મ |
| પા | ■ | ૨૬ ગા | ■ | ૨૭ વ | ર | ૨૮ તા | રો | ■ | દા |
| ૨૯ ઈ | મા | ન | દા | ર | ■ | ૩૦ પ | ડ | ત | ર |

### ઓળખાણ પડી?



ક્રિકેટની રમતને પિકનિકનું સ્વરૂપ આપનારી આઈપીએલ ક્રિકેટ સ્પર્ધાનો પ્રારંભ ભારતમાં કયા વર્ષમાં થયો હતો એ ખબર છે?

અ) ૨૦૧૦ બ) ૨૦૦૫ ક) ૨૦૦૭ ડ) ૨૦૦૮

### ચતુર આપો જવાબ માથું ખંજવાળો

ઈન્ફર્મેશન ટેકનોલોજીના મહત્ત્વને કારણે આપણા દેશનું કયું શહેર 'સિલિકોન વેલી ઓફ ઈન્ડિયા' તરીકે ખ્યાતિ ધરાવે છે?

અ) ચેન્નઈ બ) બેંગ્લુરુ ક) પુણે ડ) ભુવનેશ્વર

### માઈન્ડ ગેમ

આપેલી સંખ્યાઓ ધ્યાનથી જુઓઃ ૧૮, ૨૭, ૪૦, ૫૭, ૭૮,.... તેમની વચ્ચે રહેલો સંબંધ ઓળખો અને ગણતરી કરીને કહો કે ૭૮ પછી કઈ સંખ્યા આવે?

અ) ૯૨ બ) ૯૯ ક) ૧૦૩ ડ) ૧૦૮

### સુડોકુ-૯૧૯૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | | | ૯ | | | ૩ | | |
| ૪ | | | ૨ | ૫ | | | | |
| | ૨ | ૭ | | ૪ | | | | |
| ૯ | | | ૮ | | | | | |
| ૬ | ૫ | | | | | | ૧ | ૭ |
| | | | | | ૪ | | | ૩ |
| | | | | ૬ | | ૨ | ૫ | |
| | | | | ૩ | ૯ | | | ૪ |
| | | ૮ | | | ૫ | | | ૧ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૧૯૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૭ | ૧ | ૪ | ૫ | ૯ | ૬ | ૨ | ૮ |
| ૨ | ૫ | ૬ | ૭ | ૧ | ૮ | ૩ | ૯ | ૪ |
| ૮ | ૯ | ૪ | ૩ | ૬ | ૨ | ૫ | ૭ | ૧ |
| ૯ | ૩ | ૨ | ૫ | ૮ | ૪ | ૭ | ૧ | ૬ |
| ૪ | ૬ | ૮ | ૧ | ૯ | ૭ | ૨ | ૫ | ૩ |
| ૫ | ૧ | ૭ | ૬ | ૨ | ૩ | ૪ | ૮ | ૯ |
| ૭ | ૮ | ૩ | ૨ | ૪ | ૧ | ૯ | ૬ | ૫ |
| ૬ | ૨ | ૯ | ૮ | ૩ | ૫ | ૧ | ૪ | ૭ |
| ૧ | ૪ | ૫ | ૯ | ૭ | ૬ | ૮ | ૩ | ૨ |

### ગયા શનિવારના જવાબ

| A | B |
|---|---|
| પતની | ખલાસી |
| પત્તર | હેરાનગતિ |
| પતાકા | વાવટો |
| પતાકડું | ચિઠ્ઠી |
| પતવણી | નિકાલ |

**ગુજરાત મોરી મોરી રેઃ** વૈશાખી કોયલ

**ઓળખાણ પડી?** યજુર્વેન્દ્ર સિંહ

**માઈન્ડ ગેમ :** ૧૪૦

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :** જબલપુર

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) સુભાષ મોમાયા (૫) ભારતી બુચ (૬) શ્રદ્ધા આશર (૭) હર્ષા મહેતા (૮) વિપીન શાહ (૯) ખુશરૂ કાપડિયા (૧૦) નૂતન વિપીન શાહ (૧૧) પુષ્પા પટેલ (૧૨) કિરીટ છેડા (૧૩) મીનળ કાપડિયા (૧૪) ચેતના છેડા (૧૫) જ્યોતિ ખાંડવાલા (૧૬) ભાવના કર્વે (૧૭) મનીષા શેઠ (૧૮) ફાલ્ગુની શેઠ (૧૯) નિખિલ બંગાળી (૨૦) અમીશી બંગાળી (૨૧) ભરત કજરિયા (૨૨) પ્રવીણ વોરા (૨૩) મહેન્દ્ર લોઢાવિયા (૨૪) અલકા વાણી (૨૫) દેવેન્દ્ર સંપટ (૨૬) અંજુ ટોલિયા (૨૭) વિણા સંપટ (૨૮) ડાયના સંતોકે (૨૯) કમલ માતલિયા (૩૦) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૧) પુષ્પા ખોના (૩૨) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૩) નયના ગિરીશ મિસ્ત્રી (૩૪) દિપીકા દોશી (૩૫) જ્યોત્સના ગાંધી (૩૬) હિનાબેન દલાલ (૩૭) ઈનાક્ષીબેન દલાલ (૩૮) રમેશભાઈ દલાલ (૩૯) નિતીન જયંતિલાલ બજરિયા (૪૦) ડો. પ્રકાશ કટકિયા (૪૧) ધીરેન્દ્ર મુલરાજ (૪૨) મહેશ દોશી (૪૩) જયવંત પદમશી ચિખલ (૪૪) તાહેર ઔરંગાબાદવાલા (૪૫) શીરીન ઔરંગાબાદવાલા (૪૬) અબ્દુલ્લા એફ. મુનીમ

### રાજ્યની ૨૯માંથી પચીસ મહાનગરપાલિકામાં મહાયુતિની સત્તા

# લોકોએ મહાયુતિને મત આપ્યો કારણ કે તેઓ વિકાસ અને પ્રામાણિકતા ઈચ્છતા હતા: ફડણવીસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શુક્રવારે કહ્યું હતું કે લોકોએ રાજ્યની ૨૯ મ્યુનિસિપલ કોર્પોરેશનોની ચૂંટણીમાં ભાજપની આગેવાની હેઠળની મહાયુતિને મત આપ્યો કારણ કે તેઓ પ્રામાણિકતા અને વિકાસ ઇચ્છતા હતા.

મુંબઈ સહિત ૨૯ મ્યુનિસિપલ કોર્પોરેશનોમાંથી ૨૫માં મહાયુતિ સત્તા મેળવવા માટે તૈયાર છે, એમ તેમણે અહીં એક ઉજવણી રેલીમાં જણાવ્યું હતું.

પુણે, પિંપરી ચિંચવડ, નાશિક, છત્રપતિ સંભાજીનગર અને નાગપુર સહિત અનેક શહેરોમાં ભાજપનું શાનદાર પ્રદર્શન જોવા મળ્યું છે, જ્યારે એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેના સાથે જોડાણ કરીને બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન પર ઠાકરેની પકડનો અંત આણ્યો છે.

'ભાજપે વિકાસલક્ષી એજન્ડા રજૂ કર્યો હતો. અમે તેને લોકો સમક્ષ રજૂ કર્યો અને તેમણે સકારાત્મક પ્રતિભાવ આપ્યો. અમને ઘણી મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં રેકોર્ડબ્રેક જનાદેશ મળ્યો છે અને તે દર્શાવે છે કે લોકો પ્રામાણિકતા અને વિકાસ ઇચ્છે છે. એટલા માટે લોકોએ ભાજપને મત આપ્યો છે,' એમ ફડણવીસે કહ્યું હતું.

મહાયુતિએ પાલિકા ચૂંટણીમાં બધા રેકોર્ડ તોડી નાખ્યા છે, એમ તેમણે ઉમેર્યું હતું.

'આ ચુકાદો મહારાષ્ટ્રના લોકોના વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપના નેતૃત્વ હેઠળના ગઠબંધન દ્વારા અપનાવવામાં આવેલી નીતિઓમાં વિશ્વાસને પ્રતિબિંબિત કરે છે,' એમ પણ ફડણવીસે કહ્યું હતું અને ઉમેર્યું હતું કે તેઓ આ વિજય દરમિયાન શિવસેનાના સ્થાપક બાળ ઠાકરેને નમ્રતાપૂર્વક યાદ કરે છે.

મુખ્ય પ્રધાને કહ્યું હતું કે બાળાસાહેબના આશીર્વાદથી મહાયુતિને વિજય પ્રાપ્ત કરવામાં મદદ મળી હતી.

'અમારો એજન્ડા હંમેશા વિકાસ રહેશે અને અમે અમારી જીતનો ઉપયોગ લોકોના જીવનમાં પરિવર્તન લાવવા માટે કરીશું. હિન્દુત્વ હંમેશા અમારો આત્મા રહ્યો છે અને કોઈ પણ આપણા હિન્દુત્વને વિકાસથી અલગ કરી શકતું નથી. અમારું હિન્દુત્વ સર્વ સમાવિષ્ટ છે,' એમ ફડણવીસે ઉમેર્યું હતું.

## પુણેમાં આંદેકર ગેંગના ઉમેદવારની જીત, રવિન્દ્ર ધાંગેકરની પત્નીને હરાવી

પુણે: પુણે મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીઓ ઘણા કારણોસર ચર્ચામાં આવી હતી, જેમાંથી એક કારણ એ હતું કે અજિત પવારની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીએ આયુષ કોમકર હત્યા કેસમાં જેલમાં રહેલી સોનાલી આંદેકર અને લક્ષ્મી આંદેકરને મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી માટે ઉમેદવારી આપી હતી. સોનાલી અને લક્ષ્મી આંદેકરે વોર્ડ નંબર ૨૩ માંથી ગઈકની ટિકિટ પર ચૂંટણી લડી હતી. બંનેના પરિણામો હવે જાહેર થઈ ગયા છે. સોનાલી આંદેકરની સાથે, લક્ષ્મી આંદેકર પણ ચૂંટણી જીતી છે, જયારે શિવસેનાના નેતા અને પૂર્વ ધારાસભ્ય રવિન્દ્ર ધાંગેકરની પત્ની પ્રતિભા ધાંગેકર પણ આ જ વોર્ડમાંથી ચૂંટણી મેદાનમાં હતા, પરંતુ તેમનો પરાજય થયો છે. આ વોર્ડમાં અજિત પવારની પાર્ટીએ એક બેઠક જીતી છે, જ્યારે બાકીની ત્રણ બેઠકો ભાજપે જીતી છે.

સોનાલી આંદેકરે જેલમાંથી ચૂંટણી લડી હતી. તેણે વોર્ડ નંબર ૨૩માંથી જીત મેળવી છે. તે હત્યા કરાયેલા વનરાજ આંદેકરની પત્ની છે. તે આયુષ કોમકર હત્યા કેસમાં આરોપી છે. રવીન્દ્ર ધાંગેકરની પત્ની પ્રતિભા ધાંગેકરનો પરાજય થયો છે. એક ખાસ કોર્ટે બંધુ આંદેકર અને તેમના પરિવારના સભ્યો લક્ષ્મી ઉદયકાંત આંદેકર અને સોનાલી વનરાજ આંદેકરને આગામી મ્યુનિસિપલ ચૂંટણીમાં ઉમેદવારી પત્રો દાખલ કરવાની શરતી પરવાનગી આપી હતી. આ પછી, લક્ષ્મી આંદેકર અને સોનાલી આંદેકરે ૨૭ ડિસેમ્બરે પોતાના ઉમેદવારી પત્રો ભર્યા હતા. જોકે, કોર્ટે આંદેકર બહેનોને ઉમેદવારી પત્રો ભરતી વખતે સરઘસ કાઢવા, ભાષણો આપવા અને સૂત્રોચ્ચાર કરવા પર પ્રતિબંધ મૂક્યો હતો. સોનાલી આંદેકર અને લક્ષ્મી આંદેકર ૫.૪૦ કરોડ રૂપિયાના ખંડણી કેસમાં જેલમાં છે.

# મુંબઈના 3 ગુજરાતી વિધાનસભ્યએ રંગ રાખ્યો

## વિધાનસભા વિસ્તારમાં પાલિકાનું ૧૦૦ ટકા રિઝલ્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભાજપે મોટી જીત મેળવી છે અને તેમની આ ભવ્ય જીતમાં મુંબઈના ગુજરાતીઓનો પણ મોટો ફાળો માનવામાં આવે છે. મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીમાં ટિકિટ આપવામાં ભાજપે ભલે ગુજરાતીઓને અન્યાય કર્યો હોય પણ ગુજરાતીઓ પૂરી ઈમાનદારીથી ભાજપના ઉમેદવારની પડખે રહ્યા છે. ગુજરાતી સમાજના મતની સાથે જ મુંબઈના ત્રણ ગુજરાતી વિધાનસભ્યની મહેનત પણ ભાજપની જીતમાં મહત્ત્વની ગણાય છે. ત્રણેય વિધાનસભ્યના મતવિસ્તારમાં આવેલી પાલિકાની તમામ સીટનું ૧૦૦ ટકા રિઝલ્ટ આવ્યું છે.



પરાગ શાહ



મિહિર કોટેચા



યોગેશ સાગર

કાંદિવલી-ચારકોપના વિધાનસભ્ય યોગેશ સાગર, મુલુંડના વિધાનસભ્ય મિહિર કોટેચા અને ઘાટકોપરના વિધાનસભ્ય પરાગ શાહની વિધાનસભાની બેઠકમાં આવતી તમામ પાલિકાની બેઠકોમાં ભાજપે ભવ્ય વિજય મેળવ્યો છે. પાલિકાની ચૂંટણીમાં ત્રણેય વિધાનસભ્યોની મહેનતને કારણે આ વિસ્તારનું રિઝલ્ટ ૧૦૦ ટકા આવ્યું છે. વિધાનસભ્યોએ ગ્રાઉન્ડ લેવલ પર તમામ કાર્યકર્તાઓની સાથે કરેલી મહેનતની સાથે મતદારો સાથે જાળવી રાખેલ સંપર્ક અને તેમણે કરેલા વિકાસનાં કામોને કારણે મતદારોએ પણ તેમના વિધાનસભ્ય પર ભરોસો રાખીને ઉમેદવારને બહુમતીએ જીતાડયા છે.

જોકે આ ચૂંટણીમાં સૌથી મહત્ત્વ એ વાતનું છે કે આ તમામે તમામ બેઠકો પરથી ત્રણેય વિધાનસભ્યની ૧૭ નગરસેવકોની બેઠકો ગુજરાતી વિસ્તારમાં હોવા છતાં નોન-ગુજરાતી ઉમેદવાર એમને માથે મારવામાં આવ્યા હતા. તેથી ગુજરાતીઓમાં નારાજગીનું મોજું ફરી વળ્યું હતું, પરંતુ આ ત્રણેય વિધાનસભ્યો ગુજરાતીઓના મત ભાજપ તરફ વાળવામાં અને ગુજરાતીઓના રિસામણાં-મનાવણાં કરવામાં સફળ રહ્યા હતા.

કાંદિવલી-ચારકોપના વિધાનસભ્ય યોગેશ સાગરની વિધાનસભાની બેઠક પર વોર્ડ નંબર ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૩૦ અને ૩૧ આ છ પાલિકાની બેઠકો આવે છે અને તમામ બેઠકો પર ભાજપના ઉમેદવારોએ બહુમતીએ જીતી ગયા છે. ઘાટકોપર (પૂર્વ)ના વિધાનસભ્ય પરાગ શાહના વિસ્તારમાં પાલિકાની પાંચ બેઠકમાંથી ત્રણ ભાજપ (૧૩૦,૧૩૧,૧૩૨ )અને બે શિંદે (૧૨૫, ૧૩૩)શિવસેના (શિંદે)ને ફાળે ગઈ છે. આ તમામ બેઠકો પર મહાયુતિના ઉમેદવારનો વિજય થયો છે. શિંદેના ઉમેદવાર હોવા છતાં વિધાનસભ્યએ તેમની જીત માટે પણ કમર કસી હતી. એ પ્રમાણે જ મુલુંડમાં વિધાનસભ્ય મિહિર કોટેચાની વિધાનસભા બેઠકમાં ૧૦૩, ૧૦૪, ૧૦૫, ૧૦૬, ૧૦૭ અને ૧૦૮ બેઠકો ભાજપ જીતી ગયું છે.

ત્રણેય વિધાનસભ્યએ ૧૦૦ ટકાના રેકોર્ડ સાથે પોતાના વિધાનસભા વિસ્તારમાં કામ કર્યું છે. ગુજરાતીઓની બહોળી વસતી ધરાવતા આ મતવિસ્તારના ભાજપે ગુજરાતી સમાજને પ્રતિનિધિત્વ નહીં આપતા બિનગુજરાતીઓને ઉમેદવારી આપી છતાં તેમને ખોબલેને ખોબલે મત મળ્યા છે. પક્ષના મોવડીઓએ વિધાનસભ્યોના ખભા પર નાખેલી જવાબદારી તેમણે સંપૂર્ણ નિષ્ઠા સાથે પાર પાડી છે.

મુંબઈના અન્ય વિસ્તારોમાં ભાજપના ટોચના નેતાઓએ સભાઓ ગજવી હતી. ચૂંટણી પ્રચાર કર્યો હતો, છતાં ભાજપના ઉમેદવારો ત્યાં હારી ગયા છે. તેની સામે ત્રણેય ગુજરાતી વિધાનસભ્યોએ તેમના જોર પર તેમના મતદાર વિસ્તારમાં તેમના ઉમેદવાર જીતાડયાં છે. વિધાનસભ્યોના ટ્રેક રેકોર્ડને જોતા હવે ગુજરાતીઓને ન્યાય મળે તેની જવાબદારી ભાજપના ટોપના લીડરોની છે. ભાજપના વિજયમાં ગુજરાતી મતદારોનો મોટો ફાળો છે ત્યારે મુંબઈમાં ગુજરાતીઓને પ્રતિનિધિત્વ મળે અને ગુજરાતી નેતા આગળ આવે એ જવાબદારી ભાજપના નેતાઓ લેવાની છે.







**વિજયોત્સવ:** મહારાષ્ટ્રમાં મુંબઈ સહિત ૨૯ મહાનગરપાલિકાની ચૂંટણીના પરિણામ શુક્રવારે જાહેર થયા હતા જેમાં ૨૯માંથી પચીસ પાલિકામાં મહાયુતિનો વિજય થયો હતો. મહાયુતિના વિજય સાથે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે તથા મહાયુતિના કાર્યકરોએ ઉજવણી કરી હતી. દાદરના શિવસેના ભવન ખાતે બૅન્ડબાંજા વગાડીને કાર્યકરોએ આનંદ વ્યક્ત કર્યો હતો. (અમય ખરાડે)

## મુંબઈમાં કોંગ્રેસનું નુકસાન

### શહેરમાં અત્યાર સુધીના સૌથી ઓછા નગરસેવક

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: છેલ્લા કેટલાક વર્ષોથી રાજ્યના શહેરી વિસ્તારોમાં જનાધાર ગુમાવી રહેલી કોંગ્રેસ પાર્ટી માટે મુંબઈ મનપાની ચૂંટણી અત્યારસુધીના સૌથી ખરાબ પરિણામો સાથે નીચલા સ્તરે પહોંચી ગઈ છે. તેને શહેરની ૨૨૭માંથી ફક્ત ૧૫ બેઠકો પર વિજય મળ્યો છે.

કોંગ્રેસે દેશની સૌથી શ્રીમંત પાલિકાની ચૂંટણીમાં ૧૫૨ બેઠકો લડી હતી, બાકીની બેઠકો તેના સાથી પક્ષો વંચિત બહુજન આઘાડી, રાષ્ટ્રીય સમાજ પક્ષ અને રિપબ્લિકન પાર્ટી ઓફ ઈન્ડિયા (ગવઈ જૂથ) માટે છોડી દીધી હતી.

૨૦૧૭માં, જ્યારે છેલ્લી બીએમસી ચૂંટણીઓ યોજાઈ હતી, ત્યારે કોંગ્રેસે ૩૧ બેઠકો જીતી હતી.

શુક્રવારના વલણો દર્શાવે છે કે પ્રકાશ આંબેડકરની આગેવાની હેઠળના વંચિત, આરએસપી અને આરપીઆઈ (ગવઈ) સાથેના જોડાણથી પાર્ટીને કોઈ મદદ મળી ન હતી, વિશ્લેષકોએ તેને વ્યૂહાત્મક ભૂલ ગણાવી હતી.

ભાજપ અને એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેના ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેનાથી બીએમસીનું નિયંત્રણ મેળવવાના માર્ગે છે, ત્યારે કોંગ્રેસ એક હાંસિયામાં ધકેલાઈ ગઈ છે.

ચૂંટણી પહેલા, કોંગ્રેસે તેના મહા વિકાસ આઘાડી (એમવીએ)ના ભાગીદારો શિવસેના (યુબીટી) અને એનસીપી (એસપી) સાથે જોડાણ ન કરવાનો નિર્ણય લીધો. તેને ડર હતો કે શિવસેના (યુબીટી) અને રાજ ઠાકરેની આગેવાની હેઠળની મહારાષ્ટ્ર નવનિર્માણ સેના સાથે હાથ મિલાવવાથી તેની ઉત્તર ભારતીય અને લઘુમતી મત બેંકો અલગ થઈ જશે.

'મુંબઈમાં કોંગ્રેસ એકીકૃત બળને બદલે વ્યક્તિગત ખિસ્સા-બરોનો પક્ષ બની ગયો છે,' એમ જણાવતાં એક રાજકીય વિશ્લેષકે જણાવ્યું હતું. 'શાસક ભાજપની આગેવાની હેઠળની મહાયુતિનો સામનો કરવા માટે સ્પષ્ટ ચહેરો અથવા 'દરેકનો વિરોધ' કરવા ઉપરાંત કોઈ અલગ એજન્ડા વિના, તે પરંપરાગત સમર્થકોને પણ પ્રેરણા આપવામાં નિષ્ફળ ગયો હતો.

કોંગ્રેસ માટે વધુ ચિંતાજનક બાબત એ છે કે તેના મુખ્ય મતવિસ્તારમાં દેખીતો ફેરફાર થયો છે. પ્રારંભિક ડેટા મુસ્લિમ અને દલિત મતોમાં નોંધપાત્ર વિભાજન સૂચવે છે. એઆઈએમઆઈએમ, સમાજવાદી પક્ષ અને એનસીપીએ કોંગ્રેસના પરંપરાગત સમર્થન આધારમાં ઘટાડો કર્યો હોવાનું જોવા મળ્યું હતું. એક એવી પાર્ટી જેણે એક સમયે મુંબઈને મેયર આપ્યા હતા અને સ્વતંત્રતા પછીના વિકાસને આકાર આપ્યો હતો, તેના માટે ૧૫ બેઠકો સુધીનો ઘટાડો એ માત્ર ચૂંટણીમાં પછાડ નથી પણ તેની વધતી જતી શહેરી અપ્રસ્તુતતાનો સંકેત છે.વીબીએ સાથેના જોડાણથી કોંગ્રેસ માટે દલિત મતો એકીકૃત થવાની અપેક્ષા હતી, પરંતુ પ્રકાશ આંબેડકરની પાર્ટી પાસે બૂથ-સ્તરીય મશીનરી અને મતોના ટ્રાન્સફર માટે જરૂરી સંસાધનોનો અભાવ હતો, એમ નિરીક્ષકોએ જણાવ્યું હતું.

## ચૂંટણીમાં ચાર ભૂતપૂર્વ મેયર પણ જીતી ગયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આ વખતે શિવસેના (ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે) તરફથી ઊભા રહેલા ચાર ભૂતપૂર્વ મેયરોએ ચૂંટણી જીતી ગયા છે. તેથી શિવસેનાનો ગઢ ગણાતા અને મરાઠી પ્રભુત્વ ગણાતા દાદર, વરલી અને માહિમમાં ઉદ્ધવ ઠાકરેનું વર્ચસ્વ હજી પણ હોવાનું સિદ્ધ થયું છે.

૨૦૧૭માં પાલિકાની ચૂંટણીમાં શિવસેના (યુબીટી)ના વોર્ડ નંબર ૧૮૨માંથી મિલિંદ વૈદ્ય, વોર્ડ નંબર ૧૯૧માંથી વિશાખા રાઉત, વોર્ડ નંબર ૧૯૯માંથી કિશોરી પેડણેકર, વોર્ડ નંબર ૨૦૨માંથી શ્રદ્ધા જાધવ ચૂંટાઈ આવ્યા હતા. આ તમામ લોકો મેયર પદ શોભાવી ચૂક્યા છે. આ વખતની ચૂંટણીમાં મિલિંદ વૈદ્યનો વોર્ડ ઓબીસી શ્રેણી માટે અનામત થઈ ગયો હતો. તો વિશાખા રાઉતનો પહેલા ઓપન વોર્ડ હતો તે ઓબીસી મહિલા માટે અનામત થયો હતો અને કિશોરી પેડણેકરનો પહેલા ઓપન વોર્ડ હતો તે હમણા પણ ઓપન જ રહ્યો હતો. તો શ્રદ્ધા જાધવના વોર્ડમાં કોઈ ફેરફાર થયો નહોતા. આ તમામ ભૂતપૂર્વ મેયરોને શિવસેના (યુબીટી) તરફથી ટિકિટ મળી હતી અને તેઓ જીતી પણ આવ્યા હતા. મિલિંદ વૈદ્ય વોર્ડ ૧૮૨માંથી ભાજપના રાજન પારકરને હરાવીને જતી ગયા છે. તેઓ ૧૯૯૬ની સાલમાં મેયર હતા. તો માહીમ-ધારાવી વોર્ડ નંબર ૧૯૧માંથી જીતેલા વિશેખાએ શિંદે સેનાની પ્રિયા સરવણકરે હરાવ્યા છે. તેઓ મેયર હતા એ સમયે જ તેઓ વિધાનસભ્ય પણ બન્યા હતા. વોર્ડ નંબર ૨૦૨માંથી શ્રદ્ધા જાધવે ભાજપના પાર્થ બાવકરને હરાવ્યા છે.

## અમરાવતીમાં ભાજપને બે મોટા ઝટકા

### ફડણવીસના પિતરાઈ ભાઈ અને વિધાનસભ્ય શ્રીકાંત ભારતીયના ભાઈનો પરાજય

મુંબઈ: મરાવતી મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ભાજપને બે મોટા ઝટકા લાગ્યા છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના મામાના દીકરા વિવેક કલોટીનો પરાજય થયો છે. જયારે વિધાનસભ્ય શ્રીકાંત ભારતીયના ભાઈ વિવેક ભારતીયને પણ હારનો સામનો કરવો પડ્યો છે. જેથી અમરાવતીમાં ભાજપને બેવડો ફટકો પડ્યો છે.

અમરાવતીના વોર્ડ નંબર ૧૪ મતવિસ્તારમાંથી વિવેક કલોટીને કોંગ્રેસના ઉમેદવાર સંજય શિરભાતેએ લગભગ ૮૦૦ મતોથી હરાવ્યા છે. અમરાવતીના વોર્ડ નંબર ૧૪ મતવિસ્તારમાંથી કોંગ્રેસના ચારેય ઉમેદવારો જીત્યા છે. જેના કારણે આ વર્ષે અમરાવતીમાં રાજકીય સમીકરણોમાં મોટો ફેરફાર જોવા મળ્યો છે. રાજકીય નિષ્ણાતોના મતે શાસક ગઠબંધન માટે આ મોટો આંચકો છે.૨૦૧૮માં અમરાવતી મ્યુનિસિપલ કોર્પોરેશનના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તરીકે ભાજપના વિવેક કલોટી બિનહરીફ ચૂંટાયા હતા. તે સમયે રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા હતી કે આ પરિણામ મુખ્ય પ્રધાનના ભાઈ હોવાને કારણે આવ્યું છે. બીજી તરફ ધારાસભ્ય શ્રીકાંત ભારતીયના ભાઈ વિવેક ભારતીયનો પણ આ જ વોર્ડ નંબર ૧૪ માંથી પરાજય થયો છે. વિવેકનો રવિ રાણાના નજીકના યુવા સ્વાભિમાનના ઉમેદવાર સચિન ભેંડેએ પરાજય કર્યો હતો.

## ગૌરી લંકેશ હત્યા કેસના આરોપીનો વિજય

જાલના: ૨૦૧૭માં પત્રકાર - કાર્યકર્તા ગૌરી લંકેશની હત્યાના આરોપી શ્રીકાંત પાંગારકર શુક્રવારે મહારાષ્ટ્રના જાલના મહાનગરપાલિકામાં નગરસેવક તરીકે ચૂંટાઈ આવ્યા હતા.પાંગારકર વોર્ડ નં.૧૩માંથી અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડ્યા હતા. તેમણે ભાજપના રાવસાહેબ ઢોબળેને હરાવ્યા હતા મતદાન અધિકારીએ આપેલી માહિતી અનુસાર પાંગારકરને બે હજાર ૬૬૧ મત મળ્યા હતા, જ્યારે ઢોબળેને ૨ હજાર ૪૭૭ મત મળ્યા હતા. શિવસેના સિવાય, લગભગ તમામ મુખ્ય રાજકીય પક્ષોએ પાંગારકર સામે પોતાના ઉમેદવારો ઉભા રાખ્યા હતા.ગૌરી લંકેશની પાંચમી સપ્ટેમ્બર, ૨૦૧૭ના દિવસે બેંગલુરુમાં તેમના નિવાસસ્થાનની બહાર ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. ઓગસ્ટ ૨૦૧૮માં મહારાષ્ટ્ર આતંકવાદ વિરોધી ટુકડીએ વિસ્ફોટકો અધિનિયમ વિસ્ફોટક પદાર્થો અધિનિયમ અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ નિવારણ અધિનિયમની જોગવાઈ હેઠળ પાંગારકરની ધરપકડ કરી.

## મનસેને ન ફાયદો ન નુકસાન

### બંને શિવસેનાના નગરસેવકો ગણો તોય ફાયદો: નુકસાન ફક્ત કોંગ્રેસને

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીના શુક્રવારે જાહેર થયેલા પરિણામોમાં ઘણી નોંધપાત્ર બાબતો જોવા મળી હતી. પાલિકાની ચૂંટણી પહેલાં બંને ઠાકરે ભાઈઓ સાથે આવ્યા ત્યારે ઠાકરે બ્રાન્ડની વાતો થઈ રહી હતી, પરંતુ પરિણામોમાં

ઠાકરે બ્રાન્ડ કોઈ પ્રભાવ છોડવામાં સફળ થયો હોય એવું દેખાયું નહોતું, વાસ્તવમાં ઠાકરે બંધુઓ અને ખાસ તો મનસે માટે આ પરિણામો ન ફાયદો ન નુકસાન જેવા હતા.

શિવસેના (યુબીટી) અને મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે) વચ્ચેના રણનીતિક જોડાણે ભલે ઠાકરે પરિવારને બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન જીતવામાં મદદ ન કરી હોય, પરંતુ આ કરારથી તેમને તેમના પરંપરાગત ગઢને અકબંધ રાખવામાં મદદ મળી હોવાનું તારણ કાઢી શકાય છે.

શિવસેના (યુબીટી)-મનસે ગઠબંધને માહિમ, શિવડી, વરલી વિધાનસભા ક્ષેત્રો, ભાંડુપ અને વિક્રોલી ઉપરાંત પૂર્વી ઉપનગરોમાં ફેલાયેલા વોર્ડમાં મરાઠી ભાષીઓના ગઢમાં નિર્ણાયક લીડ મેળવી હોવાનું જોવા મળ્યું હતું.

વાસ્તવમાં મનસેના ૨૦૧૭માં સાત નગરસેવક ચુંટાયા હતા અને જે પછી બધા જ અવિભાજિત શિવસેનામાં જોડાઈ ગયા હતા. આવી જ રીતે શિવસેનાના ગયા વખતે ૮૪ નગરસેવક ચૂંટાયા હતા તેની સામે આ વખતે ૬૫ નગરસેવકો ચૂંટાઈ આવે એવી શક્યતા જણાઈ રહી છે અને આમાં શિંદે સેનાના ૨૮ નગરસેવક ઉમેરવામાં આવે તો શિવસેના માટે ગયા વખત કરતાં સ્થિતિ વધુ સારી નીવડી છે. સૌથી વધુ નુકસાન કોંગ્રેસનું થયું હોવાનું દેખાય છે.

જોકે આ જોડાણ મુંબઈના સેટેલાઇટ શહેરો - થાણે, કલ્યાણ-ડોંબિવલી, મીરા-ભાયંદર, ભિવંડી-નિઝામપુર, ઉલ્હાસનગર, નવી મુંબઈ, વસઈ-વિરાર અને પનવેલમાં કોઈ અસર દેખાડી શક્યું નથી.

આ જોડાણ નાસિક અને પુણે જેવા શહેરોમાં પણ કોઈ અસર દાખવી શક્યું નહીં.

અનુભવી વિશ્લેષકે નિર્દેશ કર્યો હતો કે ઠાકરે પરિવારે બહુવિધ સભાઓ (મેળાવડા) યોજવાની જાહેરાતથી વિપરીત, મુંબઈ, નાસિક અને થાણેમાં માત્ર ત્રણ સંયુક્ત રેલીઓ સંબોધી હતી.

મૂળ યોજના મુજબ, ઠાકરે પરિવાર નવ રેલીઓને સંબોધિત કરવાનો હતો - મુંબઈમાં ત્રણ, કલ્યાણ, ડોમ્બિવલી, મીરા-ભાયંદર, થાણે, પુણે અને નાસિકમાં એક-એક. તેના બદલે તેઓએ વ્યક્તિગત સંપર્ક બનાવવા માટે 'શાખાઓ'ની મુલાકાત લેવાનો આશરો લીધો.

૨૦૨૪ ની વિધાનસભાની હાર પછી, બંને પિતરાઈ ભાઈઓના ભેગા થવા પાછળનો મુખ્ય હેતુ તેમના પક્ષોને બચાવવા અને મરાઠી ભાષીઓના મતોને એકીકૃત કરવાનો હતો.

૨૦૨૨માં અવિભાજિત શિવસેનામાં ભાગલા પડ્યા પછી શિવસેના (યુબીટી)માં અનેક પક્ષપલટા જોવા મળ્યા હતા. તેમના ૪૫ નગરસેવક શિંદેસેનામાં જોડાયા હોવાથી વાસ્તવમાં તેમના ૪૫ નગરસેવક સામે ૬૫ નગરસેવક ચૂંટાયા હોવાથી વાસ્તવમાં ફાયદો જોવા મળી રહ્યો છે. ૨૦૧૭માં ચૂંટાયેલા અવિભાજિત શિવસેનાના ૮૪ બીએમસી કોર્પોરેટરોમાંથી અડધાથી વધુ નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળના પક્ષમાં જોડાયા, જેના કારણે ઉદ્ધવ ઠાકરેનો ટેકો નોંધપાત્ર રીતે ઓછો થયો.

# ક્રૂડતેલ ઉછળતા રૂપિયો ૪૪ પૈસા પટકાયો

મુંબઈઃ વૈશ્વિક બજારમાં આજે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ વધીને બેરલદીઠ ૬૫ ડૉલરની નજીક પહોંચ્યાના નિર્દેશો ઉપરાંત સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની અવિરત વેચવાલીનું દબાણ જળવાઈ રહ્યું હોવાથી આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો આગલા બંધ સામે ૪૪ પૈસા પટકાઈને ૯૦.૭૮ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ અને ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહ્યું હોવાથી રૂપિયાને અમુક અંશે ટેકો મળ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવતા ઉમેર્યું હતું કે ગત ગઈકાલે જાહેર થયેલા આર્થિક ડેટાઓમાં ગત ડિસેમ્બર મહિનામાં દેશની વેપાર ખાધ આગલા નવેમ્બર મહિનાના ૨૪.૫૩ અબજ ડૉલર અને ગત ડિસેમ્બર, ૨૦૨૪ની બાવીસ અબજ ડૉલરની ખાધ સામે વધીને ૨૫.૦૪ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાથી પણ રૂપિયો વધુ દબાણ હેઠળ આવ્યો હતો.

ગઈકાલે સ્થાનિક મહાનગર પાલિકાની ચૂંટણીને કારણે સ્થાનિક બજાર સત્તાવાર ધોરણે બંધ રહ્યા બાદ આજે સત્ર દરમિયાન ભારે ચંચળતાનું વલણ રહેતાં ડૉલર સામે રૂપિયો ગત બુધવારના ૯૦.૩૪ના બંધ સામે સાધારણ નરમાઈના અન્ડરટોને ૯૦.૩૭ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૦.૮૯ અને ઉપરમાં ખૂલતી જ ૯૦.૩૭ની સપાટીની રેન્જમાં અથડાઈને અંતે આગલા બંધ સામે ૪૪ પૈસા ગબડીને ૯૦.૭૮ની સપાટીએ બંધ રહ્યો હતો. અત્રે નોંધનીય બાબત એ છે કે ગત મંગળવારે રૂપિયામાં છ પૈસાનો અને બુધવારે ૧૧ પૈસાનો ઘટાડો જોવા મળ્યો હતો. જોકે, ગત ૧૬મી ડિસેમ્બરના રોજ ડૉલર સામે રૂપિયાએ સત્ર દરમિયાન ઐતિહાસિક ૯૧.૧૪ની નીચી સપાટી દાખવ્યા બાદ ૯૦.૯૩ની સપાટીએ બંધ રહ્યો હતો.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૬ ટકા ઘટીને ૯૯.૨૬ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો. તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૧૮૭.૬૪ પૉઈન્ટનો અને ૨૮.૭૫ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવા છતાં આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૧.૧૪ ટકા વધીને બેરલદીઠ ૬૪.૪૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યાના તેમ જ ગત બુધવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૪૭૮૧.૨૪ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાનું એક્સચેન્જે આંકડાકીય માહિતીમાં જણાવ્યું હોવાથી ગબડતા રૂપિયાને ઢાળ મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# ઈન્ફોસિસના ચમકારા સાથે સેન્સેક્સ ૭૦૦ પોઈન્ટ ઊછળીને અંતે ૧૮૭ પોઈન્ટના સુધારા સાથે સ્થિર થયો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ ઇન્ફોસિસે આશ્ચર્યકારક રીતે આશાસ્પદ ગાઇડન્સ રજૂ કર્યું હોવાથી તેની આગેવાનીમાં ઇન્ડેક્સ હેવીવેઇટ આઈટી શેરોમાં આવેલી જોરદાર તેજી સાથે બેન્ચમાર્ક સેન્સેક્સ પણ ૭૦૦ પોઇન્ટ સુધી ઊંચે ઊછળ્યો હતો, જ્યારે નિફ્ટીએ ૨૫,૭૦૦ની નિકટ પહોંચ્યો હતો. બજારના સાધનો અનુસાર ઇન્ફોસિસના મજબૂત કમાણીના અચરજે રોકાણકારોની જોખમ લેવાની ક્ષમતા ફરી જાગૃત કરી હતી. દિવસ દરમિયાન બીએસઈ સેન્સેક્સ ૭૫૨ પોઈન્ટ ઉછળીને ૮૪,૧૩૪.૯૭ની ઇન્ટ્રાડે ઉચ્ચ સપાટીએ પહોંચ્યો હતો, જ્યારે એનએસઈ નિફ્ટી ૫૦ ૦.૮૦ ટકા વધીને ૨૫,૮૭૩.૫૦ પર પહોંચ્યો હતો. સત્રના અંતે, સેન્સેક્સ ૧૮૭ પોઈન્ટ અથવા ૦.૨૩ ટકા વધીને ૮૩,૫૭૦.૩૫ પોઇન્ટની સપાટી પર બંધ થયો હતો, જ્યારે નિફ્ટી ૨૯ પોઈન્ટ અથવા ૦.૧૧ ટકા વધીને સત્રના અંતે ૨૫,૬૯૪.૩૫ પોઇન્ટના સ્તરે બંધ થયો હતો.

સેન્સેક્સ કંપનીઓમાંથી, ઇન્ફોસિસનો શેર ૫.૬૭ ટકા ઊછળ્યો હતો. આ ઉપરાંત ટેક મહિન્દ્રા, એચસીએલ ટેક, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, અલ્ટ્રાટેક સિમેન્ટ અને એચડીએફસી બેંક પણ ટોપ ગેઇનર સેરોમાં સામેલ હતા. તેનાથી વિપરીત, ઇટર્નલ, એશિયન પેઇન્ટ્સ, ભારત ઇલેક્ટ્રોનિક્સ, સન ફાર્મા અને મારુતિ પાછળ રહ્યા હતા. ભારત અને યુએસ વેપાર કરારને અંતિમ સ્વરૂપ આપવાની ખૂબ નજીક છે અને જ્યારે બંને પક્ષો તૈયાર થશે ત્યારે તેની જાહેરાત કરવામાં આવશે, એમ વાણિજ્ય સચિવ રાજેશ અગ્રવાલે ગુરુવારે જણાવ્યું હતું.

બેંગલુરુમાં મુખ્ય મથક ધરાવતી ઇન્ફોસિસની કામગીરીમાંથી આવક ચાલુ નાણાકીય વર્ષના ત્રીજા ક્વાર્ટરમાં ૮.૯ ટકા વધીને રૂ. ૪૫,૪૭૯ કરોડ નોંધાઈ હતી, જે એક વર્ષ પહેલાના સમયગાળામાં રૂ. ૪૧,૭૬૪ કરોડના સ્તરે હતી. કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૬ માટે પોતાનું રેવેન્યુ ગ્રોથ ગાઇડન્સ બેથી ત્રણ ટકા જાહેર કર્યું હતું તે વધારીને ત્રણથી ૩.૫ ટકા જાહેર કર્યું છે.યુએસએ, ઓસ્ટ્રેલિયા, ભારતમાં કાર્યરત અગ્રણી એઆઇ અને ડિજિટલ ટ્રાન્સફોર્મેશન કંપની, સિગ્મા સોલ્વ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૬ના ત્રીજા ક્વાર્ટરમાં કોન્સોલિડેટેડ ધોરણે ૩૩.૪૯ ટકાના વધારા સાથે રૂ. ૨૬૩૯.૪૩ લાખની કુલ આવક, વાર્ષિક ધોરણે ૫૩.૭૩ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૯૫૧ લાખનો એબિટા, ૫૮.૪૪ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૬૭૦.૦૫ લાખનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

ટેક મહિન્દ્રાએ ૧૪ ટકાના વધારા સાથે ત્રીજા ક્વાર્ટરમાં રૂ. ૧૧૨૨ કરોડનો નફો નોંધાવ્યો છે. સેન્ટ્રલ બેન્કે ત્રીજા ક્વાર્ટરમાં ૩૨ ટકાના વધારા સાથે રૂ. ૧૨૬૩ કરોડનો નફો નોંધાવ્યો છે. ફેડરલ બેન્કનો નફો નવ ટકા વધીને રૂ. ૧૦૪૧ કરોડ નોંધાયો છે. આઇટી અને મિડ-સેગમેન્ટ બેન્કિંગ શેરોના ત્રીજા ક્વાર્ટરના સારા પરિણામોને કારણે સત્ર દરમિયાન ઇક્વિટી બજારોમાં સકારાત્મક ગતિ જોવા મળી હતી. જોકે, ક્લોઝ સેગમેન્ટ તરફ પ્રોફિટ બુકિંગે તેજીને મર્યાદિત કરી દીધી, જેના પરિણામે બજાર માત્ર નજીવો સુધારો ટકાવી શકી હતી. ઇન્ટ્રાડે ટ્રેડમાં નિફ્ટી ૧૦૦ ઇન્ડેક્સની અંદરના ઘણા હેવીવેઇટ શેરોમાં વેચવાલીનું દબાણ વધ્યું હતું, જેમાં ભારે વોલ્યુમ સાથે લગભગ ત્રણ ટકા તુટતા, ઇટર્નલ લુઝર્સની યાદીમાં ટોચ પર રહ્યો હતો. ફાર્મા શેરો પણ દબાણ હેઠળ રહ્યા હતા, જેમાં સિપ્લા અને સન ફાર્મા બંને બે ટકાથી વધુ ઘટ્યા હતા. હિન્દુસ્તાન ઝિંક અને હિન્દાલ્કો ઇન્ડસ્ટ્રીઝમાં તીવ્ર ઘટાડો થતાં મેટલ શેરોમાં પડતી જોવા મળી હતી. ભારત ઇલેક્ટ્રોનિક્સ, એવન્યુ સુપરમાર્ટ્સ અને મારુતિ સુઝુકીમાં પણ નબળાઈ જોવા મળી, જ્યારે જિયો ફાઇનાન્શિયલ સર્વિસિસમાં પણ નીચા ભાવે ટ્રેડિંગ થયું, જેના કારણે ઇન્ડેક્સ પર દબાણ વધ્યું હતું. સેન્સેક્સ સમાવિષ્ટ સ્ક્રિપ્સમાં ઈન્ફોસિસ ૫.૬૫ ટકા, ટેક મહિન્દ્ર ૫.૧૭ ટકા, એચસીએલ ટેક્નોલોજી ૧.૮૨ ટકા, સ્ટેટ બેન્ક ૧.૩૬ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૦.૯૪ ટકા, એચડીએફસી બેન્ક ૦.૫૬ ટકા, બજાજ ફાઈનાન્સ ૦.૪૭ ટકા, ટાટા કન્સલ્ટન્સી ૦.૪૫ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૦.૨૯ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૦.૧૬ ટકા અને બજાજ ફિનસર્વ ૦.૦૬ ટકા વધ્યા હતા. જ્યારે મુખ્યત્વે ઈટર્નલ ૩.૮૯ ટકા, એશિયન પેઈન્ટ્સ ૨.૦૮ ટકા, બીઈએલ ૧.૮૫ ટકા, સન ફાર્મા ૧.૮૪ ટકા, મારુતિ ૧.૭૮ ટકા, આઈટીસી ૧.૬૪ ટકા, એનટીપીસી ૦.૮૩ ટકા, ટાઈટન ૦.૭૩ ટકા, કોટક બેન્ક ૦.૬૫ ટકા, ટાટા સ્ટીલ ૦.૬૧ ટકા અને અદાણી પોર્ટ્સ ૦.૫૭ ટકા ઘટ્યા હતા.

બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં શુક્રવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૨૩૬.૯૭ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૧,૧૯૬ સોદામાં ૧,૪૦૭ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૧૧,૧૭,૫૦૨ કોન્ટ્રેક્ટ્સના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ ટર્નઓવર રૂ.૪૯,૦૪,૫૨૧.૧૩ કરોડનું રહ્યું હતું.એક્સચેન્જ ડેટા અનુસાર, વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ બુધવારે રૂ. ૪,૭૮૧.૨૪ કરોડના ઇક્વિટી વેચ્યા, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ)એ રૂ. ૫,૨૧૭.૨૮ કરોડના શેર ખરીદ્યા હતા. મહારાષ્ટ્ર નગરપાલિકાની ચૂંટણીને કારણે ગુરુવારે શેરબજાર બંધ રહ્યા. એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી ઇન્ડેક્સ ઊંચો સ્થિર થયો, જ્યારે જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ, શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગસેંગ ઇન્ડેક્સ નીચા મથાળે બંધ થયો હતો. યુરોપિયન બજારો નીચા સ્તરે ટ્રેડ થઈ રહ્યા હતા. ગુરુવારે યુએસ બજારો ઊંચા બંધ થયા હતા.

વૈશ્વિક ઓઇલ બેન્ચમાર્ક, બ્રેન્ટ ક્રૂડ, ૧.૦૫ ટકા વધીને ૬૪.૪૩ ડોલર પ્રતિ બેરલ પર પહોંચ્યો હતો. બુધવારે, સેન્સેક્સ ૨૪૪.૯૮ પોઈન્ટ અથવા ૦.૨૯ ટકા ઘટીને ૮૩,૩૮૨.૭૧ પર બંધ થયો. નિફ્ટી ૬૬.૭૦ પોઈન્ટ અથવા ૦.૨૬ ટકા ઘટીને ૨૫,૬૬૫.૬૦ પર બંધ થયો હતો.

# વિશ્વ બજારથી વિપરીત ચાંદીમાં ₹ ૪૩૭૮ની આગેકૂચ, સોનામાં ₹ ૪૨૨નો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકાના આર્થિક ડેટાઓ અપેક્ષા કરતાં મજબૂત આવવાની સાથે ભૂરાજકીય તણાવમાં પણ ઘટાડો થયો હોવાથી તેમ જ ડૉલર ઈન્ડેક્સમાં પણ મજબૂત વલણ રહેતાં આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોના અને ચાંદીના ભાવમાં ઘટાડો જોવા મળ્યો હતો. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ છતાં ગઈકાલે સ્થાનિક ઝવેરી બજાર મહાનગર પાલિકાની ચૂંટણીને કારણે બંધ રહી હોવાથી આજે હાજરમાં વિશ્વ બજારથી વિપરીત ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૪૩૭૮નો સુધારો આગળ ધપ્યો હતો, જ્યારે સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૨૦થી ૪૨૨નો ઘટાડો આવ્યો હતો. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ખાસ કરીને ૯૯૯ ટચ ચાંદીમાં ઓવરનાઈટ પ્રોત્સાહક અહેવાલોને ધ્યાનમાં લેતા હાજરમાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૪૩૭૮ વધીને રૂ. ૨,૮૧,૮૯૦ના મથાળે રહ્યા હતા. જોકે, આજે સોનામાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ સાથે વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૪૨૦ ઘટીને રૂ. ૧,૪૧,૦૨૬ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૪૨૨ ઘટીને રૂ. ૧,૪૧,૫૯૩ના મથાળે રહ્યા હતા. ડૉલર સામે રૂપિયો ૪૪ પૈસા નબળો પડ્યો હોવાથી આયાત પડતરો વધી આવતા વિશ્વ બજારની સરખામણીમાં ભાવઘટાડો મર્યાદિત રહ્યો હતો. આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૩ ટકા ઘટીને ઔંસદીઠ ૪૬૦૦.૪૯ ડૉલર અને ફેબ્રુઆરી વાયદામાં ભાવ ૦.૪ ટકા ઘટીને ૪૬૦૪.૭૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૧.૯ ટકા ઘટીને ૯૦.૫૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

અમેરિકામાં બેરોજગારી ભથ્થું મેળવવા માટે અરજી કરનારાઓની સંખ્યા ૯૦૦૦ ઘટીને ૯.૯૮ લાખની સપાટીએ રહી હોવાના અહેવાલ હતા. જોકે, બજાર વર્તુળોની ધારણા ૨.૧૫ લાખની હતી. આમ એકંદરે બેરોજગારીના ડેટા અપેક્ષા કરતા સારા આવ્યા હોવાથી તેમ જ ડૉલર ઈન્ડેક્સ છ સપ્તાહની ઊંચી સપાટીએ ક્વૉટ થઈ રહ્યો હતો. વધુમાં ભૂરાજકીય તણાવ પણ હળવો થવાથી સોના અને ચાંદીના ભાવ દબાણ હેઠળ રહ્યા હોવાનું હાજરમાં કાર્સ્ટન મેન્કેનાં વિશ્લેષક જુલિયસ બૅરે જણાવ્યું હતું.

# રિલાયન્સની રેવન્યુ ₹ ૨.૯૪ લાખ કરોડ નોંધાઇ

મુંબઇઃ રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડે નાણાકીય વર્ષના ત્રીજા ક્વાર્ટરમાં મજબૂત કામગીરી નોંધાવી હતી, જેમાં એકીકૃત આવક એક વર્ષ અગાઉની તુલનામાં ૧૦ ટકા વધીને રૂ. ૨.૯૪ લાખ કરોડ થઈ હતી. નાણાકીય વર્ષના ત્રીજા ક્વાર્ટરમાં ચોખ્ખો નફો એક વર્ષ અગાઉની તુલનામાં ૧.૬ ટકા વધીને રૂ. ૨૨,૨૯૦ કરોડ થયો હતો, જ્યારે કર પહેલાંનો નફો ૩.૭ ટકા વધીને રૂ. ૨૯,૬૯૭ કરોડ થયો હતો. એકીકૃત એબિટા ૬.૧ ટકા વધીને રૂ. ૫૦,૯૩૨ કરોડ થયો હતો.

## ટાટા ટેક્નોલોજીસના નફામાં ૯૬ ટકાનો ઘટાડો

વૈશ્વિક પ્રોડક્ટ એન્જિનિયરિંગ અને ડિજિટલ સર્વિસિસ કંપની ટાટા ટેક્નોલોજીસ લિમિટેડે શુક્રવારે ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ પૂરા થયેલા ત્રીજા ક્વાર્ટરમાં ૯૬ ટકાના ઘટાડા સાથે રૂ. ૬.૬૪ કરોડનો કરવેરા પછીનો નફો નોંધાવ્યો હતો.

કંપનીએ પાછલા નાણાકીય વર્ષના સમાન સમયગાળામાં રૂ. ૧૬૮.૬૪ કરોડનો કર પછીનો નફો નોંધાવ્યો હતો, એમ ટાટા ટેક્નોલોજીસે નિયમનકારી ફાઇલિંગમાં જણાવ્યું હતું. સમીક્ષા હેઠળના ક્વાર્ટરમાં કામગીરીમાંથી એકત્રિત આવક રૂ. ૧,૩૬૫.૭૩ કરોડ રહી હતી, જે એક વર્ષ પહેલાના સમયગાળામાં રૂ. ૧,૩૧૭.૩૮ કરોડ હતી.

## સ્પોર્ટ્સ

# આઈસીસીએ વિરાટ કોહલીના નંબર-વનના રૅન્કિંગમાં એક મોટો સુધારો કર્યોઃ જાણો, શું ગરબડ થઈ હતી...

દુબઈઃ ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)એ તાજેતરમાં વિરાટ કોહલીને વન-ડેના બૅટ્સમેનોમાં નંબર-વન જાહેર કર્યો એ સંબંધમાં થોડો સુધારો કર્યો છે અને સુધારો તેની રૅન્કનો નહીં, પણ વન-ડેની રૅન્ક પર તે કુલ કેટલા દિવસ રહ્યો એ વિશેનો છે.

### કોહલી ૨૦૧૩ પછી ૧૦ વખત નંબર-વન થયો

કોહલીએ વડોદરામાં ન્યૂ ઝીલૅન્ડ સામેની સિરીઝની પ્રથમ મૅચમાં ૯૧ બૉલમાં ૯૩ રન કર્યા હતા અને એ પર્ફોર્મન્સ થકી તે રોહિત શર્માના સ્થાને નંબર-વન થઈ ગયો હતો અને રોહિત ત્રીજા નંબર પર જતો રહ્યો હતો. કોહલી સૌથી પહેલાં ઑક્ટોબર, ૨૦૧૩માં નંબર-વન થયો હતો અને ત્યારથી અત્યાર સુધીમાં તેણે ૧૦ વખત આ સિદ્ધિ મેળવી છે.

### રિચર્ડ્સ, લારા પછી કોહલીનો ક્રમ

આઇસીસીએ ગુરુવારે શરૂઆતના અહેવાલમાં જણાવ્યું હતું કે કોહલી વન-ડેના ક્રમે કુલ ૮૨૫ દિવસ રહ્યો છે. એમાં કોહલીને 'સર્વોચ્ચ સ્થાને સૌથી વધુ દિવસ' વીતાવનાર ખેલાડી તરીકે પણ ઓળખાવાયો હતો. જોકે આઇસીસીએ ભૂલ સમજાતાં સુધારો જાહેર કર્યો છે જે મુજબ નંબર-વનની રૅન્ક પર કોહલીએ કુલ ૧,૫૪૭ દિવસ વીતાવ્યા છે. આ સુધારા મુજબ એવી પણ જાહેરાત કરવામાં આવી કે કોહલી સર્વોચ્ચ રૅન્ક પર બિરાજમાન થઈ ચૂકેલા ખેલાડીઓમાં વેસ્ટ ઇન્ડિઝના મહાન ખેલાડી વિવ રિચર્ડ્સ (૨,૩૦૬ દિવસ) અને બ્રાયન લારા (૨,૦૭૯ દિવસ) પછી ત્રીજા સ્થાને છે.

### ગરબડ પાછળના કારણ ક્યા છે?

કોહલી નંબર-વનની રૅન્ક પર ૧,૫૪૭ દિવસને બદલે ૮૨૫ છે એવી ગરબડ કેવી રીતે થઈ એ વિશે આઇસીસીએ જાહેરમાં તો કોઈ વર્ણન નથી કર્યું, પરંતુ ગ્રાફિક્સ અને એડિટોરિયલ કૉપીને ધ્યાનમાં લઈને ગણતરીની જે પદ્ધતિ અપનાવવામાં આવી હતી એમાં ક્ષતિ જોવા મળી હતી. બની શકે કે નવા વિઝ્યુઅલ પૅકેજમાં જૂનો ડૅટા લઈ જવામાં આવ્યો હશે. આ બધા પરિબળોને ધ્યાનમાં લઈને આઇસીસીએ કોહલીના નામે હવે ૧,૫૪૭ દિવસ લખ્યા છે.

# વલસાડનો હેનિલ પટેલ છે ડેલ સ્ટેનનો ડાઈ-હાર્ડ ફૅન

બુલવૅયોઃ ગુરુવારે અહીં અન્ડર-૧૯ વન-ડે વર્લ્ડ કપમાં ભારતે અમેરિકા સામે સૌથી પહેલી મૅચમાં છ વિકેટે જે જીત મેળવી એ વિજયનો સૂત્રધાર હતો વલસાડનો પેસ બોલર હેનિલ પટેલ જેણે સાઉથ આફ્રિકાના મહાન ફાસ્ટ બોલર ડેલ સ્ટેનની કરીઅરને ફૉલો કરી અને હવે જુનિયર વિશ્વ કપમાં શરૂઆતથી જ ધમાલ મચાવી રહ્યો છે. મૅન ઑફ ધ મૅચ હેનિલ પટેલે અમેરિકાની પાંચ વિકેટ માત્ર ૧૬ રનમાં લીધી હતી. તેણે મૅચ પછી કહ્યું, 'હું ડેલ સ્ટેનના પિચ પરના આક્રમક અભિગમથી ખૂબ પ્રભાવિત થયો છું. તેની બોલિંગ એટલી બધી અસરદાર હતી કે ભલભલો સારો બૅટ્સમૅન તેનો આસાનીથી સામનો નહોતો કરી શકતો. સ્ટેનની બોલિંગનો સામનો કરવો દરેક બૅટ્સમૅન માટે કપરું કામ હતું.'

ભારતને ૧૦૮ રનનો લક્ષ્યાંક મળ્યો હતો. જોકે વરસાદ અને બૅડ લાઇટની સમસ્યાને પગલે ભારતને ૩૭ બૉલમાં જીતવા ૯૬ રનનો ટાર્ગેટ અપાયો હતો. ભારતે ચાર વિકેટના ભોગે ૯૯ રન બનાવીને વિજય મેળવી લીધો હતો. એ પહેલાં, અમેરિકાને માત્ર ૧૦૭ રનના ટોટલ પર ઑલઆઉટ કરાવવામાં હેનિલ પટેલ (૭-૧-૧૬-૫)નું સૌથી મોટું યોગદાન હતું. તેણે પાંચમાંથી ત્રણ વિકેટ નવા બૉલથી લીધી હતી. તેના તરખાટને કારણે અમેરિકાની ટીમનો સ્કોર ૪/૩૪ થઈ ગયો હતો.

# આરસીબીએ ૩૫૦ એઆઇ કૅમેરા અને ૪.૫૦ કરોડ રૂપિયાની ઑફર કરી! જાણી લો, શું છે આ બધું...

બેંગલૂરુઃ ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)ના લેટેસ્ટ ચૅમ્પિયન રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી)એ ૨૦૨૫માં પ્રથમ વિજેતાપદ મેળવ્યા પછી જે અભૂતપૂર્વ અને અમંગળ ઘટનાઓનો સામનો કર્યો એ પછી હવે આ ફ્રૅન્ચાઇઝીએ લોકોનો વિશ્વાસ જીતવા તેમ જ પોતાની છબિ સારી કરવા કર્ણાટક સ્ટેટ ક્રિકેટ અસોસિયેશનને કેટલાક સૂચનો કર્યા છે જેમાંનું એક સૂચન એ છે કે બેંગલૂરુના ચર્ચાસ્પદ એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં ૩૦૦થી ૩૫૦ એઆઇ (આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સ) આધારિત કૅમેરા બેસાડવા જોઈએ અને એ માટે પોતે (આરસીબી) ૪.૫૦ કરોડ રૂપિયાનો અંદાજિત ખર્ચ ભોગવવા તૈયાર છે.

ગયા વર્ષે આરસીબીએ આઇપીએલની ટ્રોફી પહેલી વખત જીતી લીધી એની બીજા દિવસે બેંગલૂરુમાં ઉજવણી શરૂ થાય એ પહેલાં જ ગોઝારી ઘટના બની ગઈ હતી. એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમની આસપાસ લગભગ ત્રણ લાખ જેટલા ક્રિકેટપ્રેમીઓ સેલિબ્રેશનમાં સહભાગી થવા એકત્રિત થયા હતા, પરંતુ ગેરવ્યવસ્થાને કારણે નાસભાગ થઈ હતી અને એમાં ૧૧ જણે જીવ ગુમાવ્યાં હતાં તેમ જ બીજા અનેક ઘાયલ થયા હતા. આ સ્ટેડિયમ ક્રિકેટ મૅચો માટે બંધ કરવામાં આવ્યું છે.

આરસીબીનું કહેવું છે કે લોકોનો ધસારો થાય તો એને પહોંચી વળવા પૂરતી વ્યવસ્થા જાળવવા સ્ટેડિયમમાં અને એની આસપાસ કુલ મળીને ૩૫૦ જેટલા એઆઇ સપોર્ટેડ કૅમેરા બેસાડી શકાય. આરસીબીએ આ સૂચન સત્તાવાર રીતે કર્ણાટક અસોસિયેશનને કર્યું છે.

રજત પાટીદાર આરસીબીની ટીમનો ચૅમ્પિયન-કૅપ્ટન છે અને ટીમમાં બૅટિંગ-લેજન્ડ વિરાટ કોહલી તેમ જ દેવદત્ત પડિક્કલ, કૃણાલ પંડ્યા, ભુવનેશ્વર કુમાર, નુવાન થુશારા, ટિમ ડેવિડ, ફિલ સૉલ્ટ, જિતેશ શર્મા, જેકબ બેથેલ, રોમારિયો શેફર્ડ, કનિષ્ક ચૌહાણ, વેન્કટેશ ઐયર, વિહાન મલ્હોત્રા, જૉશ હૅઝલવૂડ, જેકબ ડફી, સુયશ શર્મા અને રસિખ સલામ વગેરેનો સમાવેશ છે.

આરસીબીએ કહ્યું છે કે ' ૩૫૦ જેટલા એઆઇ-આધારિત કૅમેરા સ્થાપિત કરાવવા પાછળ એક જ સમયનો ૪.૫૦ કરોડ રૂપિયાનો ખર્ચ થઈ શકે જે અમે ભોગવવા તૈયાર છીએ. આ કૅમેરા બેસાડવાથી સત્તાવાળાઓ પ્રેક્ષકોના ધસારાને સારી રીતે સંભાળી શકશે, લોકોને શિસ્તબદ્ધ રીતે લાઇનમાં જ રહીને અંદર પ્રવેશ અપાવી શકશે, ખોટી રીતે સ્ટેડિયમમાં ઘૂસનારાઓને રોકી શકશે તેમ જ એકંદરે લોકોની સલામતી જાળવી શકશે.'

# બાંગ્લાદેશમાં ખેલાડીઓએ બહિષ્કાર પાછો ખેંચ્યો, પણ મોતની ધમકીએ ફરી માહોલ બગાડ્યો

ઢાકાઃ બાંગ્લાદેશમાં ક્રિકેટરોએ પોતાના જ ક્રિકેટ બોર્ડના ડિરેક્ટર એમ. નજમુલ ઇસ્લામની અપમાનજનક ટિપ્પણીને કારણે બાંગ્લાદેશ પ્રીમિયર લીગ (બીપીએલ)નો જે બહિષ્કાર કર્યો હતો એ હવે તેમણે પાછો ખેંચી લીધો છે, પરંતુ આ પ્રકરણમાં નવો વળાંક આવ્યો છે જેમાં દેશના ક્રિકેટરોના કલ્યાણાર્થે સ્થપાયેલા સંગઠનના પ્રમુખ મોહમ્મદ મિથુને કહ્યું છે કે ખેલાડીઓની પડખે રહેવા બદલ તેમને (મિથુનને) તેમ જ કેટલાક ખેલાડીઓને મોતની ધમકીઓ મળી રહી છે.

નજમુલ ઇસ્લામે એવી કમેન્ટ કરી હતી કે ' જો બાંગ્લાદેશ આવતા મહિને ભારત-શ્રીલંકામાં રમાનારા ટી-૨૦ વર્લ્ડ કપમાં ન રમવાનો નિર્ણય લેશે તો બાંગ્લાદેશના ખેલાડીઓને કોઈ પણ પ્રકારનું વળતર ન મળવું જોઈએ (તેઓ એ વળતરને લાયક નથી), કારણકે તેમણે ક્રિકેટ બોર્ડને વર્લ્ડ કપને લગતા અભિગમ બદલ પૂરતું સમર્થન આપ્યું જ નથી. ઊલટાનું, બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (બીસીબી)એ ખેલાડીઓ પાસેથી રિફન્ડ માગવું જોઈએ, કારણકે આંતરરાષ્ટ્રીય ટૂર્નામેન્ટોમાં તેમનો પર્ફોર્મન્સ નબળો રહ્યો છે. તેઓ એક પણ આઇસીસી ઇવેન્ટ નથી જીતી શક્યા.'

બીસીબીએ નજમુલને બોર્ડની નાણાકીય સમિતિના અધ્યક્ષસ્થાનેથી હટાવી દીધા એ સહિતના કેટલાક નિર્ણયો લેવાતાં ખેલાડીઓના સંગઠને બીસીબી સાથે સર્વસંમતિ સાધી લીધી હતી અને ખેલાડીઓએ બૉયકૉટ પાછો ખેંચી લેતાં બીપીએલ ફરી શરૂ થઈ શકી હતી.

બાંગ્લાદેશમાં હિન્દુઓની હત્યા થઈ રહી હોવાથી આઇપીએલમાંથી પેસ બોલર મુસ્તફિઝુર રહમાનની (કેકેઆરની ટીમમાંથી) હકાલપટ્ટી કરાઈ એને પગલે બીસીબીએ જાહેરાત કરી કે એના ખેલાડીઓ ફેબ્રુઆરીમાં વર્લ્ડ કપ રમવા ભારતનો પ્રવાસ નહીં કરે. જોકે આઇસીસીએ બીસીબીને ભારતમાં રમવાની ફરજ પાડી છે. મોહમ્મદ મિથુને કહ્યું છે કે 'અમારા ખેલાડીઓ ફેબ્રુઆરીનો ટી-૨૦ વર્લ્ડ કપ રમવા માગે છે, પણ સલામતીને લગતી કોઈ ચિંતા રહે એવા વાતાવરણમાં નહીં. હું ખેલાડીઓની સલામતીને લક્ષમાં રાખીને તેમનો પક્ષ લઉં છું તો શું ખોટું કરું છું? હું તેમના સંગઠનનો પ્રમુખ છું અને તેમનો પક્ષ ન લઉં તો મારા પ્રમુખ હોવાનો શું મતલબ? મને તો શું, કેટલાક ખેલાડીઓને પણ મોતની ધમકી મળી છે.'

# વૉશિંગ્ટન, તિલકના સ્થાને બિશ્નોઈ શ્રેયસ

મુંબઈઃ આગામી ૨૧મી જાન્યુઆરીથી ન્યૂ ઝીલૅન્ડ સામે ઘરઆંગણે શરૂ થનારી પાંચ મૅચની ટી-૨૦ સિરીઝ માટેની ટીમમાં ઈજાગ્રસ્તો વૉશિંગ્ટન સુંદર અને તિલક વર્માના સ્થાને સિલેક્ટરોએ અનુક્રમે સ્પિનર રવિ બિશ્નોઈ અને બૅટ્સમૅન શ્રેયસ ઐયરને સમાવ્યા છે. શ્રેણીની દરેક મૅચ સાંજે ૭.૦૦ વાગ્યે શરૂ થશે. આ પાંચ મુકાબલા નાગપુર, રાયપુર, ગુવાહાટી, વિશાખાપટનમ અને તિરુવનન્તપુરમમાં રમાશે. શ્રેયસને પહેલી ત્રણ મૅચ માટે જ સ્ક્વૉડમાં સમાવાયો છે, કારણકે તિલકને આખી સિરીઝમાંથી બહાર નથી કરાયો. શ્રેયસ ભારત વતી છેલ્લે ડિસેમ્બર, ૨૦૨૩માં ટી-૨૦ રમ્યો હતો. બિશ્નોઈ છેલ્લે ગયા વર્ષે મુંબઈમાં ઇંગ્લૅન્ડ સામેની ટી-૨૦માં રમ્યો હતો. વન-ડે સિરીઝમાં વૉશિંગ્ટનના સ્થાને આયુષ બદોનીને ટીમમાં સામેલ કરાયો હતો. આ વન-ડે સિરીઝની છેલ્લી મૅચ રવિવારે ઇન્દોરમાં (બપોરે ૧.૩૦ વાગ્યાથી) રમાશે.

# સૌરાષ્ટ્રને વિશ્વરાજ જાડેજાએ પહોંચાડી દીધું ફાઇનલમાં

બેંગલૂરુઃ મૂળ અમદાવાદના ૨૭ વર્ષીય રાઇટ-હૅન્ડ બૅટ્સમૅન વિશ્વરાજ જાડેજા (૧૬૫ રન, ૧૨૭ બૉલ, ત્રણ સિક્સર, અઢાર ફોર)એ શુક્રવારે અહીં સૌરાષ્ટ્રને વિજય હઝારે ટ્રોફી વન-ડે ટૂર્નામેન્ટની ફાઇનલમાં આસાન પ્રવેશ અપાવ્યો હતો. પંજાબ સામેની સેમિ ફાઇનલમાં ૨૭ વર્ષના જ લેફ્ટ-આર્મ પેસ બોલર ચેતન સાકરિયા (૬૦ રનમાં ચાર વિકેટ) તેમ જ અંકુર પન્વાર (૫૪ રનમાં બે વિકેટ) તથા ચિરાગ જાની (૭૩ રનમાં બે વિકેટ)ના પણ આ જીતમાં મહત્ત્વના યોગદાન હતા.

પંજાબે અનમોલપ્રીત સિંહના ૧૦૦ રન તથા કૅપ્ટન-વિકેટકીપર પ્રભસિમરન સિંહના ૮૭ રનની મદદથી ૫૦ ઓવરમાં ૨૯૧ રન કર્યા હતા. સૌરાષ્ટ્રને જીતવા ૨૯૨ રનનો પડકારરૂપ લક્ષ્યાંક મળ્યો હતો, પરંતુ એણે ફક્ત ૩૯.૩ ઓવરમાં એક જ વિકેટના ભોગે ૨૯૩ રન કરીને શાનથી નિર્ણાયક મુકાબલામાં પ્રવેશ કર્યો હતો જેમાં રવિવાર, ૧૮મી જાન્યુઆરીએ (બપોરે ૧.૩૦ વાગ્યાથી) બેંગલૂરુમાં એની ટક્કર વિદર્ભ સાથે થશે.

સૌરાષ્ટ્રના પ્રારંભમાં જ વિના મહેનતે પાંચ રન બન્યા હતા. પંજાબના બૅટ્સમેનો તેમની ઇનિંગ્સ દરમ્યાન પિચ પર વારંવાર દોડ્યા હોવાથી સૌરાષ્ટ્રના ખાતામાં પાંચ રન લખી નાખવામાં આવ્યા હતા. વિશ્વરાજ જાડેજા અને હાર્વિક દેસાઈ (૬૪ રન, ૬૩ બૉલ, નવ ફોર) વચ્ચે ૧૭૨ રનની ઓપનિંગ ભાગીદારી થઈ હતી જે પંજાબને ભારે પડી હતી, કારણકે સૌરાષ્ટ્રના બન્ને ઓપનરે જીતનો બહુ મજબૂત પાયો નાખી આપ્યો હતો. સૌરાષ્ટ્રનો સ્કોર ૧૨૦ રન હતો ત્યારે વિશ્વરાજને જીવતદાન મળ્યું હતું. ૧૭૨ રનના સ્કોર પર હાર્વિક દેસાઈની વિકેટ પડ્યા પછી પ્રેરક માંકડ (બાવન અણનમ, ૪૯ બૉલ, સાત ફોર) સાથે વિશ્વરાજે ૧૨૧ રનની અતૂટ ભાગીદારી કરી હતી. પંજાબના સાતમાંથી એકમાત્ર ગુરનૂર બ્રારને એક વિકેટ મળી હતી.

# મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના હસ્તે ભાવનગરમાં રૂ.૧૫૬ કરોડથી વધુના ૨૩ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત-લોકાર્પણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ભાવનગરમાં મહાનગરપાલિકા (ઇખઈ) દ્વારા આયોજિત વિવિધ વિકાસ કાર્યોના ખાતમુહૂર્ત તથા લોકાર્પણ કર્યું હતું. શહેરના ઝવેરચંદ મેઘાણી ઓડિટોરિયમમાં આયોજિત આ કાર્યક્રમમાં ભાવનગર શહેરના વિવિધ વિસ્તારોમાં રોડ, ડ્રેનેજ, વોટર સપ્લાય, સ્ટ્રીટ લાઈટ અને અન્ય મૂળભૂત સુવિધાઓના વિકાસ કાર્યોના ખાતમુહૂર્ત અને લોકાર્પણનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનાથી શહેરના નાગરિકોને વધુ સારું જીવનધોરણ મળશે. બપોરે ૪ આસપાસ જવાહર મેદાન ખાતે કેન્દ્ર અને રાજ્ય સરકારના સહયોગથી ભાવનગર-બોટાદ જિલ્લાના ૨૭૦૦ જેટલા દિવ્યાંગ મિત્રોને આત્મનિર્ભર બનાવવા માટે સાધન સહાય પૂરી પાડવામાં આવી હતી.

આ પ્રસંગે મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે ભાવનગર માત્ર સંસ્કારી નગરી જ નહીં પરંતુ ઇતિહાસ, ઉદ્યોગ અને શિક્ષણનું વાઇબ્રન્ટ કેન્દ્ર છે. ભાવનગરની આ સમૃદ્ધ વિરાસત પાછળ રાજવી શ્રી કૃષ્ણકુમારસિંહજીની દીર્ઘદ્રષ્ટિ રહેલી છે, જેમણે સૌપ્રથમ



ભાવનગર સ્ટેટને દેશહિત અને અખંડ ભારત માટે સરદાર વલ્લભભાઈ પટેલને સોંપવાની ઐતિહાસિક પહેલ કરીને રાષ્ટ્રીય એકતામાં અમૂલ્ય યોગદાન આપ્યું હતું.ભાવનગરમાં શિપ બ્રેકિંગ, શિપ રિસાયકલિંગ યાર્ડ તેમજ દેશના પ્રથમ સી.એન.જી. ટર્મિનલ જેવા મહત્વના પ્રોજેક્ટ્સ સાકાર થયા છે, જેના કારણે ગુજરાતની વાઇબ્રન્ટ વિકાસયાત્રાને નવી ગતિ મળી છે.

ભાવનગર મહાનગરપાલિકા આ વિઝનને અનુરૂપ વિશ્વાસ અને વિકાસ સાથે આગળ વધી રહી છે. આજે રૂ.૧૫૬ કરોડથી વધુના કુલ ૨૩ વિકાસકાર્યો દ્વારા પીવાના પાણીની સુવિધા, ટ્રાફિક અને પરિવહન વ્યવસ્થા, પર્યાવરણ અને સ્વચ્છતા તેમજ સામાજિક અને સાંસ્કૃતિક વિકાસ ક્ષેત્રે નાગરિકોને વિશાળ લાભ મળશે.

શહેરી વિકાસ વર્ષની ઉજવણી અંતર્ગત ભાવનગર મહાનગરપાલિકાએ વધુ સારી નાગરિક સેવાઓ, સિટિઝન એન્ગેજમેન્ટ ગવર્નન્સ, કનેક્ટિવિટી, સસ્ટેનેબલ અર્બન પ્લાનિંગ, હાઉસિંગ ફોર ઓલ અને લાઈવલીહૂડ પ્રમોશન જેવા મુદ્દાઓને વિકાસ રોડમેપમાં સમાવ્યા છે, જેના માટે મહાનગરપાલિકાની ટીમને મુખ્ય પ્રધાને અભિનંદન પાઠવ્યા હતા.

સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાને ગેમ ચેન્જર ગણાવતા તેમણે જણાવ્યું કે રાજ્યભરમાં અત્યાર સુધી રૂ. ૬૬ હજાર કરોડથી વધુની ફાળવણી કરવામાં આવી છે, જ્યારે માત્ર છેલ્લા ચાર વર્ષમાં ભાવનગર મહાનગરને રૂ. ૯૫૪ કરોડ જેટલી રકમ વિકાસલક્ષી કામો માટે ફાળવવામાં આવી છે. મુખ્ય પ્રધાને વધુમાં જણાવ્યું હતું કે, તાજેતરમાં રાજકોટ ખાતે યોજાયેલી સૌરાષ્ટ્ર-કચ્છ ટ્રૠ્છ્ઈ માં ભાવનગર શહેર અને જિલ્લાના પોટેન્શિયલને ધ્યાનમાં રાખીને રૂ. ૬૦ હજાર કરોડથી વધુના રોકાણ માટે ૩૦૬ એમ.ઓ.યુ. થયા છે. આ ઉદ્યોગોથી ભવિષ્યના શહેરીકરણને અવસર તરીકે અપનાવી ભાવનગર સિટિઝન સેન્ટ્રિક ગવર્નન્સની દિશામાં અગ્રેસર રહેશે. ■

## ગાંધીધામની આવકવેરા કચેરી નજીકથી સિંગલ બેરલ પિસ્ટલ અને જીવતા કારતૂસ સાથે યુવક ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: આગામી પ્રજાસતાક પર્વને અનુલક્ષીને ભારતની વિવિધ સુરક્ષા એજન્સીઓ અત્યારે હાઈ એલર્ટ પર છે ત્યારે નાપાક દેશને અડીને આવેલા સીમાવર્તી જિલ્લા કચ્છમાંથી મારક હથિયારો પકડાવવાનો વણથંભ્યો સિલસિલો યથાવત્ રહ્યો છે. ગાંધીધામમાં આવકવેરા કચેરી નજીકના માર્ગ પરથી પગપાળા જતા એક શખ્સને સ્થાનિક પોલીસે પકડી પાડી તેની પાસેથી એક સિંગલ બેરલ પિસ્ટલ તથા બે જીવંત કાર્ટિસ જપ્ત કર્યા હતા.

પ્રાપ્ત માહિતી મુજબ, એક યુવક શહેરમાં લોડેડ પિસ્ટલ સાથે ફરતો હોવાની મળેલી પૂર્વ બાતમીના આધારે હરકતમાં આવેલી પોલીસે આવકવેરા કચેરી નજીક પગપાળા જઈ રહેલા, ખારીરોહરના મુસ્તાક જુસબ કટિયા નામના યુવકને અટકમાં લઇ, તલાશી લેવાતાં રૂ.૧૦,૨૦૦ની પરવાના વિનાની પિસ્ટલ તથા બે જીવંત કાર્ટિસ મળ્યા હતા.

તેણે આ અગ્નિશાત્ર મોરબીના ઝિંઝુડા ગામના ઈશાક જામ નામના શખ્સ પાસેથી વેચાતું લીધું હોવાનું પ્રાથમિક પૂછપરછમાં જણાવ્યું હતું. જિલ્લા મેજિસ્ટ્રેટના હથિયાર બંધી જાહેરનામાનો ભંગ કરનારા આ બંને આરોપીઓ વિરુદ્ધ આર્મ્સ એક્ટ કલમ તથા જી.પી. એક્ટની કલમ તળે ગુનો નોંધી, આગળની તપાસ હાથ ધરવામાં આવી છે. ■

## ભાવનગરમાં યુવાન ઉપર પાંચ શખ્સોએ છરી અને અન્ય હથિયારો હુમલો કરતા યુવાનની હત્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: શહેરના કુંભારવાડા વિસ્તારમાં હત્યાનો બનાવ સામે આવ્યો છે. એક્ટિવા ન આપવા જેવી સામાન્ય બાબતે થયેલી બોલાચાલી ઉગ્ર બનતા પાંચ શખસે યુવાન પર છરી અને ધારિયા વડે હુમલો કરી મોતને ઘાટ ઉતાર્યો હતો. યુવકને છાતી, પડખામાં છરી અને માથામાં ધારિયાનો ઘા મારતા ઢળી પડ્યો હતો. ખૂનના આ બનાવની પ્રાપ્ત થતી માહિતી મુજબ ભાવનગર શહેરના કુંભારવાડા વિસ્તારમાં આવેલા ગુજરાત હાઉસિંગ બોર્ડ, ક્વાર્ટર નંબર ૬૩ સામે રહેતા સાહિલ જાહિદભાઈ સૈયદ ઉ. વ. ૨૩ નામના યુવાનની નજીવી બાબતે નિર્મમ હત્યા કરવામાં આવી છે. આ મામલે મૃતકના દાદાના દીકરા (ભાઈ) મોઈનભાઈ રસુલભાઈ સૈયદ દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી છે. ફરિયાદ મુજબ રાત્રિના સાડા બાર વાગ્યાના સમયે કાકા જાહીદભાઈના ઘરની નજીક હોબાળો થતા તેઓ ત્યાં પહોંચ્યા હતા. જ્યાં શેરીમાં રહેતા નદીમ મનસુરભાઈ સોરઠીયા, સલીમ કાસમભાઈ સોરઠિયા અને સાહિલ રસૂલભાઈ શાહ સહિતના સાહિલ પર હુમલો કરતા જોવા મળ્યા હતા. નદીમ અને સલીમ પાસે છરી, જ્યારે સાહિલ શાહ પાસે ધારિયું હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. ગંભીર રીતે લોહીલુહાણ બનેલા સાહિલને પહેલા રિક્ષામાં અને બાદમાં ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સર ટી હૉસ્પિટલ લઈ જવાયો હતો, જ્યાં ફરજ પરના તબીબે તપાસ બાદ તેને મૃત જાહેર કર્યો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલાસો થયો છે કે, આરોપી નદીમ દ્વારા એક્ટિવા માગવામાં આવી હતી અને ઇનકાર કરતા આ ઝઘડો હત્યામાં ફેરવાયો હતો.

હત્યાના આ બનાવની જાણ થતા બોરતળાવ પોલીસનો કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો અને તપાસ હાથ ધરી હતી. પાંચ પોલીસે આ બનાવમાં સંડોવાયેલા નદીમ મનસુરભાઈ સોરઠિયા, સલીમ કાસમભાઈ સોરઠિયા, સાહિલ રસૂલભાઈ શાહ, શાહનવાજ સલીમભાઈ સોરઠિયા તથા સિદીક સલીમભાઈ સોરઠીયા વિરુદ્ધ ગુનો નોંધી તમામ આરોપીઓને ઝડપી લેવા તજવીજ હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ભાવનગરમાં છેલ્લા ૧૪ દિવસમાં હત્યાનો આ ત્રીજો બનાવ છે. ■

## મુંદરાના એક ગામમાં પેટિયું રળવા આવેલા ઝારખંડના શ્રમિક પરિવારની છ વર્ષની માસૂમ બાળાને નરાધમે પીંખી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના મુંદરા તાલુકાનાં એક ગામ ખાતે કાર્યરત ખાનગી એકમમાં મજૂરી કરતા શ્રમિક પરિવારની ઘરે એકલી રહેલી છ વર્ષની માસૂમ બાળા પર નરાધમ શખ્સે દુષ્કર્મ આચરી, ગંભીર ઈજા પહોંચાડયાનો ઘૃણાસ્પદ બનાવ બહાર આવતાં ભારે ચકચાર પ્રસરી હતી. અત્યંત શરમજનક બનાવ અંગે મુંદરા મરીન પોલીસ મથકે ભોગ બનનાર બાળકીના પિતાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યા અનુસાર, તેઓ ઝારખંડથી પેટિયું રળવા માટે કચ્છ આવ્યા હતા અને મુંદરા તાલુકાની એક જાણીતી કંપનીની લેબર કોલોનીમાં રહીને મજૂરીકામ કરે છે. પિતા અને માતા ગત તા. ૧૨-૧ના રોજ નિત્યકર્મ મુજબ મજૂરીકામ અર્થે કંપનીમાં ગયા હતા ત્યારે બાજુમાં રહેતા આરોપી મનીષકુમારે ફરિયાદીની છ વર્ષની સગીરવયની પુત્રીની એકલતાનો લાભ લઈ તેની સાથે દુષ્કર્મ ગુજારી, શારીરિક-માનસિક ઈજા પહોંચાડી હતી. ફરિયાદ બાદ હરકતમાં આવેલી મુંદરા મરીન પોલીસે ૨૬ વર્ષીય મનીષકુમાર માંઝી (રહે. મૂળ બિહાર)ને ઝડપી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. ઓળખ પરેડ બાદ તેની વિધિવત્ ધરપકડ કરાશે તેમ આ ઘૃણાસ્પદ કિસ્સાના તપાસકર્તા પી.આઈ. પી.કે.એ જણાવ્યું હતું. ■



મહારાષ્ટ્રમાં યોજાયેલી મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન સહિતની ૨૯ મહાનગરપાલિકાની ચૂંટણી પૈકી ૨૫ કોર્પોરેશનોમાં ભાજપ અને તેનું ગઠબંધન વિજયી થતાં રાજકોટના કમલમ કાર્યાલય ખાતે કાર્યકરોએ વિજયોત્સવની ઉજવણી કરી હતી.. (તસ્વીરઃ પ્રવિણ સેદાણી, રાજકોટ)

## મુંદરામાં ભારત-ન્યૂઝીલેંડ વચ્ચે રમાતી ક્રિકેટ મેચ ઉપર સટ્ટો રમતો યુવક પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: વિવિધ ક્રિકેટ મેચની ટૂર્નામેન્ટ પર રમવામાં આવતો સટ્ટો હવે જાણે બારમાસી બની ગયો હોય તેમ કચ્છના બંદરીય મુંદરા ખાતે મોબાઈલ ફોન પર ભારત અને ન્યૂ ઝીલેન્ડ વચ્ચે રમાઈ રહેલી ક્રિકેટ મેચ પર ઓનલાઇન સટ્ટેબાજી કરી રહેલો શખ્સ સ્થાનિક ગુનાશોધક શાખાના હાથે ઝડપાઇ ગયો હતો. પ્રાપ્ત વિગતો મુજબ, બહોળી પરપ્રાંતીયોની વસ્તી ધરાવતા મુંદરા વિસ્તારમાં એલસીબીની ટુકડી પેટ્રોલિંગમાં હતી એ વેળાએ મળેલી પૂર્વ બાતમીનાં પગલે બારોઇ રોડ પર એક્સિસ બૅન્કની શાખા સામે આવેલી સાંકડી શેરીમાં ઊભેલા અજય દિનેશ રાઠોડ (રહે. મુંદરા, મૂળ અમરેલી)ને ઝડપી તેના મોબાઈલ ફોનની તપાસ કરતાં તે ભારત-ન્યૂઝીલેન્ડ વચ્ચે રમાતી ક્રિકેટ મેચ ઉપર એક સોફ્ટવેર મારફત હાર-જીતનો જુગાર રમી-રમાડતો હતો. તેના એપમાં બેલેન્સ રૂ. ૧૩,૪૦૦ તથા એક મોબાઇલ કિં. રૂ.૫૦૦૦ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી, મુંદરા પોલીસ મથકે જુગાર ધારા તળે તેની સામે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરાઇ હતી. ■

## ગોહિલવાડ રાજપૂત સમાજ દ્વારા ભૂપેન્દ્ર પટેલ અને જીતુ વાઘાણીનો અભિવાદન સમારોહ યોજાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને કૃષિ પ્રધાન જીતુભાઈ વાઘાણીના સન્માનમાં ભાવનગરના અટલ બિહારી વાજપેયી ઓડિટોરીયમ ખાતે મનહરકુંવરબા રાજપૂત વિદ્યા સંકુલ, મહારાજા કૃષ્ણકુમારસિંહજી શૈક્ષણિક સંકુલ (વરતેજ) તથા સમગ્ર ગોહિલવાડ રાજપૂત સમાજના સંયુક્ત ઉપક્રમે ભવ્ય અભિવાદન સમારોહ યોજાયો હતો.

આ પ્રસંગે ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, વિશ્વનેતા વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આપેલો દેવથી દેશનો મંત્ર રાજપૂત ક્ષત્રિય સમાજે સદીઓથી આત્મસાત કર્યો છે. સોમનાથ માટે શહીદ થયેલા વીર હમીરજી ગોહિલ, સોમનાથ મંદિરના પુનર્નિર્માણમાં જામ સાહેબ દિગ્વિજયસિંહજીનું યોગદાન તથા ભાવનગરના પ્રજાવત્સલ રાજવી શ્રી કૃષ્ણકુમારસિંહજીનું દેશહિત માટેનું સમર્પણ ઇતિહાસમાં અમર છે.

મુખ્ય પ્રધાને ઉમેર્યું હતું કે, શ્રી કૃષ્ણકુમારસિંહજીએ દેશ માટે રાજ્ય સમર્પણ કરનાર પ્રથમ રાજવી તરીકે અનોખું સ્થાન મેળવ્યું છે. બ્રાઝિલને ગીર ગાયની ઓલાદ ભેટ આપીને તેમણે ઉદારતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે, જે આજે પણ ત્યાં પ્રતિમાના રૂપે સ્મરણમાં છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, નવાનગર-જામનગરના મહારાજા રાજેન્દ્રસિંહજી દેશના પ્રથમ ચીફ ઓફ આર્મી સ્ટાફ રહ્યા છે, જ્યારે ક્રિકેટ ક્ષેત્રે રણજીતસિંહજી, દુલીપસિંહજી અને રવિન્દ્રસિંહ જાડેજા જેવા રત્નો રાજપૂત સમાજે આપ્યા છે. સૌરાષ્ટ્ર-ગોહિલવાડની ભૂમિ શૌર્ય, સાહસ અને ઉદ્યમશીલતાની પરંપરાથી ઝળહળે છે. ■

## અંજારના મેઘપર (કુંભારડી)માં વીજ થાંભલામાં ફસાયેલા પતંગને લોખંડના સળિયા વડે કાઢવા જતાં લાગેલા કરંટથી યુવાને જીવ ખોયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ઉત્તરાયણ પર્વ દરમ્યાન કચ્છના અંજાર તાલુકાનાં મેઘપર કુંભારડીના મકલેશ્વરનગર-૧માં વીજ થાંભલામાંથી પતંગ કાઢવાની કોશિશ કરી રહેલા ભૂમિકગિરિ નીલેશગિરિ ગોસ્વામી (ઉં.વ.૨૦)નું જોરદાર વીજ આંચકો લાગતાં મોત થયું હતું.

પોલીસ કંટ્રોલ રૂમ પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ, અંજાર તાલુકાનાં મેઘપર કુંભારડી ખાતેના મકલેશ્વરનગર-૧માં મકરસંક્રાંતિના તહેવાર ટાંકણે કરુણાંતિકા બની હતી, જેમાં ભૂમિકગિરિ ગોસ્વામી તેના ઘરની અગાશી પર પતંગ ઉડાડી રહ્યો હતો, ત્યારે ઘરની સામેના વીજ થાંભલામાં અટવાઇ ગયેલા તેના પતંગને લોખંડના સળિયા વડે કાઢવાનો પ્રયત્ન કરવા જતાં જોરદાર વીજશોક લાગતાં સારવાર મળે તે પહેલાં જ તેનો જીવનદીપ બુઝાઈ ગયો હતો. મકરસંક્રાંતિના મહાપર્વ નિમિત્તે યુવાનના અકાળ મોતને પગલે પંથકમાં ભારે ગમગીની પ્રસરી હતી. ■

## અમરેલી આરટીઓ કચેરીમાં બિનઅધિકૃત વ્યક્તિઓના પ્રવેશ પર નવ માર્ચ સુધી પ્રતિબંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમરેલી સ્થિત સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી ખાતે અરજદારોને ગેરમાર્ગે દોરતા એજન્ટો અને બિનઅધિકૃત વ્યક્તિઓ પર લગામ કસવા માટે વહીવટી તંત્ર દ્વારા કડક નિર્ણય લેવામાં આવ્યો હતો. અમરેલીના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા બહાર પાડવામાં આવેલા એક જાહેરનામા અનુસાર, કચેરીમાં વાજબી કામ સિવાય આવતા તમામ બિનઅધિકૃત ઈસમો કે ટોળીઓના પ્રવેશ પર તાત્કાલિક અસરથી પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. ખાસ કરીને જાહેર જનતા અને અરજદારોને લાલચ આપી ગેરમાર્ગે દોરતી પ્રવૃત્તિઓ ડામી દેવા માટે આ પગલું લેવાયું છે, જે આગામી નવ માર્ચ, ૨૦૨૬ સુધી અમલી રહેશે.

આ હુકમનો ભંગ કરનાર કોઈપણ વ્યક્તિ સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે અને તે સજાને પાત્ર ઠરશે. આ જાહેરનામાના અમલીકરણ માટે સહાયક મોટર વાહન નિરીક્ષક (વર્ગ-૩) કે તેથી ઉપરનો હોદ્દો ધરાવતા કર્મચારીઓ તેમજ જિલ્લાના હેડ કોન્સ્ટેબલ કે તેથી ઉપરની રેન્કના પોલીસ અધિકારીઓને ફરિયાદ નોંધવા માટે અધિકૃત કરવામાં આવ્યા છે. વહીવટી તંત્રના આ નિર્ણયથી આરટીઓ કચેરીમાં થતી વચેટીયાઓની દખલગીરી ઘટશે અને વહીવટમાં વધુ પારદર્શિતા આવશે તેવી અપેક્ષા રાખવામાં આવી છે. ■

## ચલાલા નગરપાલિકામાં સર્વાનુમતે નવા પ્રમુખની વરણીથી પ્રમુખપદના વિવાદનો અંત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમરેલી જિલ્લાની ચલાલા નગરપાલિકામાં છેલ્લા લાંબા સમયથી ચાલી રહેલા રાજકીય વિવાદનો આખરે સુખદ અંત આવ્યો હતો. પૂર્વ પ્રમુખ નયનાબેન વાળા સામે ભાજપના જ સભ્યોની નારાજગી અને અવિશ્વાસની દરખાસ્તની સ્થિતિ વચ્ચે તેમના રાજીનામા બાદ નવા પ્રમુખની વરણી કરવામાં આવી હતી. પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં ૨૪માંથી હાજર રહેલા ૧૮ સભ્યોએ ભૂમિબેન જયરાજભાઈ વાળાના નામ પર મહોર મારતા તેઓ સર્વાનુમતે પ્રમુખ તરીકે ચૂંટાઈ આવ્યા હતા. આ વરણી બાદ ધારાસભ્ય જે.વી. કાકડિયાની ઉપસ્થિતિમાં કાર્યકરોએ ફૂલહાર અને મોં મીઠા કરાવી નવા પ્રમુખને વધાવ્યા હતા.

નવનિયુક્ત પ્રમુખના પ્રતિનિધિ જયરાજ વાળાએ આ તકે પ્રદેશ ભાજપ નેતૃત્વ અને ધારાસભ્યનો આભાર માનતા જણાવ્યું હતું કે, તેમના પર મૂકવામાં આવેલા વિશ્વાસને તેઓ સાર્થક કરશે. તેમણે આગામી દિવસોમાં ચલાલા શહેરના વિકાસનાં અધૂરાં કામો વહેલી તકે પૂર્ણ કરવાની અને તમામ ૨૪ સભ્યોને સાથે રાખીને નિષ્ઠાપૂર્વક જવાબદારી નિભાવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. ■

## મોરબીમાં ઉત્તરાયણની રાત્રે દીકરીના પ્રેમસંબંધમાં લગ્નની વાત કરતાં વૃદ્ધની કરપીણ હત્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મોરબીના મયુર બ્રિજ (પાડા પુલ) નીચે ઝૂંપડામાં રહેતા બે પરિવારો વચ્ચે ઉત્તરાયણની રાત્રે લગ્નની વાતને લઈને હિંસક અથડામણ થઈ હતી, જે બાદમાં હત્યામાં પરિણમી હતી. બનાવની વિગત મુજબ, બુધવારે રાત્રે જ્યારે પરિવારો તાપણું કરીને બેઠા હતા, ત્યારે અજય રમેશ હઠીલા નામનો યુવક ત્યાં પહોંચ્યો હતો અને કાસુ હોથી ચાડમિયાની દીકરી સાથેના પ્રેમસંબંધ અંગે લગ્ન કરવાની દરખાસ્ત મૂકી હતી. આ વાત સાંભળી પિતા કાસુ અને પુત્ર મનોજ ઉશ્કેરાઈ જતાં બોલાચાલી થઈ હતી.

વિવાદ વકરતા અજયે તેના ત્રણ સાથીઓને બોલાવી કાસુ અને મનોજ પર પથ્થર અને લાકડાના ધોકા વડે હુમલો કર્યો હતો. હુમલાખોરો ૬૦ વર્ષીય વૃદ્ધ કાસુને ઢસડીને બાવળની જાળીમાં લઈ ગયા હતા અને સાથળના ભાગે તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી દેતા ગંભીર ઈજાઓને કારણે તેમનું કરુણ મોત નીપજ્યું હતું. આ ઘટના અંગે મોરબી બી-ડિવિઝન પોલીસ મથકે બંને પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવી હતી. પ્રથમ પક્ષે મૃતકના પુત્ર મનોજે અજય હઠીલા અને તેના ત્રણ સાથીઓ વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધાવ્યો હતો, જેના આધારે પોલીસે આરોપીઓને ઝડપી લેવા તજવીજ હાથ ધરી હતી. બીજી તરફ, સામા પક્ષે અજય હઠીલાએ હૉસ્પિટલના બિછાનેથી મનોજ અને મૃતક કાસુ સહિત પાંચ શખ્સો સામે મારામારીની ફરિયાદ નોંધાવી છે. ■

## રાજકોટ મનપાના રૂ. ૩૬૦ કરોડના સાત કિંમતી પ્લોટની આજથી ઇ-હરાજી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના વિવિધ પોશ વિસ્તારોમાં આવેલા અંદાજે રૂ. ૩૬૦ કરોડની કિંમતના કુલ સાત પ્લોટની ઇ-હરાજી પ્રક્રિયા આજથી શરૂ કરવામાં આવશે. આ નાણાકીય કટોકટીને પહોંચી વળવા માટે તાજેતરમાં સ્ટેન્ડિંગ કમિટીએ મ્યુનિસિપલ કમિશનરને રૂ. ૨૦૦ કરોડની લોન લેવા માટે પણ અધિકૃત કર્યા હતા. મનપાને આશા છે કે આ પ્લોટના વેચાણથી અંદાજે રૂ. ૫૦૦ કરોડ જેટલી જંગી આવક થઈ શકે છે, જે વધતા જતા મહેસૂલી અને પગાર ખર્ચને પહોંચી વળવામાં મોટો ટેકો સાબિત થશે.

હરાજીના કાર્યક્રમ મુજબ, પ્રથમ તબક્કામાં શનિવારે ચાર પ્લોટનું ઇ-ઓક્શન યોજાશે, જેમાં શહેરના સૌથી પોશ ગણાતા અમીન માર્ગ કોર્નર અને ૧૫૦ ફૂટ રિંગ રોડના પ્લોટ આકર્ષણનું કેન્દ્ર રહેશે. આ પ્લોટ માટે પ્રતિ ચોરસ મીટર રૂ. ૨,૦૦,૦૦૦ની સર્વોચ્ચ અપસેટ પ્રાઈસ નક્કી કરવામાં આવી છે. જ્યારે સૌથી ઓછી કિંમત રેલનગર વિસ્તારના પ્લોટ માટે રૂ. ૪૫,૦૦૦ રાખવામાં આવી છે. બીજા તબક્કામાં ૧૯ જાન્યુઆરી, સોમવારના રોજ મોરબી રોડ અને રેલનગર વિસ્તારના પ્લોટ માટે બોલી લગાવવામાં આવશે. રૈયા મેઈન રોડ, મવડી ફિલ્ડ માર્શલ રોડ અને એચસીજી હોસ્પિટલ રોડ જેવા લોકેશન પર આવેલા આ પ્લોટ કુલ ૩૫,૦૦૦ ચોરસ મીટર જેટલી જગ્યા ધરાવે છે.

મનપાએ ચાલુ વર્ષના બજેટમાં જમીન વેચાણ દ્વારા રૂ. ૭૪૦ કરોડની આવકનો લક્ષ્યાંક રાખ્યો છે. જોકે વર્તમાન પરિસ્થિતિમાં આ લક્ષ્યાંક પૂરો કરવો પડકારજનક છે, પરંતુ જો આ સાત પ્લોટની હરાજી સફળ રહે તો તંત્રને મોટી રાહત મળશે. શહેરમાં વેરા વસૂલાત માટે આકરી સીલિંગ ઝુંબેશની સાથે સાથે જમીન સંપાદન દ્વારા ભંડોળ એકત્ર કરવાની આ યોજના પર હવે બિલ્ડર લોબી કેવો પ્રતિસાદ આપે છે તેના પર મનપાની આર્થિક સ્થિતિનો ઘણો મોટો મદાર ટકેલો છે. ■

## સ્થાનિક સ્વરાજની ચૂંટણી પૂર્વે રાજકોટ કૉંગ્રેસ શહેર-જિલ્લામાં નવા હોદ્દેદારોની નિમણૂક

અમદાવાદ: આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને રાજકોટ શહેર અને જિલ્લા કોંગ્રેસ દ્વારા સંગઠનનું નવું અને વિસ્તૃત માળખું જાહેર કરવામાં આવ્યું હતું. પ્રદેશ પ્રમુખની સૂચનાથી જાહેર કરાયેલા આ 'જમ્બો માળખા'માં તમામ જ્ઞાતિ-સમીકરણોને સાચવવાનો પ્રયાસ કરાયો છે. વર્ષો પછી શહેર પ્રમુખ બદલાયા બાદ પ્રથમ વખત આ પ્રકારે નવા હોદ્દેદારોની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી. શહેર કોંગ્રેસ પ્રમુખ દ્વારા જાહેર કરાયેલા માળખામાં ૯ ઉપપ્રમુખ, ૨૧ મહામંત્રી અને ૩૫ મંત્રીઓની નિમણૂક કરવામાં આવી હતી. ઉપપ્રમુખ તરીકે નીતિન ભંડેરી, હાજી ઓડિયા અને ડો. યજ્ઞેશ જોશી સહિતના પાયાના નેતાઓને જવાબદારી સોંપવામાં આવી હતી, જ્યારે મહામંત્રી અને મંત્રી પદે પણ વિવિધ સમાજના પ્રતિનિધિઓની પસંદગી કરવામાં આવી હતી. આ નવી ટીમ દ્વારા રાજકોટ મહાનગરપાલિકાના વોર્ડ સ્તરે પક્ષની પકડ મજબૂત કરવા માટે રણનીતિ ઘડવામાં આવશે. ■